

# ન્યુઝ 4 કચ્છ

'વાત કચ્છીયતની'

**સુવિચાર**
અનુમાન આપણા મનની કલ્પના છે, અને અનુભવ આપણા જીવનનો પાઠ છે!

RNI No. GujGuj/2023/87263 | તંત્રી : જય દિનેશભાઈ દવે | News4Kutch Daily

News Help Line : 78 74 88 99 33 | વર્ષઃ ૦૨ અંક : ૯ તા.૨૩.૦૭.૨૦૨૪, મંગળવાર પાનાઃ ૬ કિંમતઃ રૂા.૧ રજી.ઓફિસઃ ૯, માતૃભવ, સત્યમ સોસાયટી, ભુજ(કચ્છ) ૩૭૦૦૦૧ Email: news4kutchinfo@gmail.com

Year : 02 Issue : 9 Dt. 23-07-2024, Tuesday Page : 6 Price : Rs. 1 Office : 9, Matrubhav, Satyam Society, Bhuj - Kutch 370001 Mob: 7874889933 Email : news4kutchinfo@gmail.com


# સત્રનો પ્રથમ દિવસ તોફાની : આજે ત્રીજા કાર્યકાળનુ પ્રથમ 'પૂર્ણ બજેટ'

**સંસદમાં શરૂ થયેલ ચોમાસ સત્રમાં પ્રથમ દિવસે પેપર લીક સહિતના મુદ્દે ભારે ગરમ રહ્યો હતો ત્યારે આજે બીજા દિવસે મોદી સરકાર પોતાના ત્રીજા કાર્યકાળનું પ્રથમ પૂર્ણ બજેટ રજૂ કરશે, મહિલાઓ માટે મહત્વની જાહેરાત કરી શકે છે. નાણામંત્રી ૭ મોટી જાહેરાત કરે તેવી સંભાવના**

લોકસભાના ચોમાસુ સત્રના પ્રથમ દિવસે જ પેપર લીક મુદ્દે આજે સંસદમાં હોબાળો થઈ રહ્યો છે. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ નીટ પેપર લીક મુદ્દે સરકાર પર શાબ્દિક હુમલો કર્યો હતો. તેણે દેશની પરીક્ષા સિસ્ટમને જ કૌભાંડ કહી છે.વધુમાં તેમણે કહ્યું કે શિક્ષણ મંત્રી એ બાબત સમજી શક્યા નથી કે આ શું થઈ રહ્યું છે. રાહુલ ગાંધીએ મુદ્દા અંગે વાત કરતા કહ્યું કે દેશમાં લાખો વિદ્યાર્થીઓ છે, જે આ બાબતથી ચિંતિત છે. તેમને લાગે છે કે ભારતની એક્ઝામ સિસ્ટમ એક દગા સમાન છે. હાલ લોકો એવું માની રહ્યાં છે કે જો તમે ધનિક છો અને તમારી પાસે પૈસા છે તો તમે ભારતની પરીક્ષા સિસ્ટમને સરળતાથી ખરીદી શકશો.રાહુલ ગાંધીએ કહ્યું કે સમગ્ર દેશ સામે સ્પષ્ટ છે કે આપણી શિક્ષણ પ્રણાલીમાં ગંભીર ખામી છે. ફક્ત નીટમાં જ નહીં પણ તમામ મુખ્ય પરીક્ષાઓમાં ગરબડ થઈ રહી છે. મંત્રી (ધર્મેન્દ્ર પ્રધાન)એ પોતાના સિવાય બધાને દોષિત ઠેરવ્યા છે. મને નથી લાગતું કે અહીં જે કંઈ થઈ રહ્યું છે તે એના મૂળ સિદ્ધાંતો ને પણ સમજે છે. રાહુલ ગાંધીના આરોપો પર પલટવાર કરતાં શિક્ષણમંત્રી ધર્મેન્દ્ર પ્રધાને કહ્યું કે, મારૂ શિક્ષણ અને સંસ્કાર તેમજ મારૂ જાહેર



જીવનને મારા નાગરિકોની મંજૂરીની મહોર મળી છે. મારે ગૃહમાં કોઈ પ્રકારની સ્વીકૃત્તિ જોઈતી નથી.દેશના પ્રજાતંત્રે અમારા નેતા મોદીને વડાપ્રધાનની ભૂમિકા આપી છે. તેમના નિર્ણયથી હું ગૃહમાં આવ્યો છું. બૂમ-બરાડા કરવાથી સત્યને ખોટુ પુરવાર કરી શકાય નહીં. હું તમામ પ્રશ્નોના ઉત્તર આપવા બંધાયેલો છું. વિપક્ષ નેતાએ દેશની સમગ્ર પરીક્ષા સિસ્ટમને ખરાબ કહી છે, રબીશ કહી છે. આ દુર્ભાગ્યજનક નિવેદન છે. જેની હું નિંદા કરૂ છું. જેમણે રિમોટ થી સરકાર ચલાવી છે. શિક્ષણમાં સુધારા માટે કપિલ સિબ્બલ ત્રણ બિલ લાવ્યા હતા.ધર્મેન્દ્ર પ્રધાને કહ્યું કે રાહુલ ગાંધીનું નિવેદન તદ્દન ખોટું છે. તેમણે સંપૂર્ણ પરીક્ષા પદ્ધતિ પર સવાલ ન ઊઠાવવા જોઈએ. પેપર લીક થયાના કોઈ પુરાવા નથી. હાં હું એ વાત સ્વીકારું છે કે અમુક જગ્યાએ ગરબડ થઈ છે.તો રાહુલ ગાંધી સાથે અખીલેશ યાદવે પણ પેપરલીક મુદ્દો ઉઠાવ્યો હતો. શરૂ થયેલું સંસદ સત્ર ૧૨ ઓગસ્ટ સુધી ચાલશે. તેમાં કુલ ૧૯ બેઠકો યોજાવાની છે. આ સમયગાળા દરમિયાન સરકાર ૬ બિલ રજૂ કરે તેવી ધારણા છે. જેમાં ૯૦ વર્ષ જૂના એરક્રાફ્ટ એક્ટને બદલવાનું બિલ અને જમ્મુ-કાશ્મીરના બજેટ માટે સંસદની મંજૂરીનો પણ સમાવેશ થાય છે. બિલની રજૂઆત દરમિયાન વિપક્ષ તરફથી હોબાળો પણ જોવા મળી શકે છે.નાણામંત્રી નિર્મલા સીતારમણે લોકસભામાં આર્થિક સરવે રજૂ કર્યો. આ દરમિયાન તેમણે કહ્યું કે વેપારમાં સુગમતા લાવવા માટે અનેક પગલાં લેવાયા છે. કોંગ્રેસ સાંસદ મણિકમ ટાગોરે જણાવ્યું હતું કે, બજેટ ૨૦૨૪, આર્થિક સર્વેક્ષણમાં સીતારમણે બેરોજગારી, ફુગાવો અને અસમાનતા વિશે ચોક્કસપણે સંબોધિત કરવું જોઈએ. છેલ્લા દસ વર્ષથી સરકાર સામાન્ય નાગરિકને અવગણતી આવી છે.



**વિપક્ષે છેલ્લા સત્રમાં મારૂ ગળું દબાવ્યું : પીએમ**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમના ત્રીજા કાર્યકાળમાં પ્રથમ બજેટ રજૂ કરતા પહેલા સોમવારે મીડિયાને સંબોધિત કર્યું. મોદીએ બજેટ સત્ર દરમિયાન સરકારના એજન્ડા પર વાત કરી હતી. તેમણે કહ્યું કે આ બજેટ આગામી પાંચ વર્ષ માટે દિશા નિર્ધારિત કરશે અને ૨૦૪૭માં વિકસિત ભારતના સપનાને સાકાર કરવાનો પાયો નાખશે.મોદીએ જૂનમાં સરકાર બનાવ્યા બાદ લોકસભાના પ્રથમ સત્રમાં વિપક્ષના હંગામાની પણ ટીકા કરી હતી. તેમણે કહ્યું કે સંસદ પાર્ટી માટે નથી,પરંતુ દેશ માટે છે. પ્રથમ સત્રમાં ૧૪૦ કરોડ દેશવાસીઓ દ્વારા બહુમતીથી ચૂંટાયેલી સરકારનો અવાજ દબાવવાનો અલોકતાંત્રિક પ્રયાસ કરવામાં આવ્યો હતો.વિપક્ષે પોતાની નિષ્ફળતા છુપાવવા માટે સંસદના સમયનો ઉપયોગ કર્યો. દેશના વડાપ્રધાનનું ગળું દબાવવાનો પ્રયાસ કર્યો. અઢી કલાક સુધી મારો અવાજ દબાવવાનો પ્રયાસ કર્યો. લોકતાંત્રિક પરંપરાઓમાં આવા વર્તન માટે કોઈ સ્થાન હોઈ શકે નહીં. આ માટે કોઈ પસ્તાવો પણ નથી.વડાપ્રધાને બજેટ પર વાત કરતા કહ્યુ કે હું દેશવાસીઓને જે ગેરંટી આપી રહ્યો છું તેને લાગુ કરવાના ઉદ્દેશ્ય સાથે અમે આગળ વધી રહ્યા છીએ. આવતીકાલે અમે જે બજેટ રજૂ કરીશું તે અમૃતકાલનું મહત્વનું બજેટ હશે.

## આજે દેશનુ ભવિષ્ય નક્કી કરશે બજેટ

નાણામંત્રી નિર્મલા સીતારમણ ૨૩ જુલાઈએ સતત સાતમી વખત બજેટ રજૂ કરશે. આ બજેટ રજૂ કરતાંની સાથે જ નિર્મલા સીતારમણ પહેલાં મહિલા નાણામંત્રી બની જશે.નાણા મંત્રી સામે એવું બજેટ કરવાનો પડકાર છે, જે મોંઘવારી અને બેરોજગારી જેવી સમસ્યાને ઘટાડી શકે. સાથે જ ઈકોનોમીની સ્પીડમાં પણ તેજી લાવવાનું કામ કરે.મોદી સરકારના ત્રીજા કાર્યકાળના પહેલા બજેટમાં મધ્યમ વર્ગને ટેક્સમાં છૂટની ભેટ મળે તેવી આશા છે. તો નોકરિયાત વર્ગને આશા છે કે નાણામંત્રી આ વખતના બજેટમાં ઈક્મ ટેક્સમાં ઘટાડા તરીકે મોટી રાહત આપી શકે છે આ વખતના બજેટમાં મધ્યમ વર્ગને ખુશ કરવા માટે ટેક્સમાં છૂટ આપી શકે છે. ઈક્મટેક્સની મર્યાદાને ૫ લાખ રૂપિયા સુધી કરી શકે છે. સાથે જ ટેક્સ સ્લેબમાં છૂટછાટ આપીને દરેક વર્ગને રાહત આપી શકે છે. આ સમસ્યાનું સમાધાન કરીને મોદી સરકાર બીજા અનેક સેક્ટરને પણ મદદ કરશે. કેમ એફએમસીજીથી લઈને કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ સુધી તમામ ગ્રામીણ બજારો પર નિર્ભર છે. આવી જ રીતે ખેતીના ક્ષેત્રમાં પણ અનેક વિકાસલક્ષી યોજનાઓ જાહેર થઈ શકે છે.ખેડૂતોને ઉત્પાદનનું યોગ્ય મૂલ્ય મળે તે માટે એમએસપીની ખામીઓ દૂર કરી શકે છે. ઉત્પાદનની સરકારી ખરીદી કુલ ઉપજની માત્ર ૬ ટકા જ છે. કૃષિ બજારો અને ગ્રામ હાટ જેવી વૈકલ્પિક સિસ્ટમ તૈયાર કરી શકે છે. આવી સિસ્ટમથી ખેડૂતોને એમએસપી જેટલી કિંમત મળી શકે છે.પીએમ કિસાન સન્માન નિધિની રકમને ૬૦૦૦થી વધારીને ૮૦૦૦ કરવામાં આવી શકે છે. આયુષ્માન ભારતનું કવરેજ વધારવામાં આવશે. ગ્રામીણ વિસ્તારોમાં આવાસ યોજનાનો વિસ્તાર કરવામાં આવશે. મનરેગા-રોડ નિર્માણ માટે વધારે રકમ આપવામાં આવી શકે છે. લોકસભાની ચૂંટણીમાં યુવાઓ માટે રોજગાર પણ સૌથી મોટો મુદ્દો હતો. એવામાં સરકાર આ બજેટમાં યુવાઓ પર ખાસ ધ્યાન આપી શકે છે તો રિયલ એસ્ટેટમાં પણ મોટી રાહત મળી શકે છે. ૪૫ લાખ સુધીના મકાન પર મળનારી સબસિડીને ૬૫ લાખ સુધી કરવામાં આવે તેવી માગણી છે તો હોમ લોનના વ્યાજ દરમાં પણ ટેક્સની છૂટની મર્યાદા ૨ લાખથી વધારીને ૫ લાખ કરવામાં આવે તેવી ડિમાન્ડ છે. જ્યારે ૮૦ સીની મર્યાદા દોઢ લાખથી વધારીને અઢી લાખ કરવાની માગ છે.આ સિવાય શિક્ષણ, હોસ્પિટાલિટી અને ઓટો સેક્ટર માટે પણ બજેટમાં અનેક મોટી જાહેરાત થવાની સંભાવના છે સરકાર મહિલાઓ માટે ખાસ જાહેરાત કરી શકે છે. સરકાર દેશમાં મહિલાઓ માટે મધ્યપ્રદેશની જેમ લાડલી બહેના યોજના લાવી શકે છે. મધ્યપ્રદેશ રાજ્ય સરકાર મહિલાઓને દર મહિને ૧૨૫૦ રૂપિયા આપી રહી છે. હવે કેન્દ્ર સરકાર પણ મધ્ય પ્રદેશ સરકારની યોજના દેશભરમાં લાવી શકે છે.

## સરકારી કર્મચારીઓ RSSના કાર્યક્રમોમાં હવે જોડાઈ શકશે

નવી દિલ્હી, તા.૨૨

કેન્દ્ર સરકારે એક મોટો નિર્ણય લીધો છે. સરકારે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની પ્રવૃતિઓમાં ભાગ લેતા સરકારી કર્મચારીઓ પરનો ૫૮ વર્ષ જૂનો પ્રતિબંધ ઉઠાવી લીધો છે. હવે સરકારી કર્મચારીઓ આરએસએસની પ્રવૃતિ ઓમાં ભાગ લઈ શકશે. આ આદેશમાં કહેવામાં આવ્યું છે કે ઉપરોક્ત સુચનાઓની સમીક્ષા કરવામાં આવી છે અને નક્કી થયું છે કે ૩૦ નવેમ્બર ૧૯૬૬, ૨૫ જુલાઈ ૧૯૭૦ અને ૨૮ ઓક્ટોબર ૧૯૮૦ના સંબંધિત ઓફિસ મેમોરેન્ડમ્સમાંથી સ્વયંસેવક સંઘનો ઉલ્લેખ દૂર કરવામાં આવે.બીજી તરફ કોંગ્રેસે કેન્દ્ર સરકારના આ નિર્ણયનો ઉગ્ર વિરોધ કર્યો છે. કોંગ્રેસે રવિવારે કેન્દ્ર સરકાર દ્વારા જારી કરાયેલા નિર્ણયની આકરી ટીકા કરી છે, જેમાં ઈજીજીની પ્રવૃત્તિઓમાં ભાગ લેવા પરનો ૬ દાયકા જૂનો પ્રતિબંધ હટાવી દેવામાં આવ્યો છે.જયરામ રમેશે પોસ્ટ કર્યું આ પછી સારા આચરણની ખાતરી પરનો પ્રતિબંધ દૂર કરવામાં આવ્યો. આ પછી પણ ઈજીજીએ ક્યારેય નાગપુરમાં તિરંગો ફરકાવ્યો નથી. ૧૯૬૬ માં, RSS પ્રવૃત્તિઓમાં ભાગ લેતા સરકારી કર્મચારીઓ પર પ્રતિબંધ લાદવામાં આવ્યો હતો - અને તે યોગ્ય નિર્ણય હતો. આ પ્રતિબંધ લાદવા માટે ૧૯૬૬ માં જારી કરાયેલ સત્તાવાર આદેશ છે. ૪ જૂન, ૨૦૨૪ પછી, સ્વ-શૈલીના બિન-જૈવિક વડા પ્રધાન અને આરએસએસ વચ્ચેના સંબંધોમાં ખટાશ આવી ગઈ છે. ૯ જુલાઈ ૨૦૨૪ ના રોજ, ૫૮ વર્ષનો પ્રતિબંધ ઉઠાવી લેવામાં આવ્યો જે અટલ બિહારી વાજપેયીના વડાપ્રધાન તરીકેના કાર્યકાળ દરમિયાન પણ લાગુ હતો.

## ૧૪ ગુજરાતી વિદ્યાર્થીઓને બાંગ્લાદેશથી પરત લવાયા

બાંગ્લાદેશની પ્રવર્તમાન પરિસ્થિતિમાં ત્યાં ફસાયેલા ગુજરાતના ૧૪ વિદ્યાર્થીઓ સહીસલાતમ પરત આવી ગયા છે. બાંગ્લાદેશમાં છેલ્લા થોડા સમયથી અનાતમના મુદ્દે વિદ્યાર્થીઓ આંદોલન કરી રહ્યા હતા જે હિંસક બનતા બાંગ્લાદેશમાં અભ્યાસ માટે ગયેલા ગુજરાત સહિત અન્ય રાજ્યો અને અન્ય દેશોના વિદ્યાર્થીઓ પણ પોતપોતાના રાજ્ય કે દેશમાં પરત જઈ રહ્યા છે. જોકે, ગઈકાલે ૨૧ જુલાઈએ બાંગ્લાદેશની સુપ્રીમ કોર્ટે અનામત વધારવાનો હાઈકોર્ટનો ચુકાદો રદ કરી દેતાં હિંસક ઘટનાઓમાં ઘટાડો થઈ રહ્યો છે. દરમિયાન, ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દિશાનિર્દેશમાં રાજ્ય સરકારે વિદેશ મંત્રાલય સાથે હાથ ધરેલા તાત્કાલિક સંકલનને પરિણામે ગુજરાતના વિદ્યાર્થીઓ સહીસલામત વતન પરત આવી ગયા છે. બાંગ્લાદેશમાં સ્મ્મ્જીના અભ્યાસ માટે ગયેલા વિદ્યાર્થીઓ ત્યાં સર્જાયેલી હિંસા અને અન્ય ઘટનાઓ માંથી હેમખેમ પોતાના માતા-પિતા અને પરિવાર પાસે આવી જાય તેની વ્યવસ્થાના સંકલન માટે રાજ્યના બિન નિવાસી ગુજરાતી ફાઉન્ડેશનને તાત્કાલિક યોગ્ય સંકલન કરવા રાજ્ય સરકારે સૂચનાઓ આપી હતી. મુખ્યમંત્રીની આ સૂચનાઓના પગલે દ્વઈ૨ ફાઉન્ડેશનને બાંગ્લાદેશમાં ફસાયેલા વિદ્યાર્થીઓની વિગતો મેળવવા હેલ્પલાઈન નંબર-૯૯૭૮૪૩૦૦૭૫ જાહેર કર્યો છે. ઉપરાંત આવા વિદ્યાર્થીઓના વાલી અને પરિવારજનો તેમના પાલ્યની વિગતો આપી શકે તે માટે nrgfoundation@gujarat.gov.in – Email ID પર પણ વિગતો મંગાવવાનું શરૂ કર્યું છે.

## બિહાર: શિવના અભિષેક ગંગામાં ડૂબકી મારતા ૧૧ મિત્રો ડૂબી ગયા

બિહારના ભાગલપુરમાં સોમવારના રોજ સાવન મહિના પહેલા એક મોટો અકસ્માત થયો હતો. ભગવાન શિવનો અભિષેક કરતા પહેલા ગંગામાં સ્નાન કરવા ગયેલા અગિયાર મિત્રો અચાનક ઊંડા પાણીમાં ડૂબી ગયા. તે નસીબદાર હતું કે ડાઈવર્સે તેની નોંધ લીધી. ડાઈવર્સે ખૂબ જ મુશ્કેલીથી બધાને બહાર કાઢ્યા, પરંતુ આ દરમિયાન ચાર મિત્રોના મોત થઈ ચૂક્યા હતા. અન્ય સાત લોકોને ગંભીર હાલતમાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આ ઘટના ભાગલપુર ના નારાયણપુર બ્લોકના ભવાનીપુર ગામમાં બની હતી. માહિતી મળ્યા બાદ પોલીસ ઘટનાસ્થળે પહોંચી અને ચારેય મિત્રોના મૃતદેહનો કબજો લઈ કેસની તપાસ શરૂ કરી. પોલીસના જણાવ્યા અનુસાર તમામ ૧૧ મિત્રો નવગચિયા પોલીસ સ્ટેશન વિસ્તારના નયા ટોલા ગામના રહેવાસી હતા. બધાએ શવનના પહેલા સોમવારે ભગવાન શિવને ગંગાજળથી અભિષેક કરવાનું નક્કી કર્યું હતું. આ માટે તમામ રવિવારે રાત્રે જ પાણી ભરવા ભવાનીપુર પહોંચી ગયા હતા. સોમવારે વહેલી સવારે બધા ગંગા ઘાટ પર પાણી ભરવા આવ્યા અને સ્નાન કરવા લાગ્યા. આ દરમિયાન આલોક કુમાર નામનો યુવક લપસી પડ્યો અને ઊંડા પાણીમાં ડૂબવા લાગ્યો. બાકીના ૧૦ મિત્રોએ તેને બચાવવાનો પ્રયાસ કર્યો, પરંતુ તે બધા પાણીમાં ડૂબવા લાગ્યા. જેના કારણે ગંગા કિનારે હોબાળો મચી ગયો હતો. તે એક સારો સંયોગ હતો કે ત્યાં કેટલાક ડાઈવર્સ પણ હતા.

## ભારે વરસાદથી મુંબઈ થંભી ગયું

મુંબઈ,તા.૨૨

ભારતની આર્થિક રાજધાની મુંબઈ ભારે વરસાદને કારણે થંભી ગયું હતું. અહીં આજે સતત બીજા દિવસે વરસાદ પડી રહ્યો છે. કેટલાક વિસ્તારો માં સવારે માત્ર એક કલાક માં ૩૪ મીમી જેટલો વરસાદ નોંધાયો હતો, જેના કારણે જાહેર પરિવહન સેવાઓ ખોરવાઈ ગઈ હતી. ભારે વરસાદને કારણે ઘણી જગ્યાએ શાળાઓ બંધ કરવામાં આવી હતી. તમને જણાવી દઈએ કે, સોમવારે સવારે ૮ વાગ્યા સુધી મુંબઈમાં ઘણા સ્થળોએ છેલ્લા ૨૪ કલાકમાં ૨૦૦ મીમીથી વધુ વરસાદ નોંધાયો છે. ભારે વરસાદની ચેતવણીને કારણે વહીવટીતંત્રે મહારાષ્ટ્રના તટીય વિસ્તારમાં નાગપુર, ભંડારા, ગોંદિયા, ચંદ્રપુર અને ગઢચિરોલી જિલ્લાઓ અને રાયગઢ જિલ્લાના ચાર તાલુકાઓમાં સોમવારે શાળાઓમાં રજા જાહેર કરવામાં આવી હતી

નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સની ત્રણ ટીમો મુંબઈ અને તેના ઉપનગરોમાં ઊંચા મોજા અને ભારે વરસાદની આગાહી વચ્ચે કોઈપણ પરિસ્થિતિનો સામનો કરવા માટે મુંબઈમાં તૈનાત કરવામાં આવી છે. મ્યુનિસિપલ બોડીના જણાવ્યા અનુસાર, બપોરે ૧૨:૫૯ વાગ્યે દરિયામાં ૪.૫૯ મીટર ઊંચા મોજાં ઉછળશે. ભારતીય હવામાન વિભાગે સોમવારે સવારે ૮ વાગ્યાથી શરૂ થતા આગામી ૨૪ કલાક માટે તેની આગાહીમાં શહેર અને ઉપનગરોમાં ભારેથી અતિ ભારે વરસાદ અને કેટલાક સ્થળોએ અતિ ભારે વરસાદની આગાહી કરી છે. મલબાર અને મુલુંડ હિલમાં સવારે ૬ થી ૭ વાગ્યાની વચ્ચે ૩૪ મીમી વરસાદ નોંધાયો હતો.

## સૌરાષ્ટ્રમાં સાંબેલાધાર : દ્વારકા ફરી ડૂબ્યું !

**સૌરાષ્ટ્રમા છેલ્લા સપ્તાહથી શરૂ થયેલા ભારે વરસાદની સ્થિતી યથાવત છે. સૌરાષ્ટ્રના દ્વારકા,જુનાગઢ સહિત અનેક ગામો બેટમાં ફેરવાયા હતા અને જનજીવન અસ્તવ્યસ્ત બન્યુ છે. ત્યારે અનેક લોકોને સોમવારે સલામત ખસેડાયા હતા ત્રણ દિવસમાંજ દ્વારકા ફરી પાણીમાં ગરકાવ થયુ હતુ. રાહત-બચાવ કાર્ય પુરજોષમાં સુરતની પણ સુરત બદલાઈ**

દ્વારકા, તા.૨૨

દેવભૂમિદ્વારકાજિલ્લામાંઅતિભારે કહી શકાય એવો વરસાદ કલ્યાણપુર તાલુકામાં ખાબક્યો હતો કલ્યાણપુર માં ચાર કલાકમાં ૧૧ ઈંચ વરસાદ નોંધાવાના કારણે દ્વારકાના રોડ પર કેડ સમાં પાણી ભરાયાં હતા. વરસાદને પગલે પાણીમાં ફસાયેલા ૩ લોકોને હેલિકોપ્ટરના માધ્યમથી સુરક્ષિત રેસ્ક્યૂ કરવામાં આવ્યા હતા. ઘટનાની જાણ થતાંજદ્વારકાપ્રાંતઅધિકારી,કલ્યાણપુર મામલતદાર,નાયબમામલતદારતેમજ કલ્યાણપુર PSIએ સ્થળ પર પહોંચી ફસાયેલા નાગરિકોનાં રેસ્ક્યુ કર્યુ હતુ એક સમયે બચાવ માટે ગયેલી ટીમ પણ ફસાઈ હતી જેને સલામત ખસેડાયા હતા.કલ્યાણપુર તાલુકામાં ૧૧ ઈંચ વરસાદ પડતા જનજીવન અસ્તવ્યસ્ત બન્યુ હતુ. તાલુકાના લાંબા, ભોગાત, આસોટા વગેરે ગામોમાં પણ સાર્વત્રિક ધોધમાર વરસાદ પડતા અનેક ખેતરો નું ધોવાણ થયું હતું. ભારે વરસાદને પગલે કેટલાંક સ્થળોએ પરિસ્થિતિ નાજુક બની હતી અનેક ગ્રામ્ય વિસ્તારો બેટમાં ફેરવાઈ ગયા હતા. ભારે વરસાદના પગલે દ્વારકા -સોમનાથ હાઈવે બંધ થઇ ગયો હતો. કલ્યાણપુર તાલુકામાં ખાસ આવેલી એનડીઆરએફની ટીમના જવાનોએ મોરચો સંભાળીને બચાવ રાહત કાર્ય હાથ ધર્યું હતું.જિલ્લામાં સૌથી વધુ વરસાદ કલ્યાણપુર તાલુકામાં ૪૮ ઈંચ થી વધુ પડી ગયો છે. આ સમગ્ર મામલે સાંસદ પૂનમ માડમે જણાવ્યું હતું કે જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લાના નાગરિકોને હાલની ભારે વરસાદની સ્થિતિમાં નદી-નાળાં-ડેમથી દૂર રહેવા તેમજ પાણી ભરાયાં હોય એવા નીચાણવાળા વિસ્તારો ના લોકોએ સલામત સ્થળોએ ખસી જવા નમ્ર અપીલ છે. વધુમાં જણાવ્યું હતું કે જામ કલ્યાણપુર પંથકમાં અતિભારે વરસાદથી, પાનેલી, ટંકારિયા, કેશવપુર સહિતનાં ગામોના લોકોનાં રેસ્ક્યૂ-રિલીફ માટે તંત્ર સાથે સતત સંકલનમાં રહી એનડીઆરએફ અને એરફોર્સની ની મદદ લેવા તાકીદનું આયોજન કરાયું હોઈ લોકો નિશ્ચિંત રહે, સાથે ખૂબ જ સાવચેત પણ રહે. તેવી અપિલ કરી હતી. ઉપલેટા તાલુકા ના લાઠ ગામમાં આભ ફાટ્યું હોય તેવી સ્થિતિ ઉભી થઈ ગઈ. એક સાથે ૧૨ ઈંચ વરસાદ પડી જતા ગામ બેટ માં ફેરવાયું છે સમઢીયાળા,પીપળિયા, ટણવાવ,કલ્યાણપુર,સહિત સૌરાષ્ટ્રના અનેક ગામોમાં ભારે વરસાદને કારણે બેટમાં ફેરવાયા છે.

### સુરત બે દિવસમાં ધમરોળાયુ

સુરતમાં રવિવારે સાંજના ૬ વાગ્યાથી મેઘરાજાએ ધબધબાટી બોલાવતા ૫ ઈંચ વરસાદ ખાબક્યો હતો. જે બાદ રસ્તાઓ પાણી પાણી થઈ ગયા હતા. અને લોકોએ દરિયા જેવા દ્રશ્યો જોયા હતા. જો કે, વરસાદ બંધ થવાનું નામ ન લેતો હોય તેમ સોમવારે પણ આ મેઘ સવારી અવિરત રહી હતી.સતત ૨૨ કલાક સુધી એક જ ધારો અનરાધાર વરસાદ વરસી રહ્યો છે. આ દરમિયાન સરેરાશ ૧૦ ઈંચ જેટલો વરસાદ પડતા શહેર પાણી-પાણી થઈ ગયુ હતુ. જેને પગલે ઠેરે-ઠેર ગરનાળાઓમાં પાણી ભરાતા વાહન વ્યવહાર માટે બંધ કરવો પડ્યો હતો સોસાયટીઓ બહાર કેડસમાં પાણી ભરાયેલા હોવાથી લોકો મુશ્કેલીમાં મૂકાયા હતા વરસાદને પગલે સુરત આવતી ફ્લાઈટ મોડી પડી હતી તો સુરતના નવ તાલુકામાં ૪૮ રસ્તા બંધ થયા હતા. જેમાં બારડોલીમાં ૨૧, માંડવીમાં ૨૦, પલસાણામાં ૬ અને કામરેજમાં ૧ રસ્તા બંધ થયો હતો ધોધમાર વરસાદને લઈ શહેરના અનેક વિસ્તારોમાં પાણી ભરાયા છે. જેમાં વેસુના ખાટું શ્યામ મંદિર રોડ પર પાણી ફરી વળ્યાં હતા. જેને પગલે વિદ્યાર્થી ઓ અને વાહન ચાલકો હેરાન થઈ ગયા હતા

## રાજૌરી આર્મી કેમ્પ ઉપર આતંકીઓએ ગોળીબાર કર્યો

રાજૌરી, તા.૨૨

રાજૌરીના ખવાસ વિસ્તારમાં આતંકીઓએ આર્મી કેમ્પ પર હુમલો કર્યો છે. આતંકીઓએ આર્મી કેમ્પ પર જોરદાર ગોળીબાર કર્યો છે. ગોળીઓનો અવાજ સાંભળીને ગામલોકો પણ ઘરની બહાર આવી ગયા હતા.

આતંકી હુમલામાં સેનાના કેટલાક જવાનો ઘાયલ થયાના સમાચાર છે. સેના અને પોલીસે વિસ્તારને ચારે બાજુથી ઘેરી લીધો હતો. રાજૌરી ના SSP અને SOG એટલે કે પોલીસના સ્પેશિયલ ઓપરેશન ગ્રુપની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી.

આ ઘટના અંગે માહિતી આપ તાં સંરક્ષણ પ્રવક્તા કર્નલ સુનિલ બારતવાલે કહ્યું કે, સેનાએ રાજૌરીથી દૂર એક ગામમાં આર્મી પોસ્ટ પર આતંક વાદીઓના મોટા હુમલાને નિષ્ફળ બનાવ્યો. આતંકવાદીઓ અને સુરક્ષા દળો વચ્ચે ગોળીબાર હજુ પણ ચાલુ છે. વિસ્તારને કોર્ડન કરી લેવામાં આવ્યો છે અને આતંકીઓની શોધખોળ ચાલુ છે. સોમવારે વહેલી સવારે રાજૌરીના ગુંધા વિસ્તારમાં એક સુરક્ષા ચોકી પર શંકાસ્પદ આતંકવાદીઓએ ગોળીબાર કર્યા બાદ સુરક્ષા દળોએ ઘેરાબંધી અને સર્ચ ઓપરેશન શરૂ કર્યું હતું. સત્તાવાર સૂત્રોને ટાંકીને સમાચારમાં કહેવામાં આવ્યું છે કે, ગોળીબાર સવારે લગભગ ૪ વાગે થયો હતો, ત્યારબાદ સુરક્ષા જવાનોએ જવાબી કાર્યવાહી કરી હતી. ૧૯ જુલાઈના રોજ, જમ્મુ અને કાશ્મીરના કેરન સેક્ટરમાં નિયંત્રણ રેખા પર ઘૂસણખોરીના પ્રયાસને સુરક્ષા દળોએ નિષ્ફળ બનાવ્યો હતો, જેમાં બે આતંકવાદીઓ માર્યા ગયા હતા.

આ પહેલા જમ્મુ-કાશ્મીરના ડોડા જિલ્લાના કાસ્તીગઢ વિસ્તારમાં આતંક વાદીઓ સાથેની અથડામણમાં બે જવાન ઘાયલ થયા હતા. ડોડા એન્કાઉન્ટર માં આતંકવાદીઓ સામે લડતી વખતે એક અધિકારી સહિત સેનાના ચાર જવાનો શહીદ થયાના થોડા દિવસો બાદ આ એન્કાઉન્ટર થયું હતું.

## દુકાનદારોને નેમપ્લેટ લગાવવાના આદેશ પર સુપ્રીમની રોક

**સમગ્ર દેશમા વિવાદ સર્જનાર યોગીની મનમાની સમાન આદેશ પર સુપ્રીમ કોર્ટે હાલ પુરતો સ્ટે આપ્યો છે યોગીના નિર્ણય બાદ સોસીયલ મિડીયામા તેની પ્રસંશા સાથે કેટલાક નેતાઓએ ટીકા કરી હતી જે મામલે કોર્ટે પહોચ્યા બાદ હાલ પુરતો તેના પર સ્ટે આવ્યો છે.**

નવી દિલ્હી, તા.૨૨

યોગી સરકાર દ્વારા તાજેતરમાં એક આદેશ આપવામાં આવ્યો હતો કે, તમામ દુકાનદારો ભલે પછી કે મહેન્દ્ર હોય કે મોહસીન હોય તેમણે પોતાની દુકાન, લારી-ગલ્લાં કે સંસ્થાની બહાર તેમનું નેમ પ્લેટ લગાવવી પડશે. આ આદેશ ખાસ કરીને મુજફ્ફરનગરમાં કાંવડ યાત્રાના રૂટમાં આવતા ધંધાર્થીઓ માટે હતો પરંતુ પછીથી સમગ્ર ઉત્તર પ્રદેશમાં આ રીતે આદેશ લાગુ કરવામાં આવ્યો. જેને લઈને ભારે વિવાદ થયો અને આખરે આ મામલો સુપ્રીમ કોર્ટ પહોંચી ગયો. જ્યાંથી યોગી સરકારને મોટો ઝટકો લાગ્યો છે. સુપ્રીમ કોર્ટે હવે યોગી સરકારના આ ફરમાન પર વચગાળાની રોક લગાવતાં કહ્યું છે કે, કોઈ દુકાનદારે તેમની દુકાન કે લારી ગલ્લાં બહાર નેમ પ્લેટ લગાવવાની જરૂર નથી. તેઓ પોતાની ઓળખ જાહેર ન કરે. તમારે નામ નહીં બસ ભોજનની ઓળખ બતાવવી જરૂરી છે. આ સાથે મધ્યપ્રદેશ, યુપી અને ઉત્તરા ખંડની સરકારને નોટિસ પણ ફટકારી હતી.'

આ મામલામાં આગામી સુનાવણી ૨૬મી જુલાઈના રોજ થશે. સુપ્રીમ કોર્ટના વચગાળાના આદેશ હેઠળ એવું કહેવામાં આવ્યું છે કે દુકાનોના માલિકો અને કર્મચારીઓને તેમના નામ લખવા માટે દબાણ ન કરવું જોઈએ. નોંધનીય છે કે, ઉત્તર પ્રદેશ સરકારના આદેશને એનજીઓ એસોસિએશન ફોર પ્રોટેક્શન ઓફ સિવિલ રાઈટ્સ દ્વારા સુપ્રીમ કોર્ટમાં પડકારવામાં આવ્યો હતો. આ કેસમાં જસ્ટિસ હૃષિકેશ રાય અને જસ્ટિસ એસ.વી.એન. ભટ્ટીની બેન્ચે સુનાવણી કરી હતી.

સુપ્રીમ કોર્ટે સુનાવણી દરમિયાન પૂછ્યું કે, 'શું આ પ્રેસ સ્ટેટમેન્ટ છે કે આદેશ. અરજદારના વકીલે સી.યુ. સિંહે કહ્યું કે, 'ઉત્તર પ્રદેશના જિલ્લા વહીવટીતંત્ર દુકાનદારો પર તેમના નામ અને મોબાઈલ નંબર દર્શાવવા માટે દબાણ કરી રહ્યું છે. કોઈ કાયદો પોલીસને આ કરવાનો અધિકાર આપતો નથી. કેવા પ્રકારનું ભોજન પીરસવામાં આવે છે તે તપાસવાની સત્તા માત્ર પોલીસ પાસે છે. દુકાનદાર અથવા તેના માલિકનું નામ ફરજિયાત બનાવી શકાય નહીં. સુપ્રીમ કોર્ટે કાવડ યાત્રા રૂટ પરના ભોજનાલયોને માલિકો અને કર્મચારીઓના નામ પ્રદર્શિત કરવા માટે નિર્દેશિત કરતા વિવાદાસ્પદ ઉત્તર પ્રદેશ સરકારના આદેશ પર શુક્રવાર સુધી સ્ટે મૂક્યો છે. AIMIM નેતા અસદુદ્દીન ઓવૈસી - જેમણે દાવો કર્યો છે કે આ પગલું મુસ્લિમ માલિકીની દુકાનમાંથી તીર્થયાત્રી ખરીદે નહીં તેની ખાતરી કરવા માટે છે.

### મેં મુસ્લિમ રેસ્ટોરન્ટમાં જવાનું પસંદ કર્યું : જજ

સુપ્રીમ કોર્ટે કાંવડ માર્ગ પર દુકાનદારોના નામ લખવાના નિર્ણય પર વચગાળાનો સ્ટે મૂકી દીધો છે. તાજેતરમાં જ ઉત્તર પ્રદેશ, મધ્યપ્રદેશ અને ઉત્તરાખંડની સરકારોએ આ પ્રકારના આદેશ આપ્યા હતા. સુનાવણી દરમિયાન જસ્ટિસ એસવી ભાટીએ તેનું ઉદાહરણ આપ્યું અને કહ્યું કે કેરળના એક શહેરમાં ૨ પ્રખ્યાત શાકાહારી રેસ્ટોરન્ટ છે. એક હિંદુ અને એક મુસ્લિમ. મને અંગત રીતે મુસ્લિમ રેસ્ટોરન્ટમાં જવાનું પસંદ હતું કારણ કે ત્યાં સ્વચ્છતા વધુ જોવા મળતી હતી. બીજી તરફ સુનાવણી દરમિયાન જસ્ટિસ હૃષીકેશ રાયે કહ્યું કે, શું કાંવડીયાઓ એવી પણ અપેક્ષા રાખી શકે છે કે ખોરાક કોઈ ચોક્કસ સમુદાયના દુકાનદાર પાસેથી હોવો જોઈએ, અનાજ કોઈ ચોક્કસ સમુદાય દ્વારા જ ઉગાડવું જોઈએ? તેના પર સિંઘવીએ કહ્યું, અમારી પણ આ જ દલીલ છે. અરજદાર મહુઆ મોઈત્રા તરફથી હાજર રહેલા એડવોકેટ અભિષેક મનુ સિંઘવીએ કહ્યું કે, દુકાનદાર અને સ્ટાફના નામ લખવા જરૂરી બનાવવામાં આવ્યા છે. જો તમે નામ ન લખો તો ધંધો બંધ, નામ લખો તો વેચાણ સમાપ્ત.

## બિહારને વિશેષ રાજ્યનો દરજ્જો આપવા કેન્દ્ર સરકારનો ઈનકાર

નવી દિલ્હી , તા.૨૨

બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારને કેન્દ્ર સરકારને મોટો ઝટકો આપ્યો છે. ખરેખર બિહારને વિશેષ રાજ્યનો દરજ્જો આપવાની માગ બાબતે એક મોટું અપડેટ સામે આવ્યું છે. લોકસભામાં બજેટ સત્ર દરમિયાન કેન્દ્ર સરકારના નાણા રાજ્યમંત્રી પંકજ ચૌધરીએ કહ્યું કે બિહારને વિશેષ રાજ્યનો દરજ્જો આપવા શક્ય જ નથી.

મંત્રીએ કહ્યું કે વિશેષ રાજ્યના દરજ્જા માટે જે જોગવાઈ પૂરી કરવાની હોય છે તે બિહારમાં નથી. ઉલ્લેખનીય છે કે ગત અનેક વર્ષોથી બિહારને વિશેષ રાજ્યનો દરજ્જો આપવાની માગ થતી રહી છે. હાલમાં જ દિલ્હીમાં સર્વપક્ષીય બેઠકમાં જેડીયુના રાજ્યસભા સાંસદ સંજય ઝાએ બિહારને વિશેષ રાજ્યનો દરજ્જો આપવાની માગ કરી હતી. ઉલ્લેખનીય છે કે નીતિશ કુમાર પણ આ માગ સતત કરતા રહ્યા છે.

જેડીયુના મુખ્ય પ્રવક્તા કે.સી. ત્યાગીએ કહ્યું કે બિહારને વિશેષ રાજ્યનો દરજ્જો અપાવવાની માગ બિહારની જનતાનો અવાજ છે. જેડીયુએ આ માગ પત્ર નહીં અધિકાર પત્ર મોકલ્યો છે. અમને તે મળવા જ જોઈએ. કેન્દ્રની નવી સરકાર સામાન્ય બજેટ આવતીકાલે રજૂ કરવાની છે. ઉલ્લેખનીય છે કે ભારતીય બંધારણની કલમ ૨૭૫ મુજબ કોઈ રાજ્યને વિશેષ કેટેગરીના રાજ્યની જોગવાઈ છે.

હાલમાં દેશમાં કુલ ૨૯ રાજ્યો છે અને ૭ કેન્દ્રશાસિત પ્રદેશ છે જેમાંથી ૧૧ને વિશેષ કેટેગરીના રાજ્યનો દરજ્જો પ્રાપ્ત છે પણ હજુ પણ બિહાર, આંધ્રપ્રદેશ, ઓડિશા સહિત પાંચ રાજ્યો એવા છે જે વિશેષ રાજ્યના દરજ્જાની માગ કરી રહ્યા છે.

## આજનું રાશિફળ

**મેષ :**
આજના દિવસે ગર્ભવતી માતાઓ માટે ખાસ સંભાળ રાખવાનો દિવસ. વધારાનાં નાણાં રિયલ એસ્ટેટમાં રોકજો. મિત્રો તમને એક યાદગાર સાંજ માટે તેમના ઘરે બોલાવશે. આજે તમને જાણ થશે કે તમારા સાથીનો પ્રેમ તમારી માટે સદાય ઊંડી ભાવના ધરાવતી લાગણી છે. કામના સ્થળે આજે તમે એક અદ્દભુત વ્યક્તિને મળો એવી શક્યતા છે. તમે આજે તમારા મહત્વપૂર્ણ કાર્યો નો નિકાલ કરી ને તમારા માટે ચોક્કસપણે સમય કાઢશો, પરંતુ તમે તમારા પ્રમાણે આ સમય નો ઉપયોગ કરી શકશો નહીં. તમારા જીવનસાથી ખરેખર અદ્દભુત હોય તો જીવન સુખદ અનુભૂતિ બની જાય છે. આજે તમને આ વાતનો અનુભવ થશે.

**વૃષભ :**
આજના દિવસે આજે તમે જે કંઈ કરશો તેમાં-ઊર્જાથી સભર હશો-તમે દરેક કામ સામાન્યપણે લાગતા સમય કરતાં અડધા સમયમાં પાર પાડી શકશો. આજનો દિવસ છેલ્લો છે એ રીતે જીવવાના તથા મનોરંજન પાછળ વધુ પડતો ખર્ચ કરવાના તમારા વલણ પ્રત્યે ધ્યાન આપો. તમારું મોહિત કરનારો સ્વભાવ તથા ખુશનુમા વ્યક્તિત્વ તમને નવા મિત્રો બનાવવામાં તથા સંપર્કો વધુ ગાઢ બનાવવામાં તમારી મદદ કરશે. તમારો કોલ લંબાવીને તમે તમારા રોમેન્ટિક ભાગીદારને ચીડવશો. તમારી નવી યોજનાઓ અને સાહસો વિશે ભાગીદારો ઉત્સાહિત હશે. આ રાશિ ના જાતકો ને આજે અધ્યયન માં ધ્યાન કેન્દ્રિત કરવા માં સમસ્યાઓ નો સામનો કરવો પડી શકે છે. આજે તમે મિત્રો ના વર્તુળ માં તમારો કિંમતી સમય બગાડી શકો છો. તમે પરિવારના સભ્યો સાથે મુશ્કેલ સમયનો સામનો કરશો

**મિથુન :**
આજના દિવસે આનંદ-પ્રમોદ અને મોજ-મજાનો દિવસ. આર્થિક રૂપે તમે આજે ઘણા મજબૂત દેખાશો? ગ્રહ નક્ષત્રો ની ચળવળ થી તમારા માટે ધન કમાવા ની ઘણી તકો બનશે? સાંજે મિત્રો સાથે બહાર જાવ-કેમ કે તે તમારી માટે ક્શુંક સારું કરશે. પ્રેમ પ્રવાસ મધુર પણ ટૂંકી આવરદાનો. સંયુક્ત સાહસ તથા ભાગીદારીથી દૂર રહો. જે લોકો ઘર ની બહાર રહે છે આજે તે તેમના બધા કાર્ય પૂર્ણ કર્યા પછી, સાંજે ઉદ્યાન માં અથવા એકાંત સ્થળે સમય વિતાવવા નું પસંદ કરશે. લગ્નજીવનમાં મુશ્કેલ તબક્કા બાદ આજનો દિવસ તમને થોડી રાહત પૂરી પાડશે.

**કર્ક :**
આજના દિવસે આજે તમે જે કંઈ કરશો તેમાં-ઊર્જાથી સભર હશો-તમે દરેક કામ સામાન્યપણે લાગતા સમય કરતાં અડધા સમયમાં પાર પાડી શકશો. નોકરી પેશા લોકો ને આજે ધન ની ઘણી આવશ્યકતા પડશે પરંતુ ગત દિવસો માં કરેલા ફિજૂલખર્ચી ને લીધે તમારી જોડે પર્યાપ્ત ધન નહિ હોય. પરિવારના સભ્ય તેમના જીવનમાં મહત્વનું સ્થાન ધરાવતા હશે. આશ્ચર્ય પમાડનારો સંદેશ તમને સારાં સપનાં આપશે. ઓફિસ માં આજ તમારે સ્થિતિ ને સમજી ને વર્તન કરવું જોઈએ. જો બોલવા નું જરૂરી ના હોય તો શાંત રહો, કોઈપણ વાત બળપૂર્વક બોલી ને તમે પોતાની જાત ને મુશ્કેલી માં મૂકી શકો છો. અજાણ્યા લોકો સાથે વાત કરવી ઠીક છે, પરંતુ તેમની વિશ્વસનીયતા ને જાણ્યા વિના, તમે તમારો સમય ફક્ત તમારા જીવન વિશે અને બીજુ કંઈક વિશે જણાવવા માં જ બગાડશો.

**સિંહ :**
આજના દિવસે ધીરજ રાખો કેમ કે તમારા સતત પ્રયાસો વિવેકબુદ્ધિ તથા સમજદારી તમને સફળતાની ગેરેન્ટી આપે છે. લાંબા-ગાળાના દ્રષ્ટિકોણથી રોકાણ કરવું જરૂરી. જ્ઞાન માટેની તમારી તૃષ્ણા નવા મિત્રો બનાવવામાં મદદ કરશે. એકાએક થયેલો રોમેન્ટિક મેળાપ તમને મૂંઝવી નાખશે. આઈટી પ્રોફેશનલ્સને તેમનું કૌવત દેખાડવાની તક મળશે. સફળતા મેળવવા તમારે તમારું ધ્યાન કેન્દ્રિત કરીને થાક્યા વિના કામ કરવાની જરૂર છે. આજે, રાત્રે, તમારે ઘર ના લોકો થી દૂર થવું અને તમારા ઘર ની છત અથવા પાર્ક પર ચાલવું ગમશે. વિવાદો અથવા ઓફિસમાંનું રાજકારણ, તમે આજે દરેક બાબત પર તમારું વર્ચસ્વ ધરાવશો.

**કન્યા :**
આજના દિવસે જીવનસાથીની તબિયત વિશે યોગ્ય દરકાર તથા ધ્યાન આપવું પડશે. આજે તમે મૂડી આસાનીથી ઊભી કરી લેશો-લેણાં નીકળતાં નાણાંની ઉઘરાણી કરો-અથવા નવા પ્રૉજેક્ટ્સ પર કામ કરવા માટે ધીરાણ માગો. તમારે નિરાંત અનુભવવાની તથા નિકટના મિત્રો અને પરિવારના સભ્યો વચ્ચે ખુશી શોધવાની જરૂર છે. રોજેરોજ પ્રેમમાં પડતા રહેવાના તમારા સ્વભાવને બદલો. આજે તમને સમજાશે કે પરિવારના ટેકાને કારણે જ તમે કામના સ્થળે સારૂં કરી રહ્યા છો. આજે તમે તમારો વધુ સમય એવી ચીજો પર વિતાવી શકો છો જે તમારા માટે જરૂરી નથી. આજે તમે અને તમારા જીવનસાથીએ સારી ખાણી-પીણી કરી હશે તો સ્વાસ્થ્ય બગડવાની શક્યતા છે.

**તુલા :**
આજના દિવસે નિરાશાવાદી અભિગમ ટાળવો જોઈએ કારણ કે તે તમારી શક્યતાઓને ન માત્ર ન્યૂનતમ કરશે બલ્કે તમારા શરીરની સંવાદિતામાં પણ ખલેલ પહોંચાડશે. તમે જાણો છો એવા લોકો દ્વારા આવકનો નવો સ્રોત ઊભો થશે. દિવસને અદભુત બનાવવા માટે પરિવારના સભ્યો તથા નિકટના મિત્રો સાથે ભેગા મળી મેળાવડો યોજો. આજે તમારો પ્રેમ સોળે કળાએ ખીલશે અને એ દેખાડશ કે તમે કેવું સુંદર કામ કર્યું છે. આ રાશિ ના જાતકો ને કાર્યક્ષેત્ર માં જરૂર થી વધારે બોલવા થી બચવું જોઈએ નહીંતર તમારી છબી ઉપર ખરાબ પ્રભાવ થાય છે. આ રાશિ ના વેપારીઓ ને આજે કોઈ જુના નિવેશ ના લીધે ખોટ થવા ની શક્યતા છે. આજે તમે જો પ્રવાસ કરવાના હો તો તમારે તમારી ભાષા અંગે વધારે તકેદારી રાખવાની જરૂર છે. આજનો દિવસ તમારા પરિણીત જીવનનો શ્રેષ્ઠતમ દિવસ બની રહેશે. પ્રેમના ખરા આનંદની અનુભૂતિ તમને આજે થશે.

**વૃશ્ચિક :**
આજના દિવસે કામના સ્થળનું તથા ઘરનું દબાણ આજે તમને ગુસ્સાવાળા સ્વભાવના બનાવશે. તમારા મિત્રોની મદદથી આર્થિક મુશ્કેલીઓ હળવી થશે. તમારો ફાજલ સમય ઘરના સુશોભિકરણ પાછળ લગાડો. તમારો પરિવાર ખરેખર આ બાબતની સરાહના કરશે. કેટલાક માટે નવો રૉમાન્સ તેમનો ઉત્સાહ વધારશે તથા તેમને ખુશખુશાલ મિજાજમાં રાખશે. આજે પ્રેમ જીવન ખૂબ જ સુંદર રીતે ખીલશે. આજે તમને તમારો દિવસ કોઈ પણ સ્થળે શાંતિ મળે તે સ્થળે બધા સંબંધો અને સંબંધીઓ થી દૂર રહેવા નું ગમશે. આજે તમને અનુભૂતિ થશે કે તમારા લગ્ન વખતે લીધેલી દરેક પ્રતિજ્ઞાઓ સાચી હતી. તમારા જીવનસાથી તમારા સાચ્ચા સાથી છે.

**ધન :**
આજના દિવસે તમારી ઊર્જાનું સ્તર ઊંચું રહેશે તથા તમારે તેનો ઉપયોગ બાકી રહી ગયેલા કાર્યો પૂર્ણ કરવા માટે કરવો જોઈએ. સમજદારીપૂર્વક રોકાણ કરો. બહેન જેવો પ્રેમ તમારો ઉત્સાહ વધારશે. પણ તમારે નાની ચણભણમાં મગજ પરનો કાબુ ન ખોવો જોઈએ કેમ કે એનાથી તમારા હિતોને નુકસાન થશે. કોઈક રસપ્રદ વ્યક્તિને મળવાની શક્યતા છે. પ્રવાસન ક્ષેત્ર તમને આકર્ષક કારકિર્દી આપી શકે છે. તમારી મહત્વાકાંક્ષાને ઓળખી તેની માટે સખત મહેનત કરવાનો સમય. સફળતા તત્પરતા પૂર્વક તમારી રાહ જોઈ રહી છે. પરિવાર ની જરૂરિયાતો ને પૂર્ણ કરતી વખતે, તમે ઘણીવાર તમારી જાત ને સમય આપવા નું ભૂલી જાઓ છો. પરંતુ આજે તમે સૌથી દૂર રહી પોતાના માટે સમય કાઢી શકશો. તમારા જીવનસાથી આજે અનાયાસે જ કશુંક અદભુત કરશે, જે તમારી માટે ખરેખર અવિસ્મરણીય બની રહેશે.

**મકર :**
આજના દિવસે વ્યાયામ દ્વારા તમે તમારા વજનને અંકુશ હેઠળ રાખી શકશો. વેપારીઓ ને આજ પોતાના વેપાર માં ખોટ આવી શકે છે અને પોતાના વેપાર ને સારો બનાવવા માટે તમારે તમારા પૈસા ખર્ચ કરવા પડી શકે છે. મિત્રો તથા પરિવારના સભ્યો તમારો મોટાભાગનો સમય લેશે. કેટલાક માટે ભેટો તથા ફૂલોથી સભર રૉમેન્ટિક સાંજ જોવાય છે. અન્ય દેશોમાં વ્યાવસાયિક સંપર્કો વિકસાવવા માટે આ અદભુત સમય છે. કોઈ રોચક પત્રિકા અથવા ઉપન્યાસ વાંચી આજ ના દિવસ ને તમે સારી રીતે પસાર કરી શકો છો? તમારી આસપાસના લોકો આજે એવું કંઈક કરશે, જેનાથી તમારા જીવનસાથી નવેસરથી તમારા પ્રેમમાં પડશે.

**કુંભ :**
આજના દિવસે તમારી સાંજ મિશ્ર લાગણીઓથી ભરેલી હશે જે તમને તાણગ્રસ્ત રાખી શકે છે.પમ એમાં ઝાઝી ચિંતા કરવા જેવું નથી- કેમ કે તમારી ખુશી તમને નિરાશા કરતાં વધુ આનંદ આપશે. તમારા ખર્ચમાં અણધાર્યો વધારો તમારી માનસિક શાંતિમા ખલેલ પહોંચાડશે. પરિવારના સભ્યનો આનંદી સ્વભાવ ઘરના વાતાવરણને ઝગમગતું કરી નાખશે. આજે તમને તમારા જીવનમાં સાચા પ્રેમની કમી સાલશે.ચિંતા ન કરો સમય સાથે બધું જ બદલાઈ જાય છે અને તેમાં તમારૂં રૉમેન્ટિક જીવન પણ અપવાદ નથી. તમારી કારકિર્દીની શક્યતાઓને વધારવા માટે તમારી વ્યાવસાયિક શક્તિનો ઉપયોગ કરો. તમારી પ્રવૃત્તિઓના ક્ષેત્રમાં તમને અમર્યાદિત સફળતા મળવાની શક્યતા છે. પરિસ્થિતિ તમારા વશમાં કરવા તમારૂં બધું કૌવત કામે લગાડો. સામાજિક તથા ધાર્મિક કાર્યક્રમો માટે અદભુત દિવસ.

**મીન :**
આજના દિવસે જીવન પ્રત્યેનો ગંભીર અભિગમ ટાળો. લાંબા ગાળાના કોઈપણ રોકાણ ટાળો તથા તમારા સારા મિત્ર સાથે કેટલીક ખુશીભરી ક્ષણો વિતાવો. સામાજિક કાર્યક્રમો વગદાર તથા મહત્વના લોકો સાથે સંબંધ સુધારવા માટેની શ્રેષ્ઠ તક સાબિત થશે. તમારો સનાતન પ્રેમ તમારા પ્રિયપાત્ર માટે નદી સમાન છો. જમીનને લગતા મોટા સોદા પાર પાડવાની સ્થિતિમાં તમે હશો તથા મનોરંજક પ્રૉજેક્ટમાં અનેક લોકોને સાંકળો. કોઈ રોચક પત્રિકા અથવા ઉપન્યાસ વાંચી આજ ના દિવસ ને તમે સારી રીતે પસાર કરી શકો છો? શું તમે જાણો છો, તમારા જીવનસાથી તમારી માટે ખરો દેવદૂત છે, અમારી વાત પર વિશ્વાસ નથી? આજે નિરીક્ષણ કરી તેનો જાતઅનુભવ કરો.

# ભુજની વકરેલી ગટર સમસ્યા પ્રશ્ને કોંગ્રેસ આકરા પાણીએ

### વહીવટમાં નિષ્ફળ ગયેલી નગરપાલિકાને સુપરસીડ કરવા માંગ: પ્રાંત અધિકારીએ રજૂઆતો સાંભળી

ભુજ તા.૨૨

શહેર કોંગ્રેસ દ્વારા શહેરને ગટર સમસ્યાથી મુક્ત કરવા અને વહીવટમાં નિષ્ફળ નિવડેલી નગર પાલિકાને સુપરસીડ કરવાની માંગ કરવામાં આવી છે. શહેરના પ્રશ્નો સાથે જિલ્લા સંકલન સમિતિની બેઠકમાં શહેર કોંગ્રેસના આગેવાનો રજુઆત કરવા ગયા હતાં પરંતુ કલેકટરે પ્રાંત અધિકારીને રજુઆત સાંભળવા માટે મોકલ્યા હતા, અને પ્રાંત અધિકારીએ ચીફ ઓફિસરને બોલાવી કોંગ્રેસનાં આગેવાનોની રજૂઆતો અન્વયે શહેરની પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો, અને આ બાબતે શું સમાધાન નિકળી શકે તે માટે સૂચનો માંગ્યા હતા.



ભુજ શહેરના પ્રમુખસ્વામી નગર, સંસ્કાર નગર, માર્કેટ યાર્ડ, નરનારાયણનગર, ભાનુશાળીનગર, શિવ આરાધના સોસાયટી, ધારાનગર, બકાલી કોલોની અને શહેરના મોટાભાગના તમામ વિસ્તારોમાં ગટર લાઈનો ઉભરાઈ રહી છે, રેલ્વે સ્ટેશન વિસ્તારતો ગટરનાં તળાવમાં ફેરવાઈ ગયેલ છે, નગરપાલિકા વહીવટમાં તદન નિષ્ફળ રહી છે, ભુજ શહેરના તમામ વિસ્તારોની મુખ્ય ગટર લાઈન વોર્ડ નંબર ૧,૨,૩ માંથી પસાર થાય છે ત્યાં અનેક ઘરોમાં ગટરોના પાણી આવી ગયા છે, શહેરનો કોઈ એવો વિસ્તાર નથી જ્યાં ગટરનાં પાણી છલકાતા ન હોય, હાલમાં ચોમાસાની સીઝન છે રોગચાળો ફેલાવાની પુરી શક્યતા રહેલી છે, ત્યારે તાત્કાલિક અસરથી ગટર છલકાવાની સમસ્યામાંથી ભુજને મુક્ત કરવાની માંગ શહેર પ્રમુખ કિશોરદાન ગઢવીએ કરી હતી, તાકીદે સમસ્યા ઉકેલવામાં નહીં આવે તો આવનારા દિવસોમાં જલદ કાર્યક્રમો કરવાની ફરજ પડશે તેવી ચેતવણી આપતાં કોંગ્રેસ આગેવાનોએ ગટરનાં ઢાંકણા બધી જગ્યાએ ચકાસી જ્યાં ન હોય કે તૂટેલા હોય ત્યાં તાત્કાલિક બદલવામાં આવે જેથી મહેરઅલી ચોક જેવી ઘટના ફરીથી વરસાદના સમયમાં ન બને, ઉપરાંત ગટરલાઈનમાં ચોકઅપ કરીને ગટરલાઇનમાં ચેડા કરતા તત્વો સામે તાત્કાલિક પગલાં લેવાં તથા જાહેરમાં ઘાસચારો વેચી ગંદગી ફેલાવતા તત્વો સામે પગલાં લેવાંની રજુઆત ઉપરાંત તૈયબાહ ટાઉનશિપ ખાતે પીવાના પાણીની તકલીફ નિવારવા કાસમ સમાંએ રજૂઆત કરી હતી.

ચોમાસાના સમયમાં સફાઈ કામગીરી નિયમિત રીતે કરવાં, તથા તૂટેલા રસ્તા તાત્કાલિક રિપેર કરવા સહિત જિલ્લા મહામંત્રી રામદેવસિંહ જાડેજાએ સંસ્કરનગરમાં વર્ષોથી રહેલી ગટર સમસ્યાને દૂર કરી તાત્કાલિક સફાઈ કરાવવા તથા દવા છંટકાવ કરવાની રજુઆત કરી હતી, દેશલસર તળાવમાં રહેલી ગટરલાઈનો બહાર કાઢી તળાવને સાફ કરવામાં આવે અને જે રીતે ગટરનાં પાણીનાં લીધે આ સમસ્યા વકરી છે તેવી જ રીતે હવે હમીરસર તળાવની આવમાં પણ ગટરનાં પાણી આવી રહ્યા છે આ બાબતે તાત્કાલિક અસરથી ગટરનાં પાણી રોકવામાં આવે નહીંતર હમીરસર તળાવની હાલત પણ દેશલસર જેવી થઈ જશે તેવી રજૂઆત પણ કરવામાં આવી હતી, રજુઆત સમયે શહેર કોંગ્રેસ પ્રમુખ કિશોરદાન ગઢવી,રામદેવસિંહ જાડેજા સાથે નગરપાલિકાનાં વિપક્ષી નેતા કાસમ સમાં, ગની કુંભાર, હાસમ સમાં, આયસુબેન સમાં, મેહબૂબ પંખેરિયા, પુષ્પાબેન સોલંકી, લાખાજી સોઢા, મુસ્તાક હિંગોરજા, એચ એસ આહીર, રઝાક ચાકી, ધીરજ રૂપાણી,અકીલ મેમણ, સહેજાદ સમા, બાબુ સમા, હારુન ત્રાયા, શક્તિસિંહ ચૌહાણ, વિશાલ ગઢવી, ધૈર્ય ગોર વગેરે જોડાયા હતા.

તમામ રજૂઆતો પ્રાંત અધિકારીએ સાંભળી ચીફ ઓફિસરને સૂચનાઓ આપી હતી, તથા ભુજ શહેરની ગટર સમસ્યાના પ્રશ્નનો ત્રણ દીવસમાં હલ કરવાંમાં આવશે એવી પ્રાંત અધિકારીને ચીફ ઓફિસરે ખાતરી આપી હતી આ પ્રશ્નોનો ત્રણ દિવસમાં હલ નહિ થાય તો, આશ્ચર્ય જનક કાર્યક્રમો આપવામાં આવશો તેવી ચીમકી કોંગ્રેએ આપી હતી. નગરપાલિકાની અણ આવડતના લીધે ભુજ શહેરને પાણી વગર રાખ્યું હતું ત્યારે પણ કોંગ્રેસ દ્વારા વારંવાર જિલ્લા કલેકટરને રજુઆત કરી હતી, ત્યારે પણ આ જવાબદારી પ્રાંત અધિકારીને આપી હતી, અને પાણીનાં પ્રશ્ન વખતે પ્રજાને રાહત અપાવી હતી ઉપરાંત ભુજને સતાવતી સફાઈ, ગટર,પાણી, તૂટેલા રસ્તા, અન્ય તમામ પ્રશ્ને ૧૫ દિવસમાં તમામ વિભાગોને સાથે રાખી એક બેઠક બોલાવશે જેમાં વિપક્ષને પણ બોલાવવામાં આવશે એવી ખાતરી પ્રાંત અધિકારીએ આપી છે, એવું જિલ્લા કોંગ્રેસનાં પ્રવકતા ગની કુંભારની યાદીમાં જણાવાયું હતું

# સમરસ છાત્રાલયમાં અત્યાધુનિક સુવિધાઓથી વિદ્યાર્થીઓને શિક્ષણમાં મદદ

### પોષણયુક્ત ભોજન અને અત્યાધુનિક સુવિધાઓ સમરસ છાત્રાલયોમાં વિદ્યાર્થીઓના શિક્ષણમાં મદદરૂપ થઈને જીવન ઘડતરમાં પાયાની ભૂમિકા ભજવી રહી હોવાનો વિદ્યાર્થીઓનો સુર



ભુજ, તા.૨૨

ગુજરાત સરકારના સામાજિક ન્યાય અધિકારિતા વિભાગ દ્વારા રાજ્યભરમાં અત્યાધુનિક સુવિધા સભર સમરસ છાત્રાલયોનું નિર્માણ કરવામાં આવ્યું છે. કોલેજ કક્ષાના સ્નાતક, અનુસ્નાતક તથા અન્ય ઉચ્ચ અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતા અનસૂચિત જાતિ, અનસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ તથા આર્થિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓને માટે અલગ અલગ સમરસ છાત્રાલયો કાર્યરત છે.સમરસ છાત્રાલયો વિદ્યાર્થીઓના શિક્ષણમાં મદદરૂપ થઈને કેવી રીતે તેમના જીવન ઘડતરમાં પાયાની ભૂમિકા ભજવી રહ્યા છે. તેની વાત કરતા કચ્છ જિલ્લાના અબડાસા તાલુકાના મોટી બાલાચોડ ગામના વિદ્યાર્થી કલ્પેશ મહેશ્વરીએ જણાવ્યું કે, મને ભુજ ખાતે આવેલી સમરસ બોયઝ હોસ્ટેલમાં ગયા વર્ષે પણ એડ-મિશન મળ્યું હતું અને આ વર્ષે પણ રિન્યુઅલ એડમિશન મળ્યું છે. હું હાલમાં કચ્છ યુનિવર્સિટી ખાતે એમબીએના કોર્સમાં અભ્યાસ કરી રહ્યો છું. મારું ગામ અહીંથી ૬૦ કિલોમીટર દૂર હોય સમરસ બોયઝ છાત્રાલય ભુજ મારા માટે બીજા ઘરની ગરજ સારી રહી છે.સમરસ છાત્રાલયોમાં રહેવાની સાથે શિક્ષણ સંબંધિત અન્ય ઘણી જ સુવિધાઓ સરકારે ઉપલબ્ધ કરાવી છે. અહીં લાઈબ્રેરી, વાંચનખંડ અને કોન્ફરન્સ હોલ જેવી અદ્યતન સુવિધાઓ ઉપલબ્ધ છે. આ સુવિધાઓ અમારા વિદ્યાર્થીઓના અભ્યાસમાં ખૂબ મદદરૂપ થઈ રહી છે. સરકાર રહેવાની સાથે અમને પોષણયુક્ત ભોજન મળે તેનું પણ ધ્યાન રાખી રહી છે. સમરસ છાત્રા લયમાં પોષણયુક્ત ભોજન વિદ્યાર્થી ઓને આપવામાં આવે છે. સમરસ છાત્રાલયોના રૂમમાં શિસ્ત સાથે સ્વચ્છ પરિસરમાં અમે વિદ્યાથી ઁઓ શાંતિ થી શિક્ષણકાર્ય કરી શકીએ છીએ. વિદ્યાર્થીએ ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રી અને સમાજ કલ્યાણ વિભાગનો આભાર વ્યક્ત કર્યો હતો.

# દીનદયાલ પોર્ટ ઓથોરિટી કાર્યક્ષમતા અને પારદર્શિતા જાળવવા કટિબદ્ધ છે

ગાંધીધામ તા.૨૨

દિનદયાળ પોર્ટે ઓથોરીટી એ સ્માર્ટ વેઈ બ્રિજ ઓટોમેશન સિસ્ટમ અમલમાં મુકી છે, આમ કરવાથી ઘણા મુખ્ય ફાયદા મળશે, વેઈ બ્રિજને વેબ આધારિત પ્લેટફોર્મ પર સામેલ કરવાથી

પ્રત્યેક વેઈ-બ્રિજ દ્વારા રિયલ ટાઈમ ડેટા પ્રસારિત થાય છે, લાઈવ કેમેરા ફીડ સાથે સમય હવે મોબાઈલ પર ઉપલબ્ધ થયો છે. અન્ય ફાયદાઓ જોઈએ તો,

**વધુ એક્યુરસી** ઓટોમેટેડ સિસ્ટમ્સ માનવ ભૂલની શક્યતાઓ ઘટાડે છે, જેનાથી વજન માપ ચોક્કસ અને વિશ્વસનીય બને છે, આ સારી ઈન્વેન્ટરી મેનેજમેન્ટ તરફ દોરી જાય છે અને વજન ભિન્નતાના વિવાદોને ઘટાડે છે.

**રિયલ ટાઈમ ડેટા** : રિયલ ટાઈમ ડેટા પ્રસારણ સાથે, મેનેજરો અને સ્ટેકહોલ્ડર્સને ક્યાંયથી પણ અપ-ટુ-ડેટ માહિતી પ્રાપ્ત થઈ શકે છે, આ ઝડપી નિર્ણય લેવાની ક્ષમતામાં સુધારો અને કાર્યક્ષમતા વધારવામાં મદદ કરે છે.

**સુરક્ષા વધારવી :**લાઈવ કેમેરા ફીડ્સને સમયની સીલ સાથે એકીકૃત કરવાથી સુરક્ષા વધે છે, જે વજન માપ પ્રક્રિયાનું વિઝ્યુઅલ વેરિફિકેશન પૂરું પાડે છે, જે છેતરપીંડી પ્રવૃત્તિઓને શોધવામાં અને અટકાવવામાં મદદ કરે છે.

**કાર્યક્ષમતા સુધારવી :** ઓટોમેશન વજન માપણ પ્રક્રિયાને ઝડપી બનાવે છે, ટ્રકો માટે રાહ જોવાનો સમય ઘટાડે છે અને પોર્ટ ખાતેની સંપૂર્ણ પ્રવાહ પ્રક્રિયામાં સુધારો કરે છે. આથી ઉત્પાદનક્ષમતા વધે છે અને ઓપરેશનલ ખર્ચ ઘટે છે.

**ઉત્તમપાલન અને રિપોર્ટિંગ :** ઓટોમેટેડ સિસ્ટમ્સ સુનિશ્ચિત કરે છે કે બધી વજન માપણ પ્રક્રિયાઓના નિયમો-ધોરણોનું પાલન થયું છે, તે સચોટ રિપોર્ટ જનરેટ કરવાની પ્રક્રિયાને સરળ બનાવે છે, જે ઓડિટ પ્રક્રિયા અને પાલન ચકાસણીમાં પણ મદદરૂપ થાય છે.

**રિમોટ મોનિટરિંગ અને કંટ્રોલ :** મોબાઈલ ઉપકરણો દ્વારા વેઈ બ્રિજ ઓપરેશનની રિમોટ મોનિટરિંગ કંટ્રોલ કરવાથી વધુ ક્ષમતા અને મેનેજમેન્ટ દેખરેખ સાથે સાથે સાઈટના સ્થળોથી પણ મંજૂરી આપે છે. ડેટા એનાલિટિક્સ સંગ્રહિત ડેટાને વિશ્લેષણ કરવામાં આવશે જેથી ઓપરેશનલ પેટર્નમાં વિચક્ષણ મળી શકે, પ્રક્રિયાઓને ઑપ્ટિમાઈઝ કરવામાં અને ભવિષ્યની જરૂરિયાતોની આગાહી કરવામાં મદદ મળે છે, આ વધુ માહિતી પૂર્વક વ્યૂહાત્મક આયોજન અને સંસાધનોના વિતરણ તરફ દોરી જાય છે. કુલ્લ મળીને, સ્માર્ટ વેઈ બ્રિજ ઓટોમેશન સિસ્ટમ ઓપરેશનલ કાર્યક્ષમતા, સુરક્ષા, અને ચોકસાઈમાં સુધારો લાવે છે.

# અભ્યાસક્રમમાં ભગવદ્ ગીતાના સમાવેશના સમર્થનમાં કલેક્ટરને આવેદનપત્ર અપાયું

ભુજ તા.૨૨


અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ- કચ્છ દ્વારા ગુજરાત સરકારે ધોરણ ૬ થી ૧૨ માં શ્રીમદ્ ભગવદ્ ગીતાના જ્ઞાનનો અભ્યાસક્રમમાં સમાવેશના સમર્થનમાં અને વિરોધને વખોડવા બાબતે કલેક્ટરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. આવેદન પત્રમાં જણાવાયું હતું કે, ગુજરાત સરકાર દ્વારા શાળાકીય શિક્ષણમાં શ્રીમદ્ ભગવદ્ ગીતાનો સમાવેશ કરવામાં આવ્યો છે, આ નિર્ણયને અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ-ગુજરાત/ કચ્છ આવકારે છે. વિદ્યાર્થીઓ શ્રીમદ્ ભગવદ્ ગીતાનો તબક્કા વાર શાળાકીય શિક્ષણમાં અભ્યાસ કરી ઉચ્ચકોટીના જીવન મૂલ્યો શીખી શકશે, અભ્યાસક્રમમાં શ્રીમદ્ ભગવદ્ ગીતાના ભાગનો સમાવેશ થવાથી કેટલાક લોકો તેનો વિરોધ કરી રહ્યા છે આ વિરોધને અખિલ



ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ વખોડે છે.

મહાત્મા ગાંધી, પૂર્વ રાષ્ટ્રપતિ ડો.એ પી જે અબ્દુલ કલામ જેવા અનેક મહા પુરુષો એ શ્રીમદ ભાગવત ગીતામાંથી સદજીવન માટે પ્રેરણા લીધી છે, અદાલતોમાં આજે પણ શ્રીમદ ભગવદ્ ગીતાના નામે શપથ લેવાય છે જે સત્ય, નિષ્ઠા ન્યાય અને પ્રમાણિકતાનું પ્રતિક છે, ભારતીય બંધારણના ઘડવૈયા ડૉક્ટર બાબા સાહેબ આંબેડકર દ્વારા પોતાના સામાયિકોમાં પણ શ્રીમદ્ ભગવદ્ ગીતાના શ્લોકોનો આધાર લઈ સત્ય સ્થાપના તથા અસમાનતા અને અસ્પૃશ્યતાનો છેદ ઉડાડવામાં આવ્યો છે, આવા અનેક તથ્યો અને ઉદાહરણો ટાંકી, ભગવદ્ ગીતાનો અભ્યાસક્રમ દાખલ કરવામાં આવ્યો છે તે નિરંતર ચાલુ રાખવો એવી અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ દ્વારા અપીલ કરવામાં આવી હતી. આવેદન પત્ર આપવા પ્રાન્ત મંત્રી અને રાજ્ય સરકારી માધ્યમિક અધ્યક્ષ મૂરજી ગઢવી, તેમજ સંગઠનના વિવિધ સંવર્ગના હોદેદારો નયન વાંઝા, કલ્પેશ ચૌધરી, ધર્મેન્દ્ર પરમાર, રમેશ ગાગલ, અલ્પેશ જાની, જખરા કેરાશિયા, કાંતિભાઈ રોઝ,મહિલા ઉપાદયક્ષ રાખીબેન રાઠોડ, મંત્રી ડો.કૈલાશબેન કાંઠેચા, ગીતાબેન પરમાર, ચેતન લાખાણી, કીર્તિભાઈ પરમાર, કિશન પટેલ, અમોલ ધોળકીયા, તેમજ ભચાઉ, અંજાર, ભુજ ગાંધીધામ સહિતના તમામ હોદેદારોની હાજરીમાં આવેદનપત્ર અપાયુ હતુ. આ પ્રસંગે સામાજિક સમરસતા મંચ વતી વિનોદ હડિયા, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ કચ્છ વિભાગ કાર્યવાહ રવજી ખેતાણી તેમજ નગર કાર્યવાહ હેત જોશી વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

# વીડી ગામે ઘુનાવાળા ખોડિયાર મંદિરે વહેતો ધોધ



અંજાર તા.૨૨

આઈ શ્રી ઘુનાં વાળા ખોડિયાર માતાજી સાક્ષાત હાજરા હજૂર છે, તેના અનેક પરચાઓ ભક્તોને મળ્યા પણ છે. અહીં ડુંગરોની કોતરમાંથી અવિરત પાણી બારેમાસ વહેતું હોય છે, જ્યારે વરસાદી માહોલમાં સોળે કળાએ ખીલેલી પ્રકૃતિ જોવા મળે છે, અહી કુંડમાં સ્નાન કરવાથી ઉટાટીયો, ખરજવું, ઉધરસ તેમજ ચામડીના રોગથી કાયમી પીડામાંથી મુકિત મળે છે. માતાજી પ્રત્યે આસ્થા રાખવાથી અનેક ભક્તોની માનતા પૂર્ણ થાય છે તેવું માતાજીના પુજારીમાં ધનબાઈએ જણાવ્યું હતું. આ સ્થળ ને ગુજરાત સરકાર દ્વારા યાત્રાધામ તરીકે વિકસાવવામાં આવે તેવું ટ્રસ્ટી મંડળ વતી, ધારાસભ્ય ત્રિકમ છાંગા સમક્ષ રજૂઆત કરવામાં આવી છે, તેમના દ્વારા પણ આ બાબતે સકારાત્મક પ્રતિસાદ આપવામાં આવ્યો હોવાનું જીતેન્દ્ર ચોટારાએ જણાવ્યું હતું.

# લાયન્સ ક્લબ ઈન્ટરનેશનલના પ્રમુખ ફેબ્રિસિયો ઓલિવેરાની ગુજરાતમાં

અમદાવાદ

વિશ્વની સૌથી મોટી સેવા સંસ્થા લાયન્સ ક્લબ ઈન્ટરનેશનલ જેમાં ૧.૪ મિલિયનથી વધુ લિયો અને લાયન સભ્યો છે, જેના ઈન્ટરનેશનલ પ્રેસિડેન્ટ ફેબ્રિસિયો ઓલિવિરા બ્રાઝીલથી, ૧૯ થી ૨૩ જુલાઈ ૨૦૨૪ દરમિયાન ગુજરાતની મુલાકાત માટે આવ્યા છે. આ મુલાકાત દરમિયાન લાયન્સ ક્લબ અમદાવાદના આગામી પ્રોજેક્ટ લાયન્સ જનરલ હોસ્પિટલ ની મુલાકાત લેશે અને ૨૫ નવા ક્લબોની સ્થાપના કરશે.લાયન્સ ક્લબ ઈન્ટરનેશનલના પ્રમુખ ફેબ્રિસિયો ઓલિવિરાએ સિવિલ હોસ્પિટલમાં પિડિયાટ્રિક કેન્સર વિભાગની મુલાકાત લીધી, જ્યાં તેમણે બાળકોને ઉપયોગી કીટનું વિતરણ કર્યુ હતું. ત્યારબાદ તેમણે સિવિલ હોસ્પિટલ સામેના લાયન્સ ક્લબ અમદાવાદના કાયમી પ્રોજેક્ટ વિશ્રાંતિ ગ્રુહની મુલાકાત લીધી હતી. તેઓએ આ મુલાકાત દરમિયાન જરૂરીયાતમંદોને સિલાઈ મશીન અને વ્હીલચેર વિતરણ કર્યુ હતું. ત્યારબાદ ઝૂન્ડાલ ખાતે લાયન્સ



કિચનની ઉદઘાટન કર્યુ હતું.લાયન્સ ક્લબ ઈન્ટરનેશનલના પ્રમુખ ફેબ્રિસિયો ઓલિવિરાએ તેમની ગુજરાત મુલાકાત દરમિયાન ૨૨ જુલાઈએ લાયન્સ આઈ હોસ્પિટલ, લાયન્સ કિડની ડાયાલિસિસ સેન્ટર, લાયન્સ બ્લડ બેંક અને એલએમએલ સ્કૂલ જેવા લાયન્સ ક્લબ અમદાવાદના કેટલાક મુખ્ય પ્રોજેક્ટ્સની મુલાકાત લેશે અને તેમના આંતર રાષ્ટ્રીય સેવાકીય અનુભવો જણાવશે. એક મહત્વપૂર્ણ વિકાસમાં, ૨૫ નવી ક્લબોની સ્થાપના કરવામાં આવશે અને સંગઠનમાં ૧,૫૦૦થી વધુ નવા લાયન સભ્યોની ઉમેરણીની જાહેરાત પણ કરાઈ હતી.

### ભુજ મંદિર દ્વારા પ્રસાદીના સરોવર તરીકે ૧૫૦૦ દિવેટની મહાઆરતી સહિત ધાર્મિક કાયક્રમો યોજાયા

# હમીરસર સરોવરનું સ્વામી નારાયણ સંપ્રદાયમાં ખૂબજ મહત્વ છે

ભુજ તા.૨૨

પંચદશાબ્દી મહોત્સવ પ્રસાદી મંદિર, ભુજના ઉપક્રમે રવિવારે હમીરસર સરોવર જેનું ખુબજ મહત્વ સ્વામિનારાયણ સંપ્રદાયમાં છે, અનેક વખત ભગવાન સ્વામિનારાયણે પરમહંસો સાથે સ્નાન કરેલ છે, આ મહિમાને આજે પણ ભુજ મંદિરે પ્રસાદીના સરોવર તરીકે અનેક કાર્યક્રમો કરે છે, તે પરંપરા અન્વયે ગઈ કાલે હમીરસર સરોવર સંધ્યા સમયે હમીરસરોવર મહિમા કથાની કથા સાથે ભુજ મંદિરના મંહત સદ્ગુરુ સ્વામી ધર્મનંદનદાસજી, સદ્ગુરુ પાર્ષદ કોઠારી જાદવજી ભગત, સદ્ગુરુ સ્વામી મૂકુંદજીવનદાસજી, સદ્ગુરુ સ્વામી હરિબળદાસજી, સદ્ગુરુ સ્વામી દેવકૃષ્ણદાસજી, સદ્ગુરુ સ્વામી લક્ષ્મીપ્રસાદીદાસજી, સદ્ગુરુ સ્વામી કેશવજીવનદાસજી, સદ્ગુરુ સ્વામી દેવપ્રકાશદાસજી, કોઠારી સ્વામી શાંતિસ્વરૂપદાસજી વગેરે વરીષ્ઠ સંતોનું પૂજન કરાયું હતું. પ્રસાદી મંદિર મહંત સ.ગુ. સ્વામી બાલકૃષ્ણદાસજીની આજ્ઞાથી આ કાર્યક્રમનું આયોજન કરાયું હતું. આ પ્રસંગે સ્વામી હરિબળદાસજી તેમજ ડો.સ્વામી અક્ષરમુનિદાસજીએ પોતાના વિચારો રજુ કર્યા






હતા. ભુજ મંદિરના મંહત સ્વામી આદિ સંતોનું પૂજન અને સંતોના આશીર્વાદ સાથે હમીરસરોવર પૂજન અર્ચન કરીને ૧૫૦૦ દિવેટથી હમીરસરોવરની મહાઆરતી કરવામાં આવી હતી, સવારના ભાગમાં પ્રસાદી મંદિરે વિષ્ણુસહસ્રનામાવલીથી શ્રી ઠાકોરજીનું પૂજન કરાયું હતું. ત્યારબાદ સભામંડપમાં વિદ્યાભ્યાસ કરાવતા વિદ્વાનો તથા વડીલ નાના મોટા સંતોનું પૂજન કરાયું હતું, વિદ્યાભ્યાસ કરતા સંત સંસ્કૃતમાં અલગ અલગ વિષયો ઉપર પોતાના વિચારો રજૂ કર્યાં હતાં, જ્યારે પાઠશાળાનાં પ્રાધ્યાપકો તથા વડીલ સંતોએ રુડા આશીર્વાદ પાઠવ્યા હતા અને યજમાનો દ્વારા સંતોનું પૂજન કરવામાં આવ્યું હતું. હરિભક્તોએ સંતોને ધોતિયાં ઓઢાળી પૂજા કરી હતી. પ્રસાદી મંદિરનો કાર્યક્રમ તથા હમીરસરોવર મહાઆરતી પૂજન તથા ગુરુ પૂજનના યજમાન અ.નિ.ખીમજી રામજી કેરાઈ, અ.નિ.પ.ભ. માતૃ વાલબાઈ હસ્તે સુપુત્ર કરસન ખીમજી કેરાઈ ધ.પ. કાંતાબેન, સુપુત્ર રવિન્દ્રભાઈ ધ.પ. રોશ્રીબેન પૌત્રીઓ દેવિકા અને વેદી સહ પરિવાર ગામ કુંદનપૂર હાલે લંડન યુકે.એ લાભ લીધો હતો. હમીરસર સરોવરનો મહિમા સાથેની કથાના વક્તા પુરાણી સ્વામી પ્રકાશદાસજી વ્યાસપીઠ પર બિરાજમાન રહ્યા હતા. પૂજનની વ્યવસ્થા કોઠારી સ્વામી રામાનુજદાસજી, સ્વામી રામપ્રિયદાસજી, સ્વામી સુવ્રતમુનિદાસજી, સ્વામી આનંદસ્વરૂપદાસજી આદિ સંતોએ સંભાળી હતી. સંચાલન શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રિયદાસજીએ સંભાળ્યું હતું. આ ભવ્ય મહાઆરતીમાં માંડવી, અંજાર, રાપરના મંડળધારી સંતો તેમજ તમામ ગુરુકુળના સંતો, સાં.યો. બહેનો સાથે બહોળી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

# FILMY ગપશપ

## તબુ ફેન્સ માટે ખુશીના સમાચાર 'ડ્યુનઃ પ્રોફેસી' નવેમ્બરમાં રિલીઝ



મુંબઈ, તા.૨૨

તબુના ફેન્સ માટે ખુશીના સમાચાર છે. 'ડ્યુનઃ પ્રોફેસી'માં તબુનાં પહેલાં લૂકની ઝલક દેખાઈ છે. ગુરુવારે આ ફિલ્મનું બીજું ટીઝર જાહેર કરવામાં આવ્યું છે. જેમાં તબુનું પાત્ર પણ જોવા મળે છે. એચબીઓની આ ફિલ્મમાં તબુ સિસ્ટર ફ્રાન્સેસ્કાના રોલમાં છે. ટીઝરના અંતમાં તેની ઝલક દેખાઈ હતી, જોકે, ટીઝરમાં તેને કોઈ ડાયલોગ બોલતી નથી દર્શાવાઈ, પરંતુ બ્લેક ડ્રેસમાં તેનું પાત્ર પાવરફુલ દેખાય છે. તે અદબ વાળીને સીધી જ કેમેરામાં જુએ છે. તબુના પાત્ર સિવાય ટીઝર પરથી ખ્યાલ આવે છે કે બ્લેક ડ્રેસવાળી સિસ્ટરના ગ્રુપને બેની ગેસરીટ દ્વારા એક શક્તિશાળી સામાજિક, ધાર્મિક અને રાજકીય સેના તરીકે તાલીમ આપવામાં આવે છે. આ ટીઝરમાં એમિલી વોટ્સનની વાલ્યા હર્કોનેન પણ દેખાય છે. તે બોલે છે, 'બલિદાન કરવું જ પડશે.' આ ટીઝર યૂટ્યુબ પર શેર કરતાં તેણે લખ્યું, 'ખરી તાકાત નિયંત્રણ સાથે શરૂઆત કરે છે.' કેટલાંક અહેવાલો મુજબ તબુનું પાત્ર 'મજબૂત, બુદ્ધિશાળી અને આકર્ષક છે.' ફિલ્મના મેકર્સ દ્વારા મે મહિનામાં પહેલું ટીઝર રજૂ કરવામાં આવ્યું હતું. આ ટીઝર દર્શકોને સ્ટોરી શરૂ થાય તેના ૧૦ હજાર વર્ષ પાછળ લઈ જાય છે. તે બેને ગેસરીટ સિસ્ટરહૂડની શરૂઆત દર્શાવે છે, જે બહોળા પ્રમાણમાં સત્તા મેળવે છે. એમિલી વોટ્સન દ્વારા ભજવાતાં પાત્ર વાલ્યા હર્કોનેનની આગેવાનીમાં સિસ્ટરહુડ રહસ્યમય પ્રભાવથી ભવિષ્યની પ્રજાને આકાર આપવા માટે મહત્વનાં બની જાય છે.

ટીઝરના સિનોપ્સીસમાં લખાયું છે,"પોલ એટ્રીડીસની હત્યાના ૧૦૦૦૦ વર્ષ પહેલાં, ડ્યુનઃ પ્રોફેસી બે હર્કોનેન સિસ્ટર્સની વાત કરે છે જે ભવિષ્યની માનવજાતને ડરાવે છે અને એક કાલ્પનિક સંપ્રદાયની સ્થાપના કરે છે.

## સુષ્મિતા સેનની દિકરીએ 'બૅડ ન્યૂઝ'ના ડિરેક્ટરને આસિસ્ટ કર્યું




મુંબઈ, તા.૨૨

વિકી કૌશલ, એમી વિર્ક અને તૃપ્તિ ડિમરીની 'બૅડ ન્યૂઝ' શુક્રવારે રિલીઝ થઈ છે. આ ફિલ્મ સાથે સુષ્મિતા સેનની દિકરી રિની સેન પણ જોડાયેલી છે, તેમાં તેણે ઈન્ટર્ન આસિસ્ટન્ટ ડિરેક્ટર તરીકે કામ કર્યું છે. તેણે આ ફિલ્મમાં કામ કરવાના પોતાના અનુભવ તેમજ આભાર પ્રકટ કરતી પોસ્ટ સોશિયલ મીડિયા પર શેર કરી છે.

ઈન્સ્ટાગ્રામ પર તેણે ફિલ્મનાં સ્ક્રિનિંગ વખતની તેમજ સેટ પર તેણે કરેલાં કામ વખતની તસવીરો શેર કરી હતી. તેણે ફિલ્મના ડિરેક્ટર આનંદ તિવારી સાથે પણ એક તસવીર શેર કરી હતી, જેમાં બંને ખુશ દેખાતા હતા. આ સાથે ફિલ્મ ક્રેડિટમાં તેના નામની તસવીર પણ તેણે શેર કરી હતી. એક તસવીરમાં તે વિકી અને તૃપ્તિનો સીન હેન્ડલ કરતી પણ જોવા મળે છે. આ તસવીરોની પોસ્ટમાં તેણે લખ્યું હતું,"બૅડ ન્યુઝના સેટ પર કામ કરવા માટે હું દરેકની ઋણી છું. કોઈ ફિલ્મ સ્કૂલમાં જવા જેટલો સારો અનુભવ હતો... કદાચ તેનાથી પણ સારો...ફિલ્મના અદ્દભુત ક્રૂ પાસેથી મને ઘણું શીખવા મળ્યું છે અને મેં જીવનભરના મિત્રો બનાવ્યા છે." આ અનુભવ બદલ સહુનો આભાર વ્યક્ત કરતાં તેણે લખ્યું, "હું ડિરેક્ટર આનંદ તિવારીની આભારી છું.

આ તક આપવા માટે આભાર અને હું આશા રાખું કે એક દિવસ તમે મને પણ ડિરેક્ટ કરો. મારી આટલી સારી શરૂઆત માટે હું ડિંપલ મેથિઆસ અને અમ્રિતપાલ બિન્દ્રાની આભારી છું." આગળ રિનીએ લખ્યું,"મને બધું જ શીખવવા માટે અને બધી જ યાદો માટે અમનનો આભાર...તમે મારી સફરનો મહત્વનો ભાગ રહ્યા છો. ખાસ કરીને આ શક્ય બનાવવા માટે રેશ્મા શેટ્ટી મેમનો આભાર." અંતે તેણે લખ્યું," આપણે કરી બતાવ્યું, ટીમ! બૅડ ન્યૂઝ માટે ચીઅર્સ."

## ઉત્સુકતા : અલ્લુના મેનેજરને ખાતરી: ડિસેમ્બરમાં પુષ્પા ૨ નક્કી




મુંબઈ, તા.૨૨


ઈન્ડસ્ટ્રીના લોકો હોય કે પછી ઓડિયન્સ, દરેક 'પુષ્પા ૨- ધ રુલ'ની રિલીઝ બાબતે ખૂબ ઉત્સાહિત અને ઉત્સુક છે. ઘણા લોકોને એવી આશા કે એવો વિશ્વાસ છે કે આ ફિલ્મ બોક્સ ઓફિસ પર અનેક રેકોર્ડ તોડી નાખશે અને 'પુષ્પા'થી પણ વધુ સારી બનશે. તેથી ફિલ્મ તેની જાહેર થયેલી તારીખે રિલીઝ થશે કે પછી તેની રિલીઝ પાછી ઠેલાશે તે બાબતે અલ્લુ અર્જુનના ફેન્સ થોડા ચિંતામાં હતા. એવી પણ ચર્ચાઓ ચાલી રહી છે કે અલ્લુ અર્જુન અને ફિલ્મના ડિરેક્ટર સુકુમાર વચ્ચે મતભેદ થવાથી ફિલ્મનું શૂટિંગ અટકી ગયું છે. ત્યારે હવે અલ્લુ અર્જૂનના મેનેજર સરથ ચંદ્ર નાયડૂએ એક્સ પર ખુલાસો કર્યો છે.

પુષ્પાની ઈનસાઈડ્સ જાણવા હજારો લોકો આતુર છે. આવા જ એક ફેને સરથ ચંદ્રને ટેગ કરીને ફિલ્મ રિલીઝ અંગે પ્રશ્ન પૂછ્યો હતો. ત્યારે સરથ ચંદ્રએ જવાબ આપતાં લખ્યું હતું,"સુકુમાર ગરુએ ફિલ્મના પહેલા ભાગના એડિટિંગનું કામ શરૂ કરી દીધું છે. એડિટીંગ વચ્ચે બ્રેક લેવો એ સામાન્ય બાબત છે." જ્યારે વધુ એક યૂઝરે આ બ્રેક અંગે પૂછ્યું તો સરથ ચંદ્રએ પોતાની કમેન્ટમાં વિગતવાર સમજાવ્યું હતું કે પહેલા ભાગના એડિટ સિવાય ડિરેક્ટર સુકુમાર સીજીઆઈ પર પણ કામ કરી રહ્યા છે. તેમણે ફૅન્સને ખાતરી આપી હતી કે ફિલ્મનું કામ યોગ્ય ગતિએ ચાલી રહ્યું છે અને તે તેની નિયત તારીખ મુજબ ૬ ડિસેમ્બરે જ થિએટરમાં રિલીઝ થશે. 'પુષ્પા ધ રાઈઝ' પહેલો ભાગ ૨૦૨૧માં રિલીઝ થયેલો, ત્યારે કોઈ ખાસ પ્રમોશન વિના શાંતિથી ફિલ્મ રિલીઝ થઈ ગઈ હતી પરંતુ ટૂંક સમયમાં તે વખતની સૌથી મોટી સફળ ફિલ્મ બની ગઈ હતી. બધાં જ પ્લેટફર્મ્સ પર ફિલ્મ અને તેના ગીતોને પણ બહુ સારો પ્રતિસાદ મળ્યો હતો. આ ફિલ્મમાં અલ્લુ અર્જુન સાથે રશ્મિકા મંદાના, ફવાદ ફાઝિલ, અનસૂયા ભારદ્વાજ અને રાવ રમેશ સહિતના કલાકારો હતા.



શિવાંગી જોશી ઓરેન્જ લહેંગામાં ખૂબ જ સુંદર લાગી રહી છે. અભિનેત્રીએ કેમેરાની સામે શાનદાર પોઝ આપ્યા છે.ઓરેન્જ લહેંગા લૂકમાં ટીવી એક્ટ્રેસ શિવાંગી જોશી ખૂબ જ સુંદર લાગી રહી છે.શિવાંગી જોશી અલગ-અલગ અંદાજમાં શાનદાર પોઝ આપતી જોવા મળી રહી છે. યે રિશ્તા ક્યાં કહેલાતા હૈ છેલ્લા ઘણા વર્ષથી લોકોનું મનોરંજન કરી રહ્યો છે અને ફેન્સ શોના સ્ટારકાસ્ટને પણ ખૂબ પ્રેમ કરે છે.

## રામ ચરણની ઈન્ડિયન ફિલ્મ ફેસ્ટિવલ મેલબર્નના એમ્બેસેડર તરીકે પસંદગી



મુંબઈ, તા.૨૨

ઓસ્ટ્રેલિયાના મેલબોર્ન ખાતે ૧૫થી ૨૫ ઓગસ્ટ દરમિયાન ૧૫મા ઈન્ડિયન ફિલ્મ ફેસ્ટિવલ ઓફ મેલબોર્નનું આયોજન થવાનું છે, જેમાં રામ ચરણને અતિથિ વિશેષ તરીકે આમંત્રણ આપવામાં આવ્યું છે, આ અંગે તેણે પોતાના સોશિયલ મીડિયા પર આભાર વ્યક્ત કર્યો હતો. દર વર્ષે વિક્ટોરિયન સ્ટેટ ગવર્નમેન્ટ દ્વારા આ ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવે છે, જે વૈશ્વિક સ્તરે ભારતીય સિનેમાની ઉજવણી કરે છે. આઈએફએફએમ દ્વારા સોશિયલ મીડિયા પર તેની જાહેરાત કરવામાં આવી હતી, જેનાથી ફેન્સ ઘણા ઉત્સુક છે. તેમની જાહેરાતમાં તેમણે ઉત્સાહપૂર્વક રામ ચરણને આવકારીને તેને 'ગ્લોબલ સ્ટાર' ગણાવ્યો હતો. આ પ્રસંગે ભારતીય સિનેમામાં મહત્વના રોલ કરનાર રામ ચરણ માત્ર અતિથિ વિશેષ જ નહીં પરંતુ તેને ભારતીય કલા અને સંસ્કૃતિના એવોર્ડ માટેનો એમ્બેસેડર નીમવામાં આવ્યો છે. તે દર્શાવે છે કે રામચરણના ફિલ્મ ક્ષેત્રે પ્રદાનની વિશ્વકક્ષાએ નોંધ લેવાઈ છે. આ અંગે રામ ચરણે પણ સોશિયલ મીડિયા પર આભાર વ્યક્ત કર્યો હતો. તેણે લખ્યું હતું, "આપણી ફિલ્મ ઈન્ડસ્ટ્રીનું પ્રતિનિધિત્વ કરવું અને વિશ્વભરના ફિલ્મ રસિકો સાથે સંપર્ક કરવો એ મારા માટે ગૈરવપૂર્ણ વાત છે." આ ઈવેન્ટ બાબતે લોકોમાં ઉત્સાહ વધારવા માટે રામ ચરણ ઉત્સુક છે, જ્યાં તે વિશ્વકક્ષાએ ભારતીય સિનેમાનું સાસાંકૃતિક વૈવિધ્ય દર્શાવી શકે. આઈએઈએઈએમમાં તેની હાજરી યાદગાર ગણાશે, જે ઉત્કૃષ્ટ સિનેમાની ઉજવણી અને સાંસ્કૃતિક આદાન પ્રદાનની ખાતરી આપે છે.

## અક્ષય કુમારની ૩ ફિલ્મો એક જ દિવસે રિલીઝ થશે



મુંબઈ, તા.૨૨

હાલનો સુપર સ્ટારની ફિલ્મોનો ટ્રેન્ડ એવો છે કે મુશ્કેલથી બે કે ત્રણ વર્ષે તેમની એક મોટી ફિલ્મ આવતી હોય છે. પરંતુ અક્ષય કુમારના કેસમાં આવું નથી, તેની ફિલ્મો આખું વર્ષ થિએટરમાં જોવા મળતી રહે છે. જોકે ફિલ્મ વિશ્લેશકો અને નિષ્ણાતો આ જ બાબતને અક્ષય કુમારની ફિલ્મો ફલોપ જવાનું કારણ ગણાવે છે. આ જ કારણ છે કે અક્ષય કુમારના ફૅન્સને તેની ફિલ્મોની આતુરતા કે ઉત્સુકતા રહેતી નથી. તેનું પરિણામ બોક્સ ઓફિસ પર દેખાય છે. એ જ બાબત છેલ્લી કેટલીક ફલોપ ફિલ્મો માટે પણ જવાબદાર ગણવામાં આવે છે. ઘણા ડિરેક્ટર્સ અને પ્રોડ્યુસર્સ એકબીજા સાથે ક્લેશ ચાળવા સતત પ્રયત્ન કરતાં રહેતાં હોય છે, તેનાથી ઉલટું હવે એવા અહેવાલો આવી રહ્યા છે કે એક વર્ષ તો છોડો પણ એક જ દિવસમાં અક્ષય કુમારની એક સાથે ત્રણ ફિલ્મો એક જ દિવસે રિલીઝ થશે અને એકબીજા સાથે ક્લેશ થશે. આ ત્રણ ફિલ્મો ૧૫ ઓગસ્ટના દિવસે જ રિલીઝ થવા જઈ રહી છે. અક્ષયની નવી ફિલ્મ 'ખેલ ખેલ મેં' ૧૫ ઓગસ્ટે રિલીઝ થઈ રહી છે. હજુ તો તેના એક મહિના પહેલાં જ તેની 'સરફિરા' રિલીઝ થઈ છે, જે પણ બોક્સ ઓફિસ પર કોઈ ખાસ કમાણી કરી શકી નથી. આ ઉપરાંત ૧૫ ઓગસ્ટે 'સ્ત્રી ૨' રિલીઝ થઈ રહી છે. આ ફિલ્મમાં પણ અક્ષય કિમારે કેમિયો કર્યો છે. 'સ્કાફોર્સ' ફિલ્મનું ટીઝર રિલીઝ થઈ ચૂક્યું છે. તે પણ ૧૫ ઓગસ્ટના દિવસે જ રિલીઝ થશે. આ ફિલ્મમાં પણ અક્ષય છે.

## 'કંગુવા'માં સૂર્યા ૩ અલગ લૂકમાં જોવા મળશે




મુંબઈ, તા.૨૨


સૂર્યાની બહુપ્રતિક્ષિત 'કંગુવા' ૧૦ ઓક્ટોબરે થિએટરમાં રિલીઝ થવા જઈ રહી છે. ફિલ્મમાં સૂર્યાનો ખતરનાક એક્શન અંદાજ જણાય છે. રિલીઝ પૂર્વે જાણવા મળેલી માહિતી મુજબ, આ ફિલ્મમાં સૂર્યા ૩ અલગ અલગ અવતારમાં જોવા મળશે.

ફિલ્મ સાથે સંકળાયેલા સોસીસે માહિતી આપી છે કે, સૂર્યા આ ફિલ્મમાં ત્રણ પાત્ર ભજવે છે અને એ ત્રણેય માટે તેણે અલગ લૂક અપનાવ્યા છે, જેના માટે તેણે ખૂબ મહેનત કરી છે કારણ કે આ ત્રણેય પાત્ર ફિલ્મ માટે ખૂબ મહત્વના છે. જે ફિલ્મમાં અલગ અલગ લેયર ઉમેરે છે. 'કંગુવા'માં સૂર્યા લીડ રોલમાં છે, જેના બે લૂક પહેલાંથી જ જાહેર થઈ ચૂક્યા છે, જે દર્શકોમાં ફિલ્મ વિશે વધુ ઉત્સુકતા જગાવે છે. એવું માનવામાં આવે છે કે, આ ભારતીય સિનેમાના ઈતિહાસની સૌથી મોંઘી ફિલ્મ હશે, જેના માટે વિશ્વભરના શ્રેષ્ઠ ટેક્નિશિયન્સ લાવવામાં આવ્યા છે. કારણ કે આ એક અનોખી પૌરાણિક કાળની ફિલ્મ છે.

આ ફિલ્મથી બૉબી દેઓલ, દિશા પટાણી જેવા કલાકારો તમિલ સિનેમામાં ડેબ્યુ પણ કરશે. તે ઉપરાંત તેમાં નટરાજન સુબ્રમણિયન, જગપતિ બાબુ, યોગી બાબુ, રેડિન કિંગ્સ્લે, કોવાઈ સરલા, આનંદ રાજ રવિ રાઘવેન્દ્ર અને આવા અન્ય જાણીતા કલાકારો પણ મહત્વના રોલમાં જોવા મળશે. આ ફિલ્મમાં લગભગ ૧૦૦૦૦ લોકોને સમાવતું યુદ્ધનું દૃશ્ય હોવાની પણ ચર્ચા છે. 'કંગુવા'નું મોટાભાગનું શૂટિંગ પૂરું કર્યા પછી સૂર્યા હાલ તે ૪૪મી ફિલ્મનું શૂટિંગ કરી રહ્યો છે, જેમાં તેની સાથે પૂજા હેગડેને લેવામાં આવી છે. આ ફિલ્મમાંથી સૂર્યાનો લૂક પણ જાહેર થઈ ચૂક્યો છે.



નમ્રતાએ હાલમાં જ તસવીરો શેર કરી છે. આ તસવીરોમાં નમ્રતા બ્રાલેટ પહેરેલી જોવા મળી રહી છે.નમ્રતાની આ તસવીરો સોશિયલ મીડિયા પર ખૂબ જ ખળભળાટ મચાવી રહી છે.અભિનેત્રી નમ્રતા મલ્લાનું સોશિયલ મીડિયા એકાઉન્ટ બોલ્ડ તસવીરોથી ભરેલું પડ્યું છે.



અવનીત કૌરના ફોટા આવતા જ સોશિયલ મીડિયા પર પોપ્યુલર થઈ જાય છે.આ દરમિયાન અવનીત કૌરે તેના નવા ફોટા શેર કર્યા છે.આ તસવીરોમાં અવનીત કૌર ખૂબ જ સુંદર લાગી રહી છે.આ વાયરલ તસવીરમાં અવનીત કૌર ખૂબ જ બોલ્ડ લાગી રહી છે.

# SPORTS કોર્નર


## પેરિસ ઓલિમ્પિક્સ ૨૦૨૪: આ વર્ષે ગરમી તોબા-તોબા પોકરાવશે

પેરિસ

પેરિસમાં લગભગ આઠ દાયકા ઓલિમ્પિકનું આયોજન થઈ રહ્યું છે. છેલ્લી ઓલિમ્પિક્સ અહીં ૧૯૪૭માં યોજાઈ હતી. આ વર્ષોમાં સરેરાશ તાપમાનમાં ૧.૮ ડિગ્રી સેલ્સિયસનો વધારો થયો છે. છેલ્લા ૧૦૦ વર્ષમાં, પેરિસમાં હીટવેવની ૫૦ મોટી ઘટનાઓ બની છે. તેથી, હવે ખેલાડીઓ અને આયોજકોને ચિંતા છે કે રમતોનું આયોજન કેવી રીતે થશે?

૨૦૦૩ના હીટવેવમાં ફ્રાન્સમાં ૧૪ હજાર લોકોના મોત થયા હતા. ત્યારથી ગરમીનું પ્રમાણ વધુ ચરમસીમાએ પહોંચ્યું છે. તેમાં લગભગ ૧૦ ગણો વધારો થયો છે. પેરિસમાં ગરમીના કારણે મરનારાઓની સંખ્યામાં ૭૦ ટકાનો વધારો થયો છે. ઓલિમ્પિક દરમિયાન પેરિસમાં બે અઠવાડિયા સુધી હીટવેવની શક્યતા છે. આ પહેલા વર્ષ ૨૦૦૩માં આ ઘટના બની હતી.

૨૦૦૩ કરતા આ વખતે સ્થિતિ વધુ ખરાબ થઈ શકે છે. ૨૦મી સદીમાં તાપ માનનો રેકોર્ડ તોડવો સરળ ન હતો. પરંતુ હવે તે દરરોજ તૂટી રહ્યું છે. ગયા વર્ષે ધ લેન્સેટ પ્લેનેટ હેલ્થ જર્નલમાં એક અભ્યાસ પ્રકાશિત થયો હતો.



જેમાં કહેવામાં આવ્યું હતું કે સમગ્ર યુરોપમાં પેરિસમાં હીટવેવ અને ગરમીના કારણે સૌથી વધુ ૮૫૪ મૃત્યુ થયા છે. તેની પાછળનું સૌથી મોટું કારણ હરિયાળીનો અભાવ અને વસ્તીની ઊંચી ગીચતા છે. આ વખતે સ્થિતિ વધુ વણસી શકે છે. પેરિસ છેલ્લા પાંચ વર્ષમાં ખૂબ જ ગરમ હવામાનનો સામનો કરી રહ્યું છે. જુલાઈ ૨૦૧૯માં પેરિસમાં રેકોર્ડ મહત્તમ તાપમાન ૪૨.૬ ડિગ્રી સેલ્સિયસ હતું. આ વખતે વધુ થવાની ધારણા છે.

જુલાઈ મહિનામાં લઘુત્તમ તાપમાનમાં ૨.૮ ડિગ્રી સેલ્સિયસનો વધારો થવાની ધારણા છે. જ્યારે મહત્તમ તાપમાન ૨ ડિગ્રી સે. ઓગસ્ટમાં લઘુત્તમ તાપમાન ૨.૯ ડિગ્રી સેલ્સિયસ અને મહત્તમ તાપમાન ૨.૪ ડિગ્રી સેલ્સિયસ રહેશે. સપ્ટેમ્બરમાં લઘુત્તમ તાપમાન ૨.૧ ડિગ્રી સેલ્સિયસ અને મહત્તમ તાપમાન ૧.૨ ડિગ્રી સેલ્સિયસ વધુ રહેશે. જો જુલાઈથી સપ્ટેમ્બરના સમયગાળાની વાત કરીએ તો લઘુત્તમ તાપમાન ૨.૬ ડિગ્રી સેલ્સિયસ અને મહત્તમ તાપમાન ૧.૯ ડિગ્રી સેલ્સિયસ વધુ રહેશે. સરેરાશ તાપમાનમાં કુલ ૨.૨ ડિગ્રી સેલ્સિયસનો વધારો થશે.

ઓલિમ્પિકમાં સૂર્યપ્રકાશ અને તીવ્ર ગરમીના કારણે મેરેથોન, ટેનિસ અને બીચ વોલીબોલને અસર થઈ શકે છે. ખેલાડીઓમાં તે સહન કરવાની ક્ષમતા હોય છે પરંતુ રમત જોનારા દર્શકો સહન કરતા નથી. ખુલ્લા વિસ્તારોમાં દર્શકોની સ્થિતિ વધુ ખરાબ થઈ શકે છે. ઓલિમ્પિક સ્થળો એટલે કે સ્ટેડિયમ વગેરેનું નિર્માણ કરતી ફ્રેન્ચ એજન્સીના વડા નિકોલસ ફેરાન્ડે સંસદને ખાતરી આપી છે કે વધતી ગરમીને અનુરૂપ તમામ ઈન્ડોર સુવિધાઓ બનાવવી જોઈએ.

## એડિડાસની એડમાં ૧૯૭૨ ઓલિમ્પિકની વાત કરવા બદલ મોડેલ બેલ્લા હદિદ કેસ માંડશે

મુંબઈ,તા.૨૨

જાણીતી અમેરિકન મોડેલ બેલ્લા હદિદને સ્પોર્ટ્સ બ્રાન્ડ એડીડાસે મોડેલ બનાવી હતી. એડિડાસની તાજેતરની એડવર્ટાઈઝમેન્ટમાં ૧૯૭૨ના ઓલિમ્પિકની વાત કરવામાં આવી છે. આ ઓલિમ્પિકમાં પેલેસ્ટાઈનના હુમલાખોરોએ ઈઝરાયેલ-જર્મનીના ખેલાડીઓની હત્યા કરી હતી. હાલ પેલેસ્ટાઈન-ઈઝરાયેલ સંઘર્ષ ચરમસીમાએ છે અને બેલ્લા હદિદ પોતાને ચુસ્ત પેલેસ્ટિનિયન ગણાવે છે. પેલેસ્ટાઈનનું સમર્થન કરવા બદલ મોડેલિંગનું કામ ઘટી જાય તો પણ હદિદને પરવા નથી. આ એડ બાદ તેણે પોતાને મોડેલ બનાવનારી કંપની સામે જ કેસ માંડવાની તૈયારી કરી છે. એથલેટિક વેર બનાવતી કંપનીની ૫૨મી એનિવર્સરી નિમિત્તે ૧૯૭૨માં મ્યુનિચ ખાતે યોજાયેલા ઓલિમ્પિકને યાદ કરાયો હતો. આ એડ થકી કંપનીએ ૧૯૭૦ના ક્લાસિક કલેક્શનમાંથી સ્નીકરની રેન્જ રીવાઈવ કરી હતી. અગાઉ એડિડાસની એડ માટે બેલ્લા હદિદને ફાઈનલ કરવામાં આવી હતી. જો કે હદિદે પેલેસ્ટાઈન તરફી વલણ રાખતાં તેને સાઈડલાઈન કરાઈ હતી. હદિદને જાહેરખબર ગુમાવ્યાનું દુઃખ તો હતું જ, પરંતુ તેને દૂર કરીને એડિડાસે મ્યુનિચ ઓલિમ્પિકની વાત કરી હતી. અહીંયા પેલેસ્ટાઈનના હુમલાખરોએ સામૂહિક નરસંહાર કર્યો હતો. ભૂતકાળના આ હુમલાની વાત તાજી થાય તો તેની અસર ઈઝરાયલ-પેલેસ્ટાઈન યુદ્ધ પર પડી શકે છે તેવું હદિદ માને છે. હદિદનો જન્મ ૧૯૯૬માં અમેરિકાના વોશિંગ્ટન ડીસીમાં થયો હતો. જો કે તેના પિતા પેલેસ્ટાઈનના હતા. પોતાના મન અને મગજમાં પેલેસ્ટીન હોવાનું હદિદ જાહેર કરી ચૂકી છે.

અમેરિકામાં રહેતા યહૂદી સમાજે હદિદનો વિરોધ કર્યો છે અને તેને એન્ટિ-ઈઝરાયેલ મોડેલ ગણાવી છે. એડિડાસે તાજેતરની એડમાં હદિદને પડતી મૂકી છે ત્યારે પોતાને મોડેલ બનાવનારી કંપની સામે જ કેસ માંડવાની તૈયારી તેણે આદરી છે. વિવાદ વધવાની આશંકાના પગલે એડિડાસે પણ જાહેરખબર પાછી ખેંચી લીધી છે.

## સૂર્યકુમારટી ૨૦માં વિશ્વના શ્રેષ્ઠ બેટ્સમેનોમાંના એક : અજીત અગરકર

મુંબઈ,તા.૨૨

ટી ૨૦ વર્લ્ડ કપ ચેમ્પિયન બન્યા બાદ ટીમ ઈન્ડિયામાં ઘણા બદલાવ જોવા મળ્યા હતા. ગૌતમ ગંભીરની મુખ્ય કોચ તરીકે નિમણૂક થતાંની સાથે જ ટી ૨૦માં કેપ્ટનશીપના સ્તરે ફેરફાર કરવામાં આવ્યો હતો. ટી ૨૦ વર્લ્ડ કપ ૨૦૨૪માં વાઈસ-કેપ્ટન રહેલા હાર્દિક પંડ્યાને ટી ૨૦ ઈન્ટરનેશનલમાંથી નિવૃત્તિ લીધા બાદ રોહિત શર્માના સ્થાને લેવામાં આવી રહ્યો હતો. જો કે, આવું બન્યું ન હતું. શ્રીલંકા પ્રવાસ માટે સૂર્યકુમાર યાદવને ટી-૨૦નો નવો કેપ્ટન બનાવવામાં આવ્યો હતો. આ નિર્ણયને સોશિયલ મીડિયા તેમજ પૂર્વ ક્રિકેટરોએ ટીમ માટે યોગ્ય ન ગણાવ્યો હતો. હવે મુખ્ય પસંદગીકાર અજીત અગરકરે આ નિર્ણય પાછળની કહાની જાહેર કરી છે. સોમવારે કોચ ગંભીર સાથેની પ્રેસ કોન્ફરન્સ દરમિયાન અગરકરે જણાવ્યું કે તેને આ નિર્ણય લેવાની ફરજ કેમ પડી.

અગરકરે કહ્યું- સૂર્યકુમારનું ક્રિકેટિંગ મન સારું છે અને તે ટી ૨૦માં વિશ્વના શ્રેષ્ઠ બેટ્સમેનોમાંના એક છે. અમારા માટે, કેપ્ટનની પસંદગી કરતી



વખતે થીમ એ હતી કે અમે એવા કેપ્ટન ને પસંદ કરવા માગીએ છીએ જે ભવિષ્યમાં ટીમ ઈન્ડિયા માટે લગભગ તમામ મેચ રમશે. અમને લાગ્યું કે સૂર્યકુમાર કેપ્ટનશિપ માટે લાયક છે અને આવનારા સમયમાં તેનું પ્રદર્શન કેવું છે અને તે આ ભૂમિકાને કેવી રીતે અપનાવે છે તે જોવા મળશે.

હાર્દિક વિશે અગરકરે કહ્યું, 'પંડ્યા હજુ પણ અમારા માટે સૌથી મહત્વપૂર્ણ ખેલાડીઓમાંથી એક છે. અમે ઈચ્છીએ છીએ કે તે એવા ખેલાડી બને જે તે બની શકે. તેની પાસે જે કૌશલ્ય છે તે શોધવું ખૂબ મુશ્કેલ છે. જોકે, ફિટનેસ તેના માટે ખરેખર પડકારજનક રહી છે. આવી સ્થિતિમાં કોચ, પસંદગીકાર અને ટીમ મેનેજમેન્ટ માટે થોડું મુશ્કેલ બની જાય છે. આગામી ટી ૨૦ વર્લ્ડ કપ પહેલા અમારી પાસે ઘણો સમય છે. આવી સ્થિતિમાં, અમે કેટલીક વસ્તુઓ અજમાવવા માંગીએ છીએ અને પરિસ્થિતિ કેવી રીતે આગળ વધે છે તે જોવા માંગીએ છીએ, પરંતુ હાર્દિક હજી પણ અમારા માટે સૌથી મહત્વપૂર્ણ ખેલાડી છે. અગરકરે એ પણ જણાવ્યું કે કેપ્ટન બદલવાનો ફોન લેતી વખતે હાર્દિક અને સૂર્યકુમાર સહિત તમામ ખેલાડીઓ સાથે વાત કરવામાં આવી હતી. મતલબ કે હાર્દિકને આ વાત પહેલાથી જ ખબર પડી ગઈ હતી.

અગરકરે કહ્યું- જ્યારે હાર્દિક કેએલ રાહુલની જગ્યાએ કેપ્ટન બન્યો ત્યારે હું પસંદગીકાર નહોતો. જ્યારે હું પસંદગીકાર બન્યો ત્યારે વનડે વર્લ્ડ કપ આવી રહ્યો હતો અને તેના લગભગ તરત જ ટી ૨૦ વર્લ્ડ કપ હતો. હાર્દિક માટે ફિટનેસ એક સમસ્યા છે. માત્ર ફિટનેસ જ નહીં, અમને લાગે છે કે સૂર્યકુમારમાં સફળ કેપ્ટન બનવાની ક્ષમતા છે. બે વર્ષ લાંબો સમય છે અને આ સ્થિતિમાં આપણી પાસે કંઈક અજમાવવાનો સમય છે. અમે એવા ખેલાડીઓને વધુમાં વધુ તક આપવા માંગીએ છીએ.

# ગાંધીધામને સ્વચ્છ-હરિયાળું બનાવવાની નેમ



ગાંધીધામ ચેમ્બર ખાતે કચ્છના સાંસદનો સન્માન સમારોહ યોજી ચેમ્બર સહિત સંકુલના વિવિધ સમાજો-એસોસીએશનોએ કરેલુ સાંસદનું અભિવાદન કર્યુ સ્વચ્છતા-પર્યાવરણ જાગૃતિ પર ભાર મુકી ગાંધીધામને હરિયાળુ-સ્વચ્છ બનાવવા નેમ વ્યક્ત કરાઇ

ગાંધીધામ તા.૨૨

કચ્છના સાંસદ વિનોદ ચાવડા સતત ત્રીજી વાર લોકસભાની કચ્છ બેઠક ઉપરથી જંગી બહુમતિથી ચુંટાતા અગ્રણી વેપારી સંસ્થા ગાંધીધામ ચેમ્બર દ્વારા તેઓનું અભિવાદન કરવા સન્માન સમારોહ રાખવામાં આવ્યો હતો. કાર્યક્રમના આરંભે સાંસદ વિનોદ ચાવડાનું ચેમ્બર પ્રમુખ મહેશ પુજ, પૂર્વ પ્રમુખ તેજા કાનગડ, ઉપપ્રમુખ દિપક પારખ, માનદ મંત્રી મહેશ તિર્થાણી અને માનદ સહમંત્રી જતિન અગ્રવાલ દ્વારા પુષ્પગુચ્છ સાથે શાલ ઓઢાડી મેમેન્ટો અર્પણ કરી સ્વાગત કરવામાં આવ્યું હતું. સંકુલના ૪૫ થી વધુ એસોસીએશનો અને સમાજોના પદાધિકારીઓ દ્વારા સાંસદનું પુષ્પ ગુચ્છથી સન્માન કરવામાં આવ્યું હતું અને ગાંધીધામના ધારાસભ્ય માલતી મહેશ્વરીનું પણ સ્વાગત કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆતમાં ચેમ્બર માનદ મંત્રી મહેશ તિર્થાણીએ સૌને આવકારી તાજેતરમાં સંપન્ન થયેલ ૧૮મી લોકસભામાં સળંગ ત્રીજી વાર જંગી બહુમતિથી ચુંટાવા બદલ સમસ્ત ચેમ્બર વતીથી અભિનંદન પાઠવી તેઓની કચ્છના વિકાસ અને જનહિતના કાર્યો માટેની નિષ્ઠાને બિરદાવતા જણાવ્યું હતું કે, તેઓ દેશના સૌથી મોટા અને ઔદ્યોગિક, પ્રવાસન અને કૃષિ ક્ષેત્રે રાજયનું હબ એવા જિલ્લાના સર્વગ્રાહી વિકાસ માટે સદાય તત્પર રહેતા હોય છે અને આવનારા વર્ષોમાં તેમના માર્ગદર્શન હેઠળ જિલ્લાના વિકાસ માટેના ઘણા કાર્યો થશે, તેવી આશા વ્યક્ત કરી હતી ચેમ્બર પ્રમુખ મહેશ પુજે સ્વાગત પ્રવચનમાં સાંસદને અભિનંદન પાઠવી જણાવ્યું હતું કે, ગાંધીધામ ચેમ્બરની રાજય અથવા કેન્દ્ર સરકાર સમક્ષની કોઇ પણ રજુઆતોના સમર્થનમાં શ્રી વિનોદભાઇ ચાવડાનો ચેમ્બરને સદાય સાથ અને સહકાર રહયો છે. ગાંધીધામને મહાનગર પાલિકાનો દરજ્જો આપવા માટે તેઓનો સહયોગ માટે ખાસ આભાર વ્યક્ત કરી તેઓએ જણાવ્યું હતું કે, આગામી સમયમાં કચ્છમાં આકાર લઇ રહેલા તુણા-ટેકરા ટેનર ટર્મિનલ અને ગ્રીન હાઇડ્રોજન પ્રોજેકટ અંતર્ગત કચ્છમાં ૫-૭ લાખ કરોડનું રોકાણ થવા જઇ રહયું છે ત્યારે માળખાગત સુવિધાઓ માટે સાંસદશ્રીની ત્રીજી ટર્મમાં સંક્લના વિકાસ માટે માર્ગદર્શન અને સહયોગ મળતો રહેશે અને જિલ્લાની વિકાસયાત્રા આગળ વધશે, તેમ જણાવેલ ચેમ્બરના અભિવાદનનો આભાર વ્યક્ત કરતા સાંસદ વિનોદ ચાવડાએ જણાવ્યું હતું કે, ગાંધીધામ ચેમ્બર સંકુલના વેપાર- ઉદ્યોગ પુરતુ જ નહિં, પરંતુ કચ્છના વિકાસ માટે સતત પ્રવૃતિશીલ રહેતી સંસ્થા સાથેનો તેમનો છેલા ૧૦ વર્ષનો અનુભવ વર્ણવ્યો હતો. વેપાર સાથે સામાજિક લોકહિતના કાર્યો કરી ચેમ્બર રાષ્ટ્ર હિતના કાર્યમાં પણ અગ્રેસર રહે છે. ગાંધીધામ જિલ્લાનું આર્થિક કેન્દ્ર છે અને આવનારા સમયમાં વિકાસના ઘણા કાર્યો ચેમ્બરને સાથે રાખીને કરવાના છે.

સ્વચ્છ ગાંધીધામ અને મતદાન જાગૃતિ અભિયાનની ઝુંબેશોમાં ચેમ્બરના યોગદાનની પ્રશંસા કરતા તેમણે ગાંધીધામ શહેરને ઈન્દોર શહેરની જેમ સ્વચ્છ અને હરિયાળું બનાવવાની નેમ વ્યક્ત કરી હતી અને બધી સંસ્થાઓ સાથે બેઠક કરી દરેક વર્ગનું સંતુલન જળવાઇ રહે, તે પ્રમાણે સંક્લનો વિકાસ કરવા સર્વની સાથ અને સહકારની અપીલ કરી હતી.

વૃક્ષારોપણ અને વરસાદી પાણીના સંગ્રહનો મહત્વ જણાવી તેઓએ અલગ-અલગ ગ્રામ્ય વિસ્તારોમાં થયેલા સફળ વૃક્ષારોપણોના ઉદાહરણ આપીને સૌને આ કાર્યમાં આગળ આવવા તથા માનવતા અને રાષ્ટ્ર ધર્મ બજાવવા અનુરોધ કર્યો હતો. કચ્છ માટે વંદે ભારત તથા અન્ય ટ્રેનસેવાઓ, એર ક્નેકટીવીટી, રામબાગ હોસ્પિટલનું અપગ્રેડેશન, વિગેરે માટે તેઓએ મંત્રાલયો સમક્ષ રજુઆત કરી સફળતા મેળવવા નિર્ધાર વ્યક્ત કર્યો હતો. ચેમ્બર દ્વારા આયોજિત જલ સંરક્ષણ મેળાની મુલાકાત લઇ દરેક બુથ ઉપર જઇ પાણી સંગ્રહ અને જળ સંરક્ષણ અંગેની વિસ્તૃત માહિતી પ્રાપ્ત કરી હતી. ત્યારબાદ ગાંધીધામ ચેમ્બરના સ્વચ્છતા અભિયાન અર્થે ડસ્ટબીન વિતરણ કાર્યક્રમ અંતર્ગત તેઓના વરદહસ્તે શહેરના વેપારીઓને ડસ્ટબીન વિતરણ કરવામાં આવેલ હતું.

## ગુજરાતની કૌશલ્યા યુનિવર્સિટી ડી.જી.સી.એ. દ્વારા ડ્રોન ઉત્પાદનનું ટાઈપ સર્ટિફિકેટ મેળવનાર દેશની પ્રથમ યુનિવર્સિટી બની

# ગુજરાતમાં કૌશલ્યા યુનિવર્સિટીમાં ડ્રોન ઉત્પાદનની નવી પહેલ

અમદાવાદ તા.૨૨

દેશના યુવાનોને વિવિધ ક્ષેત્રોમાં વિનામુલ્યે તાલીમ આપવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પ્રધાનમંત્રી કૌશલ વિકાસ યોજના અમલમાં મુકી છે, જેના થકી દેશના યુવાનોને રોજગારી ઉપલબ્ધ થઈ રહી છે. ૧૪ થી ૩૫ વર્ષની વયજૂથના યુવાનો આ મિશન હેઠળ તાલીમ મેળવી શકે છે, જેમાં ત્રણ મહિના, છ મહિના અને એક વર્ષ માટે તાલીમ માટે નોંધણી કરાવવાની હોય છે આ કોર્ષ પૂર્ણ કર્યા બાદ તેમને પ્રમાણપત્ર આપવામાં આવે છે.

કૌશલ્યા યુનિવર્સિટીની અમદાવાદ ખાતે કાર્યરત ડ્રોન મંત્રા લેબને ડાયરેકટરેટ જનરલ સિવિલ એવીએશન(ડી.જી.સી.એ), નવી દિલ્હી દ્વારા ડ્રોન ઉત્પાદન માટે ટાઈપ સર્ટિફિકેટ એનાયત કરવામાં આવ્યું છે, આ પ્રકારનું સર્ટિફિકેટ મેળવનાર દેશની પ્રથમ યુનિવર્સિટી બની છે. ડ્રોન મંત્રા લેબ રાયપુર અમદાવાદ ખાતે ૧૦૦ જેટલા ડ્રોનનું ઉત્પાદન કરવામાં આવ્યું છે. ડી.જી.સી.એ. દ્વારા રિમોટ પાયલોટ ટ્રેનિંગ માટે UIN નંબર ધરાવતા ઓછામાં ઓછા બે ડ્રોન હોવા આવશ્યક છે, જે જોતાં હવે યુનિવર્સિટી દ્વારા ઉત્પાદિત આ ડ્રોનનો ઉપયોગ ડ્રોન પાયલોટ તાલીમની સુવિધા રાજ્યના અન્ય જિલ્લાઓમાં વિસ્તારવા માટે કરવામાં આવશે જેથી આ તાલીમ મેળવવા ઈચ્છુક યુવાનોને ઘરઆંગણે નજીવા દરે તાલીમ ઉપલબ્ધ થઈ શકશે. કૌશલ્યા સ્કિલ યુનિવર્સિટી દ્વારા રિમોટ પાયલોટ ટ્રેનિંગ ઓર્ગેનાઈઝેશન કાર્યરત કરવામાં આવશે જ્યાં ખેડૂતો તથા ખેડૂત પુત્રોને ખાનગી ક્ષેત્રે ડ્રોન પાયલોટ તાલીમ આપવામાં આવશે. ખાનગી ક્ષેત્રે આવી તાલીમ રૂ. ૫૦,૦૦૦ થી ૬૦,૦૦૦માં આપવામાં આવે છે જ્યારે આર.પી.ટી.ઓ. ખાતે માત્ર રૂ.૧૨૦૦ના નજીવા દરથી ખેડૂતોને સાત દિવસની તાલીમ આપવામાં આવશે. ખેડૂતોના પાકમાં રાસાયણિક ખાતર તથા દવાના છંટકાવ માટે ડ્રોન ટેક્નોલોજીથી છંટકાવ કરવો તે હાલના સમયમાં કૃષિક્ષેત્રની માંગ છે હાલની રૂઢિગત પરંપરા મુજબ પંપ થી છંટકાવના કારણે ખેડૂતોના સ્વાસ્થ્યને વિપરીત અસર થાય છે, ઉપરાંત દવાનો વધુ વ્યય થાય છે, જ્યારે ડ્રોનથી છંટકાવ કરવાથી દવા-ખાતરની બચત કરી સમગ્ર ખેતરમાં જરૂરિયાત મુજબની માત્રામાં છંટકાવ થવાથી ખેત ઉત્પાદનમાં પણ વધારો થશે, આ અંગે વધુ માહિતી કૌશલ્યા યુનિ.ની વેબસાઈટ https://kaushalyaskilluniversity.ac.in/gujrati/index.php પર ઉપલબ્ધ છે. વડાપ્રધાન શ્રી મોદીના 'સ્કિલ ઈન્ડિયા'ના વિઝનને સાર્થક કરવા ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્યમાં યુવાનોને સમયની માંગ અનુસાર કૌશલ્ય તાલીમ પ્રદાન થાય તેના માટે આયોજનબદ્ધ કામગીરી થઇ રહી છે. 'કૌશલ્ય સાથે શિક્ષણ'ના હેતુ સાથે રાજ્યના યુવાનોના કૌશલ્યને કેન્દ્રમાં રાખીને 'સ્કિલ સ્માર્ટ' અભ્યાસ થકી રોજગારી આપવાના ઉદ્દેશથી કૌશલ્ય-ધ સ્કિલ યુનિવર્સિટીની સ્થાપના વર્ષ ૨૦૨૧માં કરવામાં આવી છે. હાલમાં આ યુનિ. દ્વારા જુદી જુદી ૬ વિદ્યા શાખા મારફતે પ્રમાણ પત્ર અભ્યાસક્રમોથી પી. એચ. ડી. કક્ષાના અભ્યાસક્રમો કાર્યરત છે. આ પૈકી સ્કૂલ ઓફ ડ્રોન દ્વારા ડ્રોન ક્ષેત્રની સંપૂર્ણ કુશળતાને આવરી લેતા વિવિધ અભ્યાસક્રમો ચલાવવામાં આવે છે.

### ખેડૂતોને નજીવા દરથી ડ્રોન પાયલોટ તાલીમ આપવાનું આયોજન

# શિક્ષકોના બદલીના નિયમોને આવકાર

### અ.ભા.રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ કચ્છ દ્વારા સરકાર અને શિક્ષણમંત્રીનો આભાર પ્રગટ કરાયો




ભુજ તા.૨૨

મુખ્ય શિક્ષક(એચ.ટાટ) શૈક્ષિક મહાસંઘ અને પ્રાથમિક શૈક્ષિક મહાસંઘ કચ્છ જિલ્લા દ્વારા રાજય સરકારના નિર્ણયને આવકાર અપાયો છે. અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ગુજરાતના સતત પ્રયાસો,રાજયના મુખ્ય શિક્ષકોની ચિંતન બેઠકો,શિક્ષણ મંત્રીઓ, શિક્ષણ વિભાગના અધિકારીઓ સાથે બેઠકો અને અમદાવાદ ખાતે રાજય કારોબારી બેઠકમાં શિક્ષણ મંત્રી ડો.કુબેર ડીંડોરની જાહેરાત મુજબ ગઈ કાલે એચ. ટાટ મુખ્ય શિક્ષકોના નિયમો ગઈ કાલે જાહેર થયા હતા. નિયમોની જાહેરાત થતા સમગ્ર જીલ્લામાં મુખ્ય શિક્ષક (એચ.ટાટ) તરીકે ફરજ બજાવતા શિક્ષકોમાં આનંદની લાગણી ફેલાઇ છે, એચ.ટાટ સંવર્ગના બાકી પ્રશ્નો પણ ગુજરાત રાજય સંગઠન ઉકેલ લાવે તેવી પણ લાગણી વ્યક્ત કરવામાં આવી હતી.

શિક્ષણ વિભાગના આ નિર્ણયને કચ્છ જિલ્લાના મુખ્ય શિક્ષકો (એચ.ટાટ) વતી મુખ્ય શિક્ષક(એચ.ટાટ) શૈક્ષિક મહાસંઘ કચ્છ જિલ્લા અધ્યક્ષ ભરત ભુરિયા, મહામંત્રી અમરા રબારી, મહિલા ઉપાધ્યક્ષ રંજનબેન સંજોટ, મહિલા મંત્રી શિલ્પાબેન શાહ, પ્રાથમિક શૈક્ષિક મહાસંઘ કચ્છ જિલ્લા અધ્યક્ષ રામસંગજી જાડેજા અને મહામંત્રી રમેશ ગાગલ દ્વારા આવકારાયો હતો. તેમજ મુખ્ય શિક્ષક(એચ.ટાટ) શૈક્ષિક મહાસંઘ ગુજરાત અધ્યક્ષ નાથુભાઈ ગોયા, મહામંત્રી હરેશ રાજયગુરૂ, સંગઠન મંત્રી અંકુર દેસાઈ, ચિરાગ પટેલ,પ્રાથમિક શૈક્ષિક મહાસંઘ ગુજરાત અધ્યક્ષ ભીખાભાઈ અને મહામંત્રી અનિરુદ્ધસિંહ જાડેજાએ રાજય સરકાર, શિક્ષણ મંત્રી,શિક્ષણ વિભાગ અને અ.ભા. રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ગુજરાતનો પરિણામલક્ષી રજુઆતો બદલ આભાર પ્રગટ કર્યો હતો, તેવું જિલ્લા પ્રચાર પ્રમુખ મહેશ દેસાઈની યાદીમાં જણાવાયું હતું.

# રાજ્ય પ્રા.શિક્ષક સંઘની ચૂંટણીમાં પ્રમુખ તરીકે જામનગરના જાડેજા ચોથી વાર ચૂંટાયા

### મહામંત્રી તરીકે વડોદરાના જૈમિન પટેલ પ્રથમ વાર ચુંટાઈ આવ્યા




ભુજ તા. ૨૧

રાજયના કર્મચારીઓના સૌથી મોટા સંગઠન કે જેના પોણા બે લાખ જેટલા પ્રાથમિક શિક્ષકો સભ્યો છે એવા ગુજરાત રાજય પ્રાથમિક શિક્ષક સંઘનું સુકાન ચોથી વાર જામનગરના દિગ્વિજયસિંહ જાડેજાને સોંપાયું છે, તો મહામંત્રી તરીકે પ્રથમ વખત વડોદરાના જૈમિન પટેલ ચૂંટાઈ આવ્યા છે. રાજયભરના કર્મચારીઓમાં ભારે ઉતેજના જગાડનાર આ ચુંટણી અંગે માહિતી આપતા કચ્છ જિલ્લાના રાજયના પદનામિત હોદ્દેદાર હરિસિંહ જાડેજા તથા કચ્છ જિલ્લા પ્રાથમિક શિક્ષક સમાજના પ્રમુખ નયનસિંહ જાડેજા અને મહામંત્રી કેરણા આહિરના જણાવ્યા અનુસાર ચાણક્ય ભવન, ગાંધીનગર ખાતે યોજાયેલ આગામી ત્રણ વર્ષની મુદત માટેની પ્રમુખ માટેની ચૂંટણીમાં કુલ ૪૭૪ મતદારો પૈકી ૪૭૨ મતદારોએ મતદાન કર્યું હતું. જેમાં તમામ મતો માન્ય રહ્યા હતા, આ મતો પૈકી દિગ્વિજયસિંહ જાડેજાને ૨૩૦ , સંજય દવેને ૨૧૮ જયારે ખોડુભાઈ પઢિયારને ૧ મત મળતાં પ્રમુખ તરીકે દિગ્વિજયસિંહ જાડેજાનો ૧૨ મતે વિજય થયો હતો. મહામંત્રી પદની ચુંટણીમાં કુલ ૪૭૨ નું મતદાન થયું હતું, આ પૈકી ૪૬૯ મતો માન્ય રહ્યા હતા, માન્ય મતો પૈકી જૈમિન પટેલને ૨૨૭, સુરતાન કટારાને ૨૧૮ જયારે જીજ્ઞેશ ગોરને ૧ મત મળતા મહામંત્રી તરીકે જૈમિન પટેલનો ૯ મતે વિજય થયો હતો. પ્રમુખ અને મહામંત્રીની આ ચુંટણીમાં થયેલ મતદાન પૈકી ૨૩ મતો અલગથી શીલ બંધ કવરમાં મૂકવામાં આવ્યા હતા જેની ગણતરી કરવામાં નહોતી આવી. પ્રમુખ અને મહામંત્રી માટે અનુક્રમે ખોડુભાઈ પઢિયારે સંજય દવેને જ્યારે જીજ્ઞેશ ગોરે સુરતાન કટારાને ચૂંટણી પહેલાં ટેકો જાહેર કર્યો હતો. આ વખતે ચુંટણીમાં ભારે રસાકસી જોવા મળી હતી, પ્રમુખ દિગ્વિજયસિંહ જાડેજાને પ્રથમ ત્રણ ટર્મમાં લીડ સતત વધી હતી આ વખતે સૂર્યોદય પેનલે ટક્કર આપતા લીડ ઘટી હતી.

# આજે બજેટ...પણ શુ તમે જાણો છો તેનો રોંચક ઇતિહાસ ?

૨૩ જુલાઈ ના ભારત માં ચૂંટાયેલી નવી સરકાર પોતાનું પહેલું બજેટ રજુ કરશે ત્યારે ત્યારે બજેટ નો ઈતિહાસ જાણવો જરૂરી છે.બજેટ શબ્દ સૌએ સાંભળ્યો હશે પણ દેશ ના બજેટ નો ઈતિહાસ વિશે બહુ ઓછું જાણતા હશે..ત્યારે આ લેખમાં ભારત ના બજેટ ની અત થી ઈતિ બધું સામેલ કરવાનો પ્રયાસ લેખકે કર્યો છે. જે તમારી જાણકારી વધારશે દેશના પૂર્વ પ્રધાનમંત્રી મોરારજી દેસાઈ અત્યાર સુધીમાં સૌથી વધુ ૧૦ વખત બજેટ રજૂ કરી ચૂક્યા છે. તેઓ ૬ વખત નાણામંત્રી અને ૪ વખત નાયબ વડાપ્રધાન રહી ચૂક્યા છે.વર્ષ ૨૦૧૭ પહેલા બજેટ ફેબ્રુઆરી મહિનાના છેલ્લા કામકાજના દિવસે રજૂ કરવામાં આવતું હતું.અંદાજપત્ર રજૂ કરતા પહેલાં થોડા દિવસ અગાઉ નાણામંત્રી ઈકૉનોમિક સર્વે એટલે કે આર્થિક સમીક્ષા સંસદ સમક્ષ રજૂ કરે છે. આ આર્થિક સમીક્ષામાં અર્થતંત્રમાં ગત વર્ષ દરમિયાન થયેલા ફેરફારો તથા તેની પાછળનાં કારણો અને શક્ય અસરોનો ઉલ્લેખ કરવામાં આવે છે. આપણા દેશમાં આર્થિક સમીક્ષા બહુ મહત્વનો દસ્તાવેજ છે. તેમાંથી અર્થતંત્રને લગતી ઘણી વિગતો તેમજ વિકાસની દિશા અંગેની ઉપયોગી માહિતી મળે છે. બજેટની એ પરિભાષાને સમજી લઈએ તો બજેટ સમજવાનું વધારે આસાન બની જાય. બજેટ બનાવવા દરમિયાન સરકારનો લક્ષ્ય આવકના સાધન વધારતા યોજનાઓ માટે ધન વહેંચવાનું, દેશની આર્થિક વિકાસ દરમાં વધારો કરવાની યોજનાઓ બનાવવી, લોકોની આર્થિક સ્થિતમાં બદલાવ લાવવા સહિત ગરીબી તથા બેરોજગરી દૂર કરવા માટે યોજનાઓ બનાવવી શામેલ છે. આ સાથે જ દેશમાં આધારભૂત ઢાંચાનું નિર્માણ, રેલ્વે, વિજળી, રસ્તાઓ માટે ધનરાશિ વહેંચવી પણ બજેટમાં આવે છે. સરકારની આવકના પ્રમુખ સાધનોમાં વિભિન્ન પ્રકારના કર અને આવક, સરકારી શુલ્ક, દંડ, લાંભાજ, આપવામાં આવેલી લોન પરનુ વ્યાજ વગેરે શામેલ છે.મોદી સરકારના પ્રથમ કાર્યકાળમાં તત્કાલિન નાણામંત્રી અરુણ જેટલીએ વર્ષો જૂની પ્રથાનો અંત લાવીને વર્ષ ૨૦૧૭થી જ સામાન્ય બજેટમાં જ રેલવે બજેટની જાહેરાત કરવાનું શરૂ કર્યું હતું. અગાઉ રેલવે મંત્રી સામાન્ય બજેટના એક દિવસ પહેલા સંસદમાં રેલવે બજેટ રજૂ કરતા હતા. બજેટમાં સ્થિર અસ્કામતોમાંથી થતી આવક અને ચૂકવણી સમાહિત હોય છે. કેન્દ્ર સરકાર દ્વારા રાજ્ય સરકારોને, સરકારી કંપનીઓને, નિગમોને અને અન્ય પાર્ટીઝને આપવામાં આવેલી લોન તથા એડવાન્સિસ અને શેરોમાંના રોકાણનો સમાવેશ થાય છે. આ બજેટમાં સ્થિર અસ્કામતોમાંથી થતી આવક અને ચૂકવણી સમાહિત હોય છે.આ બજેટમાં સરકારની મહેસુલી આવક તથા તેના ખર્ચનો સમાવેશ થાય છે.મહેસુલી આવક ટૅક્સ અને નોન-ટૅક્સ એમ બે પ્રકારની આવકમાં વિભાજિત હોય છે. ટૅક્સ મારફત થતી આવકમાં ઈક્મ ટૅક્સ, કૉર્પોરેટ ટૅક્સ, એક્સાઇઝ, કસ્ટમ્સ ડ્યૂટી, સર્વિસીસ તથા સરકાર દ્વારા લાદવામાં આવતી અન્ય ડ્યૂટીઝનો સમાવેશ થાય છે. નોન-ટૅક્સ રેવેન્યુ સોર્સિસમાં લોન પરના વ્યાજ અને રોકાણ પરના ડિવિડન્ડનો સમાવેશ થાય છે.

## મનમોહન સિંહના ઉલ્લેખ વિના બજેટનો ઈતિહાસ અધૂરો

પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહના ઉલ્લેખ વિના બજેટનો ઈતિહાસ અધૂરો રહે છે. ૧૯૯૧નું બજેટ સ્વતંત્ર ભારતના ઈતિહાસમાં સીમાચિહ્નરૂપ ગણાય છે. વડાપ્રધાન નરસિમ્હા રાવના કાર્યકાળ દરમિયાન મનમોહન સિંહને નાણાં પ્રધાન બનાવવામાં આવ્યા હતા અને તેમણે ભારતમાં આર્થિક ઉદારીકરણની શરૂઆત કરી હતી. ભારતના ઈતિહાસમાં આ સૌથી મોટો ફેરફાર છે. આજે જો ભારતની ગણતરી વિશ્વની સૌથી મોટી અર્થવ્યવસ્થાઓમાં થાય છે તો તેનો મોટાભાગનો શ્રેય ૧૯૯૧ના ઐતિહાસિક બજેટને જાય છે.

## પહેલા અંગ્રેજી સમય પ્રમાણે બજેટ રજુ થતુ

અંગ્રેજોએ ભારતમાં બજેટની શરૂઆત કરી હતી. આ કારણોસર, બજેટ રજૂ કરવાનો સમય લંડનની ઘડિયાળ અનુસાર નક્કી કરવામાં આવ્યો હતો. બ્રિટનની સંસદમાં પણ ભારતનું બજેટ સાંભળવામાં આવતું હતું જેના કારણે સાંજે તેને રજૂ કરવામાં આવ્યું હતું. જ્યારે લંડનમાં દિવસના ૧૧ વાગ્યા હોય ત્યારે ભારતમાં સાંજના ૫ વાગ્યા હોય છે. વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીના કાર્યકાળમાં જ્યારે યશવંત સિંહા નાણામંત્રી બન્યા ત્યારે તેમણે આ પરંપરાને બદલી નાખી હતી. ૨૭ ફેબ્રુઆરી ૧૯૯૯ ના રોજ તેમણે સવારે પ્રથમ વખત ભારતનું બજેટ રજૂ કર્યું ત્યાર પછી સવારે જ બજેટ રજૂ કરવામાં આવે છે.

## બજેટની શરૂઆતનો ઇતિહાસ જુનો

દેશમાં બજેટનો ઈતિહાસ ભારતની આઝાદી કરતા પણ જુનો છે. ૧૮૫૭ ની ક્રાંતિ પહેલા ભારત પર ઈસ્ટ ઈન્ડિયા કંપનીનું શાસન હતું, જેને કંપની રાજ કહેવામાં આવે છે. આ પછી બ્રિટિશ ક્રાઉને ભારતની લગામ પોતાના હાથમાં લીધી. તે સમયે ભારત આર્થિક સંકટનો સામનો કરી રહ્યું હતું, જેના કારણે બ્રિટિશ સરકારે નવી યોજનાઓ તૈયાર કરી હતી.ધ ઈકોનોમિસ્ટ નામનું અખબાર શરૂ કરનાર અર્થશાસ્ત્રી જેમ્સ વિલ્સનને ભારતના અર્થતંત્રનો હિસાબ અને આવક-ખર્ચનો હિસાબ નક્કી કરવાનું કામ સોંપવામાં આવ્યું હતું ભારતમાં પહેલું બજેટ લાવવાનો અને રજૂ કરવાનો શ્રેય જેમ્સ વિલસન નામના અંગ્રેજ અધિકારીને જાય છે. તેણે ૧૮ ફેબ્રુઆરી ૧૮૬૦માં વાઈસરોયની પરિષદમાં પહેલીવાર બજેટ રજૂ કર્યું હતું. જેમ્સને વાઇસરોયની કારોબારીમાં આર્થિક બાબતોના જાણકાર મેમ્બર તરીકે પસંદ કરવામાં આવ્યો હતો.આથી જેમ્સ વિલસનને ભારતીય બજેટનો સ્થાપક માનવામાં આવે છે. ૧૮૬૦ પછી દર વર્ષે દેશની આર્થિક પરીસ્થિતિનો ચિતાર રજૂ કરતું બજેટ વાઇસરોયની પરીષદમાં મંજુરી માટે જતું હતું. ભારતમાં ઈક્મ ટેક્સની શરૂઆત અહીંથી થઈ હતી.જો કે એ સમયે ભારત અંગ્રેજોનું ગુલામ હતું. આથી ભારતીય પ્રતિનિધિઓને આ બજેટમાં ચર્ચા કરવાનો કોઇ જ અધિકાર આપવામાં આવ્યો ન હતો. દેશ આઝાદ થયા પછી ભારતના બંધારણના અનુચ્છેદ ૧૧૨માં ભારતના કેન્દ્રીય બજેટને વાર્ષિક લેખાજોખા તરીકે સમાવેશ કરવામાં આવ્યો છે. જે ભારતીય ગણરાજયનું બજેટ ગણવામાં આવે છે. બજેટને લાગુ કરતા પહેલા સંસદમાં તેને પાસ કરવું અતિ આવશ્યક છે.આઝાદી પહેલા ૯ ઓકટોબર ૧૯૪૬થી ૧૪ ઓગસ્ટ ૧૯૪૭ સુધી વચગાળાની સરકારનું બજેટ લિયાકતઅલી ખાને રજૂ કર્યું હતું.

## સ્વતંત્ર ભારતનું પહેલુ બજેટ


આઝાદ ભારતનું પહેલુ બજેટ ૨૬ નવેમ્બર ૧૯૪૭ ના રોજ આર કે સન્મુખમ ચેટ્ટીએ તૈયાર કર્યુ હતુ. ચેટ્ટીના બજેટમાં એ સમયના દેશી રજવાડાઓની આવકનો પણ હિસાબ કિતાબ રજૂ કરવામાં આવ્યો હતો. પ્રથમ વખત હિન્દીમાં બજેટ રજૂ કરવામાં આવ્યું હતું. તેઓ આ પદ પર માત્ર ૧ વર્ષ રહ્યા હતા. સ્વતંત્ર ભારતના બજેટમાં પ્રથમ મોટો ફેરફાર ત્રીજા નાણામંત્રી સીડી દેશમુખના કાર્યકાળ દરમિયાન થયો હતો. દેશમુખના કાર્યકાળ દરમિયાન જ ભારતમાં પંચવર્ષીય યોજનાઓ (૫ વર્ષની યોજનાઓ) શરૂ થઈ હતી. જ્યારે તેમણે ૧૯૫૧માં પોતાનું પ્રથમ બજેટ રજૂ કર્યું ત્યારે તેના દસ્તાવેજો પહેલીવાર હિન્દીમાં છપાયા હતા. તે પહેલા ભારતનું બજેટ માત્ર અંગ્રેજીમાં જ તૈયાર થતું હતું. ત્યાર પછી જોન મથાઈએ સંયુકત ભારતના નામથી વિસ્તૃત બજેટ રજૂ કર્યુ હતું. જો કે આ બજેટમાં માત્ર દેશની આર્થિક સ્થિતિની સમિક્ષા કરવામાં આવી હતી જેમાં કોઇ જ નવા ટેકસ લગાવવામાં આવ્યા ન હતા. ૧૯૪૭ થી અત્યાર સુધી કુલ ૭૩ સામાન્ય બજેટ ૧૪ વચગાળાના અને ચાર ખાસ બજેટ સંસદમાં રજૂ કરવામાં આવ્યા છે.ઈન્દિરા ગાંધી વડાપ્રધાન હતા ત્યારે તેઓ લગભગ ૧ વર્ષ સુધી નાણા મંત્રાલયનો હવાલો સંભાળતા હતા. તેમણે ૧૬ જુલાઈ ૧૯૬૯ થી ૨૭ જૂન ૧૯૭૦ સુધી નાણા મંત્રાલયનો કાર્યભાર સંભાળ્યો હતો. આ દરમિયાન તેમણે પોતે સંસદમાં ૧૯૭૦નું બજેટ રજૂ કર્યું હતું. આ રીતે ભારતનું બજેટ રજૂ કરનાર પ્રથમ મહિલાનો રેકોર્ડ ઈન્દિરા ગાંધીના નામે નોંધાયેલો છે.

## સાતમું બજેટ રજૂ કરશે સીતારમણ

નિર્મલા સીતારમણ ભારતના પ્રથમ મહિલા નાણામંત્રી છે. ઈન્દિરા ગાંધી પછી તેઓ બીજી મહિલા છે જેમને બજેટ રજૂ કરવાની તક મળી છે. આ વખતે તે પોતાનું સાતમું બજેટ રજૂ કરવા જઈ રહ્યા છે. નિર્મલા સીતારમણનો કાર્યકાળ બજેટ સંબંધિત પરંપરાઓને બદલવા માટે યાદ કરવામાં આવશે. સૌથી પહેલા તો ૨૦૧૯માં નાણામંત્રી બનતાની સાથે જ તેમણે બ્રીફકેસમાં બજેટ રજૂ કરવાની પરંપરા બદલી નાખી. તે પછી, જ્યારે તેમણે ૨૦૨૧ માં ત્રીજું બજેટ રજૂ કર્યું, ત્યારે છાપવાની પરંપરા સમાપ્ત થઈ ગઈ. ૨૦૨૩ થી ડિજિટલ બજેટ રજુ થાય છે. બજેટની તૈયારી પહેલા યોજાતી હલવા સેરેમનીની પરંપરા પણ બદલાઈ ગઈ છે. સ્વતંત્ર ભારતનું પ્રથમ બજેટ ૨૬ નવેમ્બર ૧૯૪૭ ના રોજ રજૂ થયું હતું. આર્થિક બાબતોના વિભાગની વેબસાઈટ ક્ષ્ીઠ.ર્ખ્તદ્બ.હ પર ઉપલબ્ધ માહિતી અનુસાર સ્વતંત્ર ભારતનું પ્રથમ બજેટ ૧૫ ઓગસ્ટ ૧૯૪૭ થી ૩૧ માર્ચ ૧૯૪૮ સુધીના સાડા સાત મહિનાના સમયગાળા માટે હતું. ચેટ્ટીએ પ્રથમ વખત ૧૯૪૮-૪૯ના બજેટમાં વચગાળાૌં(હીંદ્ધિ)નો શબ્દ વાપર્યો હતો. ત્યારથી ટૂંકા ગાળાના બજેટ માટે 'વચગાળાના' શબ્દનો ઉપયોગ કરવામાં આવે છે. અટલ બિહારી વાજપેયીની આગેવાની હેઠળની એનડીએ સરકારે ૨૦૦૧માં આ પરંપરા તોડી હતી.હવે સંસદમાં બજેટ રજૂ કરવાની પરંપરા સવારે ૧૧ વાગ્યે શરૂ થઈ છે. ભારતમાં ૧લી એપ્રિલથી ૩૧મી માર્ચ સુધી ચાલતું નાણાકીય વર્ષ ૧૮૬૭ માં શરૂ થયું હતું. આ પહેલા નાણાકીય વર્ષ ૧ મે થી ૩૦ એપ્રિલ સુધી હતું. સ્વતંત્ર ભારતના પ્રથમ બજેટમાં બજેટની આવકનું લક્ષ્ય રૂ. ૧૭૧.૧૫ કરોડ અને ખર્ચ રૂ. ૧૯૭.૨૯ કરોડ હતું.

### : પાંચ પ્રકારના હોય છે બજેટ :

# પારમ્પરિક અથવા સામાન્ય બજેટ- કામગીરી બજેટ- શૂન્ય આધારિત બજેટ- પરિણામસ્વરૂપ બજેટ- જાતીય બજેટ



જાણ્યું અજાણ્યું
ડો.મિહિર એમ.વોરા

ભારતનુ કેન્દ્રીય બજેટ ઘણા વિભાગોની પરસ્પર વિચાર-વિમર્શ કર્યા પછી તૈયાર થાય છે. જેમાં વિત્ત મંત્રાલય, નીતિ આયોગ અને સરકારના અન્ય મંત્રાલય શામેલ છે. વિત્ત મંત્રાલય ખર્ચ પછી આધાર પર ગાઇડલાઇન જારી કરે છે, જેના પર અલગ-અલગ મંત્રાલયની તરફથી ફંડ માંગ જણાવે છે, જે પછી વિત્ત મંત્રાલયમાં આર્થિક મામલાના વિભાગ ની બજેટ ડિવીઝન તેણે તૈયાર કરે છે. કેન્દ્ર સરકારનુ બજેટ બનાવવાની પ્રક્રિયા સામાન્ય રીતે સપ્ટેમ્બરમાં શરૂ થઇ જાય છે. આ દરમિયાન આર્થિક મામલાના વિભાગ બજેટ ડિવીઝન તમામ મંત્રાલયો, રાજ્ય તથા કેન્દ્ર શાસિત પ્રદેશો,સ્વાયત્ત સંસ્થાઓ અને રક્ષાબળોને સર્કુલર જારી કરે છે, જેમાં તેમના આવનારા વિત્તીય વર્ષમાં તેમના ખર્ચાનું અનુમાન લગાવવીને જરૂરી ફંડ બતાવવા માટે કહેવામાં આવે છે. પછી અલગ-અલગ વિભાગની વચ્ચે ફંડ આપવાને લઇને ચર્ચા થાય છે. આ સાથે જ બજેટ ડિવીઝન આવક વિભાગ, વાણિજ્ય મંડળો, ઉદ્યોગ સંગઠનો, ખેડૂતો સંગઠનો, ટ્રેડ યૂનિયનો, અર્થશાસ્ત્રીઓ જેવા અલગ-અલગ ક્ષેત્રોના હિતધારકો સાથે ચર્ચા કરીને બજેટ તૈયાર કરે છે. બજેટ દરમિયાન દરેક મંત્રાલય પોતાના વિભાગ માટે વધારેમાં વધારે ફંડ મળે તે માટે પ્રયત્ન કરે છે, જેથી તેઓ પોતાની યોજનાઓ પર વધારે ખર્ચાઓ કરી શકે. પરંતુ સીમિત આવકના કારણે તમામ મંત્રાલયોની ઈચ્છા પૂરી નથી શકતા.એવામાં કયા વિભાગમાં કેટલી રકમ આપવામાં આવે, આ વાત નક્કી કરવા માટે વિત્ત મંત્રાલય ઓક્ટોબર- નવેમ્બર દરમિયાન અન્ય મંત્રાલયોની સાથે બેઠક કરતા એક બ્લૂપ્રિન્ટ બનાવે છે. બેઠકમાં પ્રત્યેક મંત્રાલયના વરિષ્ઠ અધિકારી ફંડ વહેંચણી કરવા માટે વિત્ત મંત્રાલય સાથે ભાવતાલ કરે છે. બજેટના દસ્તાવેજો ખૂબ જ ખાનગી હોય છે. બજેટ તૈયાર કરવાની પ્રક્રિયા દરમિયાન વિત્ત મંત્રાલયના ટોચના અધિકારી લઇને સ્ટેનોગ્રાફર્સ, ટાઇપરાઇટર્સ, પ્રિન્ટિંગ પ્રેસના કર્મચારીઓ અન્ય લોકો ઑફિસમાં રહીને કામ કરે છે. છેલ્લા સમય સુધી પોતાના પરિવારની સાથે કામ કરવાની પરવાનગી આપવામાં આવતી નથી. આ દમરિયાન બજેટ તૈયાર કરનાર અને તેના પ્રકાશનની સાથે જોડાયેલા લોકો પર નજર રાખવામાં આવે છે. બજેટ પ્રક્રિયામાં વિત્તમંત્રીના ભાષણને સૌથી સુરક્ષિત રાખવામાં આવે છે, જેથી બજેટની જાહેરાતના ૨ દિવસ પહેલા જ પ્રિન્ટ કરાવવા માટે મોકલવામાં આવે છે.બજેટથી સંબંધિત દસ્તાવેજોની પ્રિન્ટિંગ પ્રક્રિયા શરૂ થયા પહેલા નોર્થ બ્લોક સ્થિત વિત્ત મંત્રાલયમાં હલ્વો ખવડાવવાનો રિવાજ છે. જેમાં વિત્ત મંત્રી બજેટ તૈયાર કરવાની પ્રક્રિયાથી જોડાયેલા અધિકારીઓ અને કર્મચારીઓને વચ્ચે હલ્વાનુ વિતરણ કરવામાં આવે છે. આ વિધી થયા પછી બજેટ રજૂ થયા સુધી વિત મંત્રાલયને સંબંધિત અધિકારીઓને સાત દિવસ સુધી સૌથી દૂર રાખવામાં આવે છે.આ દરમિયાન તેણે કોઇ બહારી વ્યક્તિની સાથે સંપર્ક નથી કરવા દેવામાં આવતો. સંસદમાં બજેટ રજૂ થયા પછી તેમણે બહાર આવવા દેવામાં આવે છે. બજેટની પહેલી ડ્રાફ્ટ કૉપી સૌથી પહેલા વિત્ત મંત્રી સામે રાખવામાં આવે છે, જેનુ પેપર વાદળી રંગનું હોય છે. બજેટ રજૂ કરતા પહેલા કેન્દ્ર સરકારને રાષ્ટ્રપતિની પરવાનગી લેવી પડે છે. જે પછી કેન્દ્રીય મંત્રીમંડળની સામે રાખવામાં આવે છે, જે પછી સંસદના બંને સદનોમાં રજૂ કરવામાં આવે છે. સામાન્ય બજેટને ૨ ભાગમાં રાખવામાં આવે છે. પહેલા ભાગમાં સામાન્ય આર્થિક સર્વે અને નીતિઓ વિશે વાત કરવામાં આવે છે જ્યારે બીજી ભાગમાં આવનારા સમય માટે ડાયરેક્ટ અને ઈનડાયરેક્ટ ટેક્સનો પ્રસ્તાવ રાખવામાં આવે છે.બજેટ રેવેન્યુ એટલે મહેસુલ અને કૅપિટલ એટલે કે મૂડી એમ બે વિભાગમાં વહેંચાયેલું હોય છે.બજેટમાં આગામી વર્ષ માટેની આવક-જાવકના અંદાજો હોય છે. તેને બજેટ ઍસ્ટિમેટ્સ કહેવામાં આવે છે.પૂરા થઈ રહેલા કે થયેલા વર્ષ દરમિયાનની આવક-જાવકનું રિવાઈઝ્ડ ઍસ્ટિમેટ્સ એટલે કે સુધારેલો અંદાજ આપવામાં આવે છે અને અગાઉના વર્ષના ખરેખર થયેલા આવક-ખર્ચના આંકડા પણ તેમાં આપવામાં આવે છે. બજેટ રેવેન્યુ એટલે મહેસૂલ અને કૅપિટલ એટલે કે મૂડી એમ બે વિભાગમાં વહેંચાયેલું હોય છે. જેની પ્રાપ્તિથી સરકારની નાણાકીય જવાબદારીમાં વધારો ન થતો હોય એવી આવકને મહેસુલી વિભાગમાં દર્શાવવામાં આવે છે, જ્યારે જે આવકપ્રાપ્તિને કારણે સરકાર માટે નાણાકીય જવાબદારી સર્જાતી હોય તેને મૂડી વિભાગમાં દર્શાવવામાં આવે છે. વેલ્યૂ એડેડ ટૅક્સ, સેલ્સૅટેક્સ, સર્વિસ ટૅક્સ, લક્ઝરી ટૅક્સ, એન્ટરટેઈન્મૅન્ટ ટૅક્સ અને ઑક્ટ્રોય વગેરે જેવા વિવિધ પરોક્ષ વેરાનું સ્થાન હવે જીએસટીએ લીધું છે. પ્રત્યક્ષ કર એટલે નાગરિકો દ્વારા સરકારને સીધો ચૂકવવામાં આવતો વેરો. એ વેરો વ્યક્તિએ તેમની વ્યક્તિગત આવક સંબંધે ચૂકવવાનો હોય છે. પ્રત્યક્ષ કરમાં ઈક્મ ટૅક્સ, વેલ્થ ટૅક્સ અને કૉર્પોરેટ ટૅક્સનો સમાવેશ થાય છે.બજેટમાં સરકારની આવક કરતાં ખર્ચ વધારે હોય એવી સ્થિતિ વર્ષોથી સામાન્ય બની ગઈ છે. તેને ખાધ કહેવામાં આવે છે. સરકારની કુલ મહેસુલી આવક કરતાં કુલ ખર્ચ વધી જાય ત્યારે રાજકોષીય ખાધ સર્જાતી હોય છે. તેમાં બોરોઈંગ્ઝ એટલે કે સરકારે લીધેલી લોનનો સમાવેશ થતો નથી.સરકાર બજારમાં દેવું કરીને તથા રિઝર્વ બૅન્ક પાસેથી ધિરાણ મેળવીને ખાધ પૂરી શકે, પરંતુ ખાધ પૂરવાના આ બંને વિકલ્પોનું અનિચ્છનીય પરિણામ આવતું હોવાથી રાજકોષીય ખાધને રાષ્ટ્રીય આવકના ત્રણેક ટકાની આસપાસ રાખવાની હિમાયત કરવામાં આવે છે.રાજકોષીય નીતિ આવક અને ખર્ચના એકંદર સ્તરના સંદર્ભમાં સરકાર દ્વારા લેવામાં આવતાં પગલાં છે. આ નીતિનો અમલ બજેટ મારફત કરવામાં આવે છે અને સરકાર આ નીતિ દ્વારા અર્થતંત્ર પર પોતાનો પ્રભાવ જાળવે છે.

## સંક્ષિપ્ત સમાચાર

# માંડવીમાં વિશ્વ વસ્તી દિવસ ઉજવાયો

### કુટુંબ કલ્યાણ ક્ષેત્રે સારી કામગીરી કરનાર મહિલા આરોગ્ય કાર્યકર તેમજ આશાબહેનોનું સન્માન કરાયું

માંડવી તા.૨૨

તાજેતરમાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીની સુચના તેમજ તાલુકા આરોગ્ય અધિકારીના માર્ગદર્શન અને અધ્યક્ષ સ્થાને તાલુકા કક્ષાના વિશ્વ વસ્તી દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

જેમાં "વિકસિત ભારતની પહેચાન, કુટુંબ નિયોજન દરેક દંપત્તિની શાન" એ અંતર્ગત સમજ આપવાની સાથે ચાંદીપુરા રોગ વિશે તેમજ બેટી બચાવો, બેટી પઢાઓ, બેટી વધાવો, કુટુંબ નિયોજનની કાયમી- બિનકાયમી પદ્ધતિઓ, મળતા લાભો, રસીકરણ, માતા મરણ, બાળ મરણ, આશા બહેનોને મળતા લાભો, વિશે વિસ્તૃત સમજ ટી.એચ.ઓ. ડૉ.પાસવાન દ્વારા આપવામાં આવી હતી. ડૉ.અમીશી, ડૉ. મનીષ પુરોહીત, ડૉ.અસ્વીની, ડૉ. જહાન્વી, ડૉ.નીશી, ડૉ.હાર્દીક પંડ્યા, ડૉ.પ્રિતી દ્વારા પ્રસંગ



અનુરૂપ વક્તવ્ય આપવામાં આવ્યું.

કુટુંબ કલ્યાણ ક્ષેત્રે સારી કામગીરી કરનાર મહિલા આરોગ્ય કાર્યકર તેમજ આશાબહેનોનું સન્માન કરવામાં આવ્યું હતું, જેમાં તાલુકા કક્ષાએથી તમામ આરોગ્ય સ્ટાફ, દરેક આરોગ્ય કેન્દ્રના મેડિકલ ઑફિસર, ફીમેલ વર્કર, ફિમેલ હેલ્થ સુપરવાઈઝર હાજર રહ્યા હતા, સંચાલન તાલુકા સુપરવાઈઝર ઝેડ. પી.નાથાણીએ જયારે સમગ્ર કાર્યક્રમની વ્યવસ્થા શૈલેન્દ્રસિંહ ચાવડા, ગોપાલ ગઢવીએ કરી હતી, આભારવિધિ ટી.એચ.વી. રૂકસાનાબેન આગરીયા દ્વારા કરાઈ હતી.

# અ.ભા.રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ દ્વારા ગુરુવંદન કાર્યક્રમ યોજાયો

ભુજ તા.૨૨

ભુજ ખાતે અ.ભા. રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ કચ્છ દ્વારા આયોજીત કાર્યક્રમમાં સૌ પ્રથમ મહર્ષિ વેદવ્યાસની છબીને ફુલહાર અર્પણ કર્યા બાદ સરસ્વતી વંદના કરવામાં આવી હતી. ત્યાર બાદ ગ્રાન્ટેડ માધ્યમિક સંવર્ગ જિલ્લા અધ્યક્ષ અલ્પેશ જાનીએ સૌનુ શાબ્દિક સ્વાગત કર્યું હતું.

જિલ્લા સંગઠન મંત્રી જખરા કેરાશિયાએ સંગઠન પરિચય અને આગામી સદસ્યતા અભિયાન કાર્ય યોજનાની સમજ આપી હતી, સંસ્થાના રાજય મંત્રી મુળજી ગઢવીએ સંગઠનના વર્તમાન વિષયોની, અને કાર્યક્રમના મુખ્ય વકતા રાજીવ ત્રિવેદીએ ભારતીય સંસ્કૃતિમાં ગુરુ-શિષ્ય પરંપરામાં રામકૃષ્ણ પરમહંસ, સ્વામી વિવેકાનંદના સંબંધોની વાત કરી શ્રેષ્ઠ સમાજ



નિર્માણમાં ગુરુની ભૂમિકા સમજાવી હતી.

માતૃ શક્તિ વતી પ્રાથમિક સંવર્ગ જિલ્લા મહિલા મંત્રી ડૉ.કૈલાશબેન કાંઠેચા મંચસ્થ રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન પ્રાથમિક શૈક્ષિક મહાસંઘ જિલ્લા મહામંત્રી રમેશ ગાગલ અને આભાર વિધિ સરકારી માધ્યમિક સંવર્ગ જિલ્લા અધ્યક્ષ નયન વાંઝાએ કરી હતી. આ તકે તમામ હોદ્દેદારો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા તેવું જિલ્લા પ્રચાર પ્રમુખ મહેશ દેસાઈની યાદીમાં જણાવાયું હતું.

# મંગવાણા ગાંધી આશ્રમ શાળામાં ડેન્ગ્યુ દિવસ ઉજવાયો



આણંદપર(યક્ષ)તા.૨૨

પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મંજલ હેઠળના મંગવાણા ગામમાં મહાત્મા ગાંધી આશ્રમ પ્રાથમિક શાળામાં ડેન્ગ્યુ માસ નિમિતે ડેન્ગ્યુ વિશે સમજ આપવામાં આવી હતી. આરોગ્ય અધિકારીઓ દ્વારા વાહકજન્ય, પાણીજન્ય, દુષિત ખોરાક થી ફેલાતા રોગો હોવાની સમજ આપી, સ્વચ્છતા, પોષણ, ધુમ્રપાન,બેટી બચાવો બેટી પઢાઓ,બેટી વધાવો જેવા વિષયોની વિસ્તૃત સમજણ આપવામાં આવી હતી.કાર્યક્રમમાં નખત્રાણા તાલુકા કક્ષાએથી અંજનિકુમાર રાય, પી.એચ.સી મંજલ થી ઈનચાર્જ સુપર વાઈઝર સંજયકુમાર પાટીલ, ધવલકુમાર સુતરિયા આરોગ્ય કાર્યકર, ગાંધી આશ્રમ શાળાના આચાર્ય રમેશ ભાભોર, રાજુભાઈ,અને શિક્ષણ સ્ટાફ હાજર રહ્યા હતા.

બાળકોને સ્વચ્છતા રાખવા તેમજ આવી ચોમાસાની સીઝનમાં ઢાંકયા વગરના તેમજ વાસી ખોરાક નહીં ખાવાની સલાહ અપાઈ હતી.

# બેંક ઓફ બરોડા દયાપર શાખાએ સ્થાપના દિવસ ઉજવ્યો



દયાપર તા.૨૨

લખપત તાલુકાના મુખ્ય મથક દયાપર ખાતે આવેલી બેંક ઓફ બરોડા શાખા દ્વારા ૧૧૭માં સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવી હતી . આયોજીત કાર્યક્રમમાં સ્થાનિક દયાપર વેપારી એસોસિયનના હોદેદારો, વેપારીઓ, આગેવાનો તથા બેંક શાખાના અધિકારીઓ દ્વારા કેક કાપીને ઉજવણી બાદ વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું હતું

# જ્યારે ચોવીસીના ચાર હજાર છાત્ર છાત્રા માવતરને ભેટીને ચોધાર આંસુએ રડ્યા...

### ગુરુ પૂર્ણિમા નિમિતે લેવા પટેલ સમાજે ભુજ ખાતે માતા પિતા ગુરુ પૂજનનો અનોખો પ્રેરક કાર્યક્રમ યોજ્યોઃ પૂજનમાં રૂપિયા એક લાખના ફુલો વપરાયા

ભુજ તા.૨૨


આજે બદલાતા સામાજિક માહોલમાં માતા પિતા સંતાનો સામે મૌન થતા જાય છે, ત્યારે લેવા પટેલ સમાજે ભુજ ખાતે માતા પિતા ગુરુ પૂજનનો અનોખો અને પ્રેરક કાર્યક્રમ યોજ્યો હતો. ટપકેશ્વરી માર્ગે કચ્છી લેવા પટેલ કન્યા વિદ્યા મંદિરના ઉપક્રમે સૂરજ શિક્ષણધામ, કન્યા રતનધામના સંકુલમાં કેશવલાલ પ્રેમજી ભૂડીયા મેમોરિયલ હોલ ખાતે જિલ્લા કક્ષાની ગુરુ પૂર્ણિમા ઉજવણી કરવામાં આવી હતી, જેમાં જિલ્લા પ્રાથમિક અને માધ્યમિક બંન્ને શિક્ષણાધિકારીઓ સંજય પરમાર, બી.એમ વાઘેલાએ પણ ભાગ લીધો હતો,બંને અધિકારીઓએ સંકુલના તમામ વિભાગોની મુલાકાત લઈ કચ્છી ઉદ્યોગપતિ હસુભાઈ ભૂડીયાના ઔદાર્યને ગુજરાતમાં અદ્વિતીય ગણાવ્યું હતું.

શિક્ષણ નિરીક્ષક શ્રી ઝાલા, સમાજ પ્રમુખ વેલજી પિંડોરિયા, મોભી અરજણ પિંડોરિયાની વિશેષ ઉપસ્થિતિમાં ૯૦૦ દીકરીઓના માવતરોનું સામૂહિક પૂજન કરાયું હતું. ટ્રસ્ટી કાંતાબેન વેકરીયા, આચાર્ય લોપાબેન મહેતા શાળા પરિવાર, કસ્તુરબેન અને મહિલા ટ્રસ્ટીઓએ સુંદર આયોજન કર્યું હોવાનું શિક્ષણ અધિકારીઓએ કહી સંસ્થાનો ગુણાનુવાદ સાથે આ નવતર પ્રેરક પહેલને બિરદાવતાં ગુરુ પૂર્ણિમાનું મહત્ત્વ વર્ણવ્યું હતું. મંત્રી મનજી પિંડોરિયા, ટ્રસ્ટી રવજી ખેતાણી, વિનોદ પિંડોરિયા સહિતના આગેવાનો પણ જોડાયા હતા. આ પ્રકારના સમાંતર આયોજનમાં સરદાર પટેલ વિદ્યા સંકુલમાં માતૃશ્રી આર.ડી વરસાણી કુમાર વિદ્યાલય અને લેવા પટેલ કુમાર વિદ્યાધામના ઉપક્રમે એકાદ હજાર છાત્રોએ માતા પિતા અને ગુરુનું સામૂહિક પૂજન કર્યું ત્યારે બંને જગ્યાએ ભાગ લેનાર સૌ વાત્સલ્ય હેતે ચોધાર આંસુએ રડ્યા હતા. મનુષ્યના જીવનમાં માવતર અને ગુરુનું સ્થાન જાણીતા કથાકાર હરેશ જોશીએ વચને વહેતી કરતાં ભાવ ઉર્મિ સર્જી દીધી હતી. સંગીત વૃંદે સૂર સંવેદને ભીંજવ્યા હતા, વરસાદી ગરમી અને બફારા વચ્ચે સંતાનો અને માવતરની આંખ માંથી અરસપરસ હેતની અષાઢી હેલી વરસી હતી. કચ્છના જાણીતા કેળવણીકાર કેસરાભાઈ પિંડોરિયાએ સમાજના માધ્યમે પાંચેક વર્ષ પહેલાં પારિવારિક ઘડતર માટે સામૂહિક પૂજનની રીતિનો પ્રયોગ કર્યો હતો, જે સફળ થતાં હાલ પ્રતિ વર્ષ આ









કાર્યક્રમ યોજાય છે અત્રે નોંધનીય છે કે તે પછી જિલ્લાના અનેક સમાજ અને ધાર્મિક સંસ્થાઓએ પણ આ સંસ્કૃતિ સ્વીકારી હોવાનું પ્રખર વક્તા અને જાણીતા સાહિત્ય સેવી પૂર્વ ઉપ કુલપતિ દર્શનાબેન ધોળકિયાએ જણાવતાં સમાજના આ વિશેષ આયોજનથી સંયુક્ત પરિવારની ભારતીય પરંપરા મજબૂત રહેશે એમ કહ્યું હતું, મહિલા પોલીસ અધિકારી ડી.બી. લાખણોત્રાએ ભાવ વ્યક્ત કરતાં જણાવ્યું કે,આજે મને મારા વતનમાં માતા પિતાની યાદ આવે છે ખાખી વર્દીની કડપ વચ્ચે પણ આંસુ રોકી શકી નથી. આ બંને નારી શક્તિનું વિશેષ સન્માન કરાયું હતું, જિલ્લા તાલીમ ભવન પ્રાચાર્ય કમલેશ મોતાએ શુભેચ્છા આપી હતી સંસ્થાના પ્રયોગથી કુટુંબ મજબૂતીનો પાયો ગણાવ્યો હતો.

આ પ્રસંગે સંસ્થાએ શિક્ષકોના પ્રતિક ગણવેશ અર્પણ કર્યા હતા સંસ્થાના આચાર્યા કોમલબેન ઠક્કર, ગૃહપતિ ભરત જોશી સાથે સમગ્ર શાળા પરિવારે બાળકોના સહયોગથી આયોજન વ્યવસ્થા સંભાળી હતી. સામૂહિક પૂજાના દ્રશ્ય શ્રાવ્ય ચલચિત્રોએ કચ્છથી કેન્યા વાયા યુકે આફ્રિકા ઓસ્ટ્રેલિયા સુધી સાયબર સવારી કરી પ્રેરક ભાવ સર્જ્યો હતો, બંને જગ્યાએ એક લાખ રૂપિયાના ફૂલો પૂજામાં વપરાયા હતા.

# સ્વામિનારાયણ મંદિર નાઈરોબીમાં ગુરુપૂર્ણિમાની દબદબાભેર ઉજવણી

### ભારતીય સંસ્કૃતિમાં અને તેમાં પણ ખાસ કરીને હિંદુ ધર્મના લોકોમાં ગુરૂનો મહિમા ખૂબ જ મહત્વ ધરાવે છે.

સમગ્ર દેશમાં ગૂરૂ પરંપરાની ઉજવણી કરાઇ રહી છે પરંતુ માત્ર ભારત નહી જ્યા ભારતીય વસે છે ત્યા પણ તેની ઉજવણી થાય છે ત્યારે મણિનગર શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન, શ્રી સ્વામિનારાયણ મંદિર નાઈરોબીમાં સ્વામિ નારાયણબાપા સ્વામીબાપા, વેદરત્ન આચાર્ય પુરુષોત્તમ પ્રિયદાસ સ્વામી મહારાજનાં દિવ્ય સાનિધ્યમાં તથા પ્રવર્તમાન આચાર્ય જિતેન્દ્રિયપ્રિયદાસ સ્વામી મહારાજની અનુજ્ઞાથી સંતોના સાનિધ્યમાં ગુરુપૂર્ણિમા પર્વની દબદબાભેર ઉજવણી કરવામાં આવી હતી.આ પાવનકારી અવસરે પૂજનીય સંતોમાં સંત શિરોમણી સહજાનંદ સ્વામી,હરિકેશવદાસ સ્વામી તથા ગુરુપ્રિયદાસ સ્વામી તથા દેશો દેશના હરિભક્તો તથા ભાવિકોની ઉપસ્થિતિમાં સ્વામિનારાયણબાપા સ્વામીબાપાનું પૂજન, અર્ચન તથા આરતી ઉતારવામાં આવી હતી.ગુરુદેવ જીવનપ્રાણ મુક્તજીવન સ્વામીબાપાએ ૧૯૭૪ માં એચ. એચ. સ્વામીબાપા સ્પોર્ટ્સ ક્લબની સ્થાપના કરી હતી. તેને ચાલું સાલે ૫૦ વર્ષ પૂર્ણ થાય છે ત્યારે સુવર્ણ મહોત્સવ ઉજવાશે તેનો લોગો અનાવરણ કરવામાં આવ્યો હતો. આ અવસરનો લ્હાવો હરિભક્તોએ મોટી સંખ્યામા હાજરી રહી લીધો હોવાનુ ગુરુપ્રિયદાસ સ્વામીએ જણાવ્યુ હતુ. ગુરુદેવ મુમુક્ષુને જ્ઞાનપ્રકાશ આપી અંધકારને મુક્ત કરે છે. કારણ કે સૂર્યનું શૌર્ય પણ ગુરુના આશિષમાં જ છે. ગુરુનું આગમન એ જીવનનું પુનરાગમન છે. સર્વકાળે અને





હરક્ષણે મુમુક્ષુના ગુરુ જ સાચા માર્ગદર્શક છે. અજ્ઞાનના અંધકારનો અને આસક્તિનો વિનાશ કરનારા, ગુણોના ગૌરવનો વિકાસ કરનારા, અંતરના ઐશ્વર્યમાં અને મનની મહાનતામાં વિશ્વાસ ભરનારા ગુરુ જ છે. આ પ્રસંગે પૂજનીય સંત શિરોમણી ગુરુપ્રિયદાસ સ્વામીજીએ જણાવ્યું હતું કે, આ પૃથ્વી પરના દરેક માનવને પોતાના જીવનમાં પરિવર્તન લાવવાની ઈચ્છા રહેતી હોય છે પણ એ પરિવર્તનની યોગ્ય દિશા બતાવનાર અને ઉન્નતિયુક્ત પરિણામ લાવનાર તો માત્ર સાચા ગુરુ જ હોય છે. તેઓ સંસારરૂપી સાગરમાં હાલક ડોલક થતી શિષ્યની જીવન નૈયાને સ્થિર કરી ભગવાન સુધી પહોંચાડે છે. અને ભગવાનનો સાક્ષાત સંબંધ કરાવે છે. માટે આવા સમયમાં ગુરુની પાસે આધ્યાત્મિક શિક્ષણ અને સેવાનું શિક્ષણ મેળવ્યું હશે તો જ જીવનમાં અખંડ શાંતિ વર્તશે

# મણીનગર સ્વામિનારાયણ મંદિરમાં ગુરુપૂર્ણિમાની ઉજવણી કરાઈ

### આ અવસરે રક્તદાન શિબિર યોજી ૧૫૧ યુનિટ રક્ત એકત્રિત કરાયું

અમદાવાદ તા.૨૨

મણિનગર સ્વામિનારાયણ ગાદી સંસ્થાન, સ્વામિનારાયણ મંદિરે સ્વામીબાપા,વેદરત્ન આચાર્ય પુરુષોત્તમ પ્રિયદાસજી સ્વામીના દિવ્ય સાનિધ્યમાં, પ્રવર્તમાન જ્ઞાનમહોદોધિ આચાર્ય જિતેન્દ્રિયપ્રિયદાસજી સ્વામી તેમજ સ્વામિનારાયણ ગાદીના આર્ધ આચાર્યપ્રવર ગુરુદેવ મુક્તજીવન સ્વામીબાપાના આશિર્વાદ સાથે ગુરુપૂર્ણિમા પર્વની ભકિત ભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી.સ્વામિનારાયણ ગાદીના આદ્યઆચાર્યપ્રવર, આર્ષદ્રષ્ટા ગુરુદેવ મુક્તજીવન સ્વામીબાપાને સ્વામિનારાયણ ગાદીના પરિવારમાં ગુરુનું પૂજન વેદોક્ત વિધિ અનુસાર તથા ગુરુ મહાત્મ્યનું ગુણગાન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મહંત સદ્ગુરુ ભગવતપ્રિયદાસજી સ્વામીએ જણાવ્યું હતું કે, આ પૃથ્વી પરના દરેક માનવને પોતાના જીવનમાં પરિવર્તન લાવવાની ઈચ્છા હોય છે પણ એ પરિવર્તનની યોગ્ય દિશા બતાવનાર અને ઉન્નતિયુક્ત પરિણામ લાવનાર તો માત્ર સાચા ગુરુ જ હોય છે. તેઓ સંસારરૂપી સાગરમાં હાલક ડોલક થતી શિષ્યની જીવન નૈયાને સ્થિર કરી ભગવાન સુધી પહોંચાડે છે.




અને ભગવાનનો સાક્ષાત સંબંધ કરાવે છે. આવી સિધ્ધ ભૂમિમાં ગુરુની પાસે આધ્યાત્મિક શિક્ષણ અને સેવાનું શિક્ષણ મેળવ્યું હશે તો જ જીવનમાં અખંડ શાંતિ વર્તશે અને તો જ આપણે સાચા અર્થમાં ગુરુપૂર્ણિમા ઉજવી કહેવાય. આ અવસરે મુક્તજીવન સ્વામીબાપા સ્કોટિશ પાઈપ બેન્ડે ગુરુભકિતના સૂરો રેલાવ્યા હતા, આ પ્રસંગે રક્તદાન શિબિર પણ યોજવામાં આવી હતી જેમાં ભાવિક હરિભક્તોએ ૧૫૧ યુનિટ રક્તદાન કર્યું હતું, આ અણમોલ અવસરનો લ્હાવો દેશ વિદેશના હરિભક્તોએ ઉલ્લાસભેર લીધો હોવાનું મહંત સદ્ગુરુ ભગવત્પ્રિયદાસજી સ્વામીએ જણાવ્યું હતું.

# ગુરુપૂર્ણિમાની કચ્છમાં ગુરૂઓને વંદન-પુજન સાથે ઉજવણી











વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા ગુરુપૂર્ણિમાના દિવસે ગુરુ પૂજન સહિતના વિવિધ કાર્યક્રમો યોજાયા હતા માતાનામઢ જિલ્લાના અધ્યક્ષ લક્ષ્મણસિંહ સોઢા તથા મંત્રી પ્રદીપ ડાયાણીએ જણાવ્યું હતું કે, સનાતન વૈદિક હિંદુ ધર્મમાં ગુરુનું ખૂબ જ મહત્વ છે ભગવાન રામ અને ભગવાન કૃષ્ણએ પણ ગુરુના આશીર્વાદ લઈ સનાતન પરંપરાને જાળવી રાખી હતી, આ અવસરે વિવિધ ટીમો બનાવીને ૨૫ ઉપરાંત જગ્યા પર ગુરુ પૂજન કરી સંતોના આશીર્વાદ લીધા હતા, ગુરુ પૂર્ણિમાના પવિત્ર દિવસે આયુર્વેદના ભગવાન ધનવંતરી અને અશ્વિની કુમારો નુ પૂજન આયુર્વેદ આચાર્ય દીક્ષાબેન પંડ્યા દ્વારા કરાયુ હતુ અબડાસા તાલુકાના વિઝાણ ગામ મધ્યે આવેલ વિંધ્યવાસીની માતાજી મંદિરે ગુરુ પૂર્ણિમાની નિમિતે મહંત શ્રી ગુરુ અમરતગીરી બાપુનું ગ્રામજનો દ્વારા પુજન કરાયુ હતુ. કચ્છમાં અનેક ધાર્મીક શૈક્ષણીક સ્થળોએ ગુરૂ પુજનનુ આયોજન કરાયુ હતુ.

# નગરપાલિકાઓને સારા માર્ગોની સુવિધા માટે ૧૦૦ કરોડ રૂપિયાની ફાળવણી

### ચોમાસુ પૂરું થાય એટલે તરત રસ્તા મરામત કામો કરી શકે માટે એડવાન્સમાં નાણાં ફાળવણીનો મુખ્યમંત્રીનો અભિગમઃ ૧૫૭ નગરપાલિકાઓને મળશે ગ્રાન્ટ

ગાંધીનગર તા.૨૨

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના શહેરી વિસ્તારોના રસ્તાઓને ચોમાસા દરમિયાન થતું નુકસાન નિવારી આવા રસ્તાઓના રિસરફેસીંગ તથા રીપેરીંગ માટે કુલ રૂ.૧૦૦ કરોડની રકમ ફાળવવાનો નિર્ણય કર્યો છે. નગરો-શહેરોમાં વસવાટ કરતાં લોકોને સારા રસ્તાની સુવિધા સાથે માર્ગ સલામતી મળે અને 'ઈઝ ઓફ લિવિંગ'માં વધારો થાય એવો જનહિત ઉદ્દેશ્ય મુખ્યમંત્રીએ આ નાણાં ફાળવણીમાં રાખ્યો છે. રાજ્યમાં ચોમાસા દરમિયાન ભારે વરસાદને કારણે શહેરો, નગરોના રસ્તાઓને થયેલું નુકશાન દુરસ્ત કરવા નગરપાલિકાઓ પોતાનું



આગોતરું આયોજન અત્યારથી જ હાથ ધરી શકે તેવા હેતુસર આ નાણાં ફાળવણી એડવાન્સમાં કરવાનો અભિગમ અપનાવ્યો છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમના મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળમાં રાજ્યની સ્થાપનાના સ્વર્ણિમ જયંતિ વર્ષે શરૂ કરેલી સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાંથી મુખ્યમંત્રી શ્રી પટેલે આ અન્વયે મુખ્યમંત્રી શહેરી સડક યોજના હેઠળ ૨૦૨૪/૨૫ના વર્ષ માટે શહેરી વિકાસ વિભાગે ૪૦૦ કરોડ રૂપિયાની ગ્રાન્ટની જોગવાઈઓ કરેલી છે,૧૫૭ નગરપાલિકાઓમાં નાગરિકોને ત્વરાએ સારા સુવિધા યુક્ત માર્ગો ઉપલબ્ધ બને તે માટે નગરપાલિકાઓની કેટેગરી મુજબ કુલ ૧૦૦ કરોડ રૂપિયા ફાળવવાની અનુમતિ આપી છે.

તદ્અનુસાર 'અ' વર્ગની ૨૨ નગર પાલિકાઓને પ્રત્યેકને રૂ.૧ કરોડની, 'બ' વર્ગની ૩૦ નગરપાલિકાઓને નગરપાલિકા દીઠ રૂ. ૮૦ લાખ, 'ક' વર્ગની ૬૦ નગરપાલિકાઓને પ્રત્યેકને રૂ. ૬૦ લાખ અને 'ડ' વર્ગની ૪૫ નગરપાલિકાઓને પાલિકા દીઠ રૂ. ૪૦ લાખની સૂચિત ફાળવણી માર્ગોની મરામત વગેરે કામો માટે કરાશે. આ મુખ્યમંત્રી શહેરી સડક યોજના અંતર્ગત રાજ્ય સરકારે વર્ષ ૨૦૨૩/૨૪ સુધીમાં નગરપાલિકાઓને માર્ગ મરામત અને સુવિધાયુક્ત માર્ગો માટે કુલ ૮૧૦.૯૫ કરોડ રૂપિયાની ગ્રાન્ટ આપેલી છે.

# રેલવે સંરક્ષામાં શ્રેષ્ઠ કામ માટે ચાર રેલવે કર્મચારી સન્માનિત





અમદાવાદ, તા.૨૨

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ પર મંડળ રેલવે મેનેજર સુધીર કુમાર શર્માએ મંડળના ૦૪ રેલવે કર્મચારીઓને સુરક્ષિત ટ્રેન સંચાલનમાં શ્રેષ્ઠ કામ અમલી કરણ માટે સન્માનિત કર્યા હતા આ રેલવે કર્મચારીઓને ડ્યુટી દરમિયાન તેમની સભાનતા અને સતર્કતાને કારણે અમંગળ ઘટનાઓને રોકવામાં તેમના યોગદાન માટે પ્રમાણ-પત્ર આપીને સન્માનિત કર્યા.વરિષ્ઠ મંડળ સંરક્ષા અધિકારી શ્રી ઉમેશ પ્રસાદે માહિતી આપતાં જણાવ્યું કે બ્રિજેશ કુમાર મિશ્ર—સ્ટેશન સુપ્રિટેન્ડન્ટ અસારવા,રાજેશ કુમાર—ફિટર અસારવા, હિમાંશુ ભાટી—સહાયક લોકો પાયલટ સાબરમતી અને ધારાસિંહ માલ-ફિટર પાલનપુર એ અમંગળ ઘટનાઓ જેવી કે ટ્રેક્ટર વોટર ટેકનું આગળનું અને પાછળનું એક-એક પૈડું પ્લેટફોર્મથી ઉતરી જવા પર લોકો પાયલોટે વીએચએફ થી જ્યાં પણ ગાડી હોય ત્યાં જ રોકવા માટે કહ્યું, ઓએચઈ પર કેટલીક અસામાન્ય ધાતુ અસુરક્ષિત અવસ્થામાં છે આ નોટીસ કરી અને તરત જ લોકો પાયલોટને સૂચના આપી, લિડીંગ વ્હીલ ની પ્રાયમરી સ્પ્રિંગને તૂટેલી જોતાં તરત જ માહિતી પોતાના સુપરવાઈઝરને આપી અને તરત યોગ્ય કાર્યવાહી કરીને અમંગળ ઘટના અને સંભવિત નુકસાનથી બચાવ્યા છે રેલવે કર્મચારીઓના આ કાર્ય પર ગર્વ લઈ પ્રવાસી સુરક્ષા માટે સારૂ કામ કરનારનુ સન્માન કરાયુ હતુ

Printer, Publisher and Owner : Jay Dineshbhai Dave, Printed at NIDHIRESH PRINTERY, Plot No. 50, KailashDham Society, Nr. Ruda Transport Nagar, SatHanuman Temple, Navagam, Rajkot, Published from 9, Matrubhav, Satyam Society, Bhuj - Kutch. Editor : Jay Dineshbhai Dave Responsible for News Under PRB Act

# કચ્છમાં ચાંદીપુરા વાયરસ ની એન્ટ્રી ! તંત્ર સતર્ક

**● રાજ્યમાં જ્યારે ઝડપથી આ કેસો વધી રહ્યા છે ત્યારે કચ્છમાં પણ પ્રથમ કેસ સામે આવ્યા બાદ આરોગ્ય વિભાગ હરકતમાં આવ્યુ છે. અને તે ગામ સહિત આસપાસના તાલુકા મથકના ગ્રામ્ય વિસ્તારમાં કામગીરી સાથે જાગૃતિ માટે પ્રયાસો શરૂ કર્યા છે**



ભુજ તા.૨૨

સમગ્ર ગુજરાતમાં હાલ ઝડપથી ફેલાઈ રહેલા ચાંદીપુરા વાયરસ ના કેસો થી ફફડાટ ફેલાયો છે જેને લઇ ને આરોગ્ય વિભાગ સતર્ક બન્યું છે ત્યારે આ વાયરસ નો પ્રથમ કેસ કચ્છ માં પોઝિટિવ આવ્યો છે. નખત્રાણા ના દેવપરની બાળકીમાં શંકાસ્પદ લક્ષણો દેખાયા બાદ તેના રિપોર્ટ પરીક્ષણ માટે મોકલ્યા હતા જે રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.હાલ બાળકી જી.કે. જનરલ હોસ્પિટલમાં સારવાર તળે છે અને સ્વસ્થ છે. જો કે કેસ સામે આવ્યા બાદ નખત્રાણા તાલુકામાં આરોગ્ય વિભાગ દ્વારા કામગીરી શરૂ કરી દેવાઈ છે.તાલુકામાં ૫ હજાર જેટલા કાચા ઘરોમાં દવા છંટકાવ ની કામગીરી કરાઈ છે આરોગ્ય અધિકારી એ મીડિયા વાતચીત દરમ્યાન લોકો ને જાગૃત રહેવા સાથે શંકાસ્પદ કિસ્સામાં તાત્કાલિક આરોગ્ય વિભાગ નો સંપર્ક કરવા માટે અપીલ કરી છે.હાલ આરોગ્ય વિભાગ દ્વારા સમગ્ર કચ્છમાં પાણીજન્ય રોગચાળો અટકાવવા અને ચાંડીપુરા ના શંકાસ્પદ કેસો શોધવા કામગીરી શરૂ કરાઈ છે.દેવપર(યક્ષ) વાડી વિસ્તારમાં દવા છંટકાવની કામગીરી પણ શરૂ કરાઇ હતી. આરોગ્ય અધિકારીએ જણાવ્યુ હતુ કે વાડી વિસ્તારમાં રહેતા એક પરિવારની દોઢ વર્ષની બાળકીને પ્રથમ ભારે તાવ આવતા નખત્રાણા ની ખાનગી હોસ્પિટલમાં સારવાર લીધા બાદ ભુજની જીકે જનરલ હોસ્પિટલમાં દાખલ કરાઈ હતી. જ્યાં તેને ચાંદીપુરા વાઈરસના લક્ષણ દેખાતા તેંના સેમ્પલ પરીક્ષણ માટે મોકલવામાં આવ્યા હતા, જ્યાં તેનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. ચાંદીપુરા કેસના પગલે નિયંત્રણ માટે જરૂરી તમામ પગલા તંત્ર દ્વારા લેવાઈ રહ્યા છે. હાલ સમગ્ર કચ્છમાં વરસાદ જન્ય રોગચાળો ન વકરે તે માટે કામગીરી થઇ રહી છે. જેના ભાગરૂપે ગ્રામ્ય વિસ્તારમાં જાગૃતિ સાથે દવા છંટકાવ સહિતની કામગીરી કરાઇ રહી છે. જેમાં શંકાસ્પદ ચાંદીપુરા કેસના લક્ષણો તથા તેને સંલગ્ન માહિતી અને જરૂરી કામગીરી પણ કરાઇ રહી છે.

ચાંદીપુરા વાઈરસે આજે વધુ ત્રણ બાળકનો ભોગ લીધો. બનાસકાંઠાના સુઈગામ, રાજકોટના ગોંડલના રાણસીકી તથા દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ૧-૧ બાળકનાં મોત થઈ ગયાં છે. આ સાથે જ મૃત્યુઆંક ૩૩ પહોંચ્યો છે અને કુલ કેસ ૮૮ થયા છે. સરકારે હાઉસ ટુ હાઉસ સર્વે સહિત અત્યાર સુધી કરેલી કામગીરીના આંકડા સાથે ઉભી કરાયેલી સુવિદ્યા અંગે માહિતી આપી હતી. અને જે વિસ્તાર વધુ અસરગ્રસ્ત છે ત્યા વધારાની આરોગ્ય સુવિદ્યા માટેના પગલા પણ લીધા હોવાનુ જણાવ્યુ હતુ. ચાંદીપુરાના કેસો સામે આવ્યા બાદ ગુજરાતમા અનેક બાળકો તેની ચપેટમા આવ્યા છે ત્યારે કચ્છના ગ્રામ્ય વિસ્તારમા કેસ દેખાયા બાદ આરોગ્ય વિભાગે બેઠકો યોજવા સાથે સ્થાનીક આરોગ્ય ટીમને જરૂરી સુચના આપી છે સાથે શહેરી વિસ્તારમા પણ કામગીરી સરૂ કરાઇ છે.

## ચાંદીપુરા સામે ભુજ પાલિકાનું તંત્ર સજ્જ



રાજ્યભરમાં ચાંદીપુરાના કેસો સામે આવી રહ્યા છે ત્યારે કચ્છમાં પણ એક કેસ સામે આવ્યા બાદ ગ્રામ્ય વિસ્તાર સાથે શહેરી વિસ્તારોમાં પણ સજ્જતા માટે તંત્રએ કમર કસી છે. ત્યારે ભુજ નગરપાલિકાની સેનિટેશન શાખા મધ્યે સેનિટેશન શાખાના ચેરમેન દ્વારા ચાંદીપુરા વાયરસ સામે લડવા તેમજ આગોતરા તૈયારી રૂપે સેનિટેશન શાખાના વડા તેમજ વૉર્ડરોને સાથે રાખીને મિટિંગ બોલાવવામાં આવી હતી જેમાં ચાંદીપુરા વાયરસ વિશે માહિતી આપીને તેમજ તેને ફેલાતો અટકાવવા માટે સૂચનાઓ આપવામાં આવી હતી તેમજ કાચા મકાનોની દીવાલની તિરાડોમાં તેમજ માટીથી બનેલ ઢગલા જેવી જગ્યાએ નિયમોનુસાર દવાનો છંટકાવ કરવા સૂચના અપાઇ હતી તેમજ ભુજ નગરપાલિકા દ્વારા ચાંદીપુરા વાયરસ ફેલાવતા અટકાવવા માટે તકેદારીના ભાગરૂપે આગોતરી આ કામગીરી શરૂ કરી દેવામાં આવી છે.

# અબડાસા,માંડવી, ભુજમાં વરસાદની હાજરી,જો કે ઉકળાટ યથાવત

**આગાહી છંતા કચ્છમાં વરસાદ જોઈએ તેવો પડતો નથી સોમવારે કચ્છના ત્રણ તાલુકામાં સારો વરસાદ થયો હતો ખાસ કરીને અબડાસા-લખપત,માંડવીના ગ્રામ્ય વિસ્તારમાં સરેરાશ ત્રણ ઈંચથી વધુ વરસાદ નોંધાયો હતો લખપતમાં વિજળી પડતા એકનુ મોત થયુ હતુ જ્યારે વરસાદને કારણે વાહનો ફસાવવાની ધટના પણ બની હતી**





સૌરાષ્ટ્રમાં મેધરાજા મુશ્કેલી સર્જી રહ્યો છે અને અનારાધાર વરસાદથી અનેક ગામો બેટમાં ફેરવાયા છે જો કે આગાહી વચ્ચે કચ્છમાં જોઈએ તેવો વરસાદ પડતો નથી સોમવરા કચ્છના ત્રણ તાલુકામાં સારો વરસાદ નોંધાયો હતો પરંતુ જો કે અબડાસામાં જખૌ,કોઠારા,નલિયા સહિતના તમામ ગામોમાં સારો વરસાદ પડ્યો હતો તો લખપતના નારાયણસરોવર સહિતના અનેક ગામોમાં પણ વરસાદની હાજરી હતી. માંડવી-મુન્દ્રામાં અડધો ઈંચથી વધુ વરસાદ પડ્યો હતો પરંતુ ત્યા પણ દોણ,મોમાયમોરા,નાની ધુફી,દસરડી,નાગ્રેચ,પદમપર તથા લખપતના છેર સહિતના ગામોમાં સારો વરસાદ પડ્યો હતો લખપત તાલુકા ના મોટી છેર ગામ મા પવન સાથે વરસાદ પડ્યો હતો તો અબડાસાના ગઢવાડા વરસાદ બાદ પાણી વહિ નિકળ્યા હતા આંકડા મુજબ અબડાસામાં ૨ ઈંચ, માંડવી, ભુજમાં પોણો ઈંચ વરસાદ પડ્યો હતો જો કે માંડવી, અબડાસા, લખપતના અમુક ગ્રામ્ય વિસ્તારમાં ૩ થી ૪ ઈંચ વરસાદ બાદ પાણી વહી નિકળ્યા હતા.કચ્છમાં હજુ પણ ૨૬ જુલાઈ સુધી ભારે વરસાદની આગાહી કરવામા આવી છે ત્યારે લોકો તેની ચાલત નજરે રાહ જોઇ રહ્યા છે. આજે વરસાદમા લખપતમાં એક વ્યક્તિનુ વિજળી પડતા મોત થયુ હતુ જ્યારે અબડાસામાં વરસાદ બાદ વાહનો ફસાયા હતા.

## લખપતમાં આકાશી વિજળી પડતા યુવાનનુ મોત







રાજ્યની સાથે કચ્છમાં પણ અલગ-અલગ તાલુકા મથકો પર વરસાદ હાજરી પુરાવી રહ્યો છે. આ સાથે ગાજવીજ સાથે ચોમાસા દરમ્યાન વિજળી પડવાના બનાવો પણ સામે આવ્યા છે. જેમા હજુ સુધી મોટી નુકશાની ક્યાક નોંધાઈ નથી પરંતુ સોમવારે અબડાસા-લખપત વિસ્તારમાં પડેલા વરસાદમા વિજળી પડતા એક માલધારીનુ મોત થયુ છે. પ્રાપ્ત માહિતી મુજબ લખપત તાલુકાના કપુરાશી ગામે માલધારી ભરત ખેતાજી દવે ઉં.૩૩ પોતાની ભેંસો લેવા સીમા ગયા હતા ત્યારે સીમાડામાં વિજળી પડતા તેનુ મોત થયુ હતુ. માલધારીના મૃત્દેહને દયાપર ખાતે લઇ જવાયો હતો.તો બીજી તરફ અબડાસામાં સારા વરસાદ બાદ વાયોરમાં બોલેરો ગાડી પાણીના પ્રવાહમાં ફસાઈ ગઇ હતી. ગામ પાસે આવેલ નદી પાર કરતા બોલેરો ગાડી અધવચ્ચે બંધ પડી ગઈ હતી જેને બાદમાં ટ્રેક્ટરની મદદથી બહાર કાઢવામાં આવી હતી તો બીજી તરફ અબડાસાના કોઠારા વરાડીયા વચ્ચે ચાલી રહેલા રેલવેના કામ સ્થળે હિટાચી મશીન વરસાદ ના કારણે પાણીમાં ડુબી ગયુ હતુ વરસાદ બાદ માટી માં વજનદાર હિટાચી મશીન ઊંડે ઘસી ગયું પરંતુ કોઇ જાનહાની થઇ ન હતી.

# વધુ એક સોપારી કાંડ કંડલામાં ઝડપાયું

ગાંધીધામ તા.૨૨

રોક સોલ્ટના નામે સોપારી મંગાવી આર્થિક ફાયદા માટે પૂર્વ આયોજીત કાવત્રુ રચી સરકાર સાથે છેતરપીડી કરતા આરોપી ઓને કંડલા મરીન પોલીસે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

મિલ્કત સંબધી ગુનાઓ શોધવા પોલીસ વડાઓની સુચના અનુસંધાને કંડલા મરીન પોલીસ સ્ટેશનમાં બી.એન.એસ કલમ ૩૧૮(૪),૩૩૬(૨) (૩), ૩૩૮, ૩૪૦, ૬૧(૨)(એ) મુજબનો ગુનો જાહેર થયેલ હોઈ તે ગુના સંદર્ભમાં પો.ઈન્સ. એ.એમ.વાળાના નેતૃત્વ હેઠળ પી.એસ. આઈ વાય.પી.ગોહીલ, તથા કંડલા મરીન પોલીસ દ્વારા આરોપીઓની સઘન પુછપરછ કરતા આરોપીઓએ પોતના આર્થિક ફાયદા માટે પૂર્વ કાવત્રુ રચી સરકાર સાથે છેતરપીડી કરી, મેમ ટેડીંગ કું. મુંબઈ ના કાલુરામ




દ્વારા રોક સોલ્ટના બદલે દુબઈથી ઈમ્પોર્ટેડ સોપારી વેચાણના હેતુ ગેરકાયદેસર આયાત કરી, સરકારના ટેક્ષના નાણાં ભરપાઈ નહીં કરી, ઈમ્પોર્ટેડ સોપારીના બદલે રોક સોલ્ટ ની વિગત દર્શાવી, ખોટા બીલ તેમજ ખોટા ઈલેક્ટ્રોનિક્સ રેકર્ડ તેમજ અન્ય સંલગ્ર જરૂરી ખોટા દસ્તાવેજી પુરાવાઓ ઉભા કરી તેનો ખરા તરીકે ઉપયોગ કરી આરોપીઓએ પોતાના પ્લાન મુજબ કાવત્રુ પાર પાડી ગુનો કરેલ જે આધારે અનિલ છગન બારોટ (રહે.વરસામેડી), કરણ ગોવિંદ કાનગડ (રહે.મેધપર બોરીચી), અને વરૂણ રમેશ મોહન (રહે.આદીપુર)ને પકડી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી.

આ ષડ્યંત્રમાં જેમના નામ ખુલ્યા છે તે આરોપીઓ અરૂણ ગોવિંદ કાનગડ (રહે. આદિપુર) અને મેમ ટેડિંગ કાં. ના કાલુરામને પકડવાના બાકી છે.

પોલીસે સોપારીનો ૬૦ ટન જથ્થો કિં. રૂ.૧,૮૦,૦૦૦૦૦ તથા સોપારીની હેર-ફેર માટે ટ્રક કિં. રૂ. ૫,૦૦,૦૦૦ એમ કુલ્લે રૂા.૧,૮૫,૦૦૦૦૦ કબ્જે કર્યો હતો. આ કામગીરીમા પો.ઈન્સ. એ.એમ.વાળા, પી.એસ.આઈ વાય.પી.ગોહીલ અને કંડલા મરીન પોલીસ સ્ટાફ જોડાયેલ હતો.

CRIME LINE CRIME LINE CRIME LINE CRIME LINE

# એકના ત્રણ લાખની લાલચ આપી લોકોને ઠગતી ચીટર ગેંગ ઝડપાઈ

**અંજાર ખાતે ખોટા નામ ધારણ કરી ઠગ ટોળકી ફેસબુકના માધ્યમથી લોકોને લલચાવી શીશામાં ઉતારતી હતી**

અંજાર તા.૨૨

અંજારની ચીટર ગેંગ દ્વારા બનાવટી આધાર કાર્ડ અને ચુંટણી કાર્ડ બનાવી તેનો ગેર ઉપયોગ કરી લોકોને વિશ્વાસમાં લઈ કાવતરૂ રચી છેતરપીંડી કરતી ચીટર ગેગના મુખ્ય આરોપી તથા તેના સાગરીતોને શોધી હાલમાં થયેલ છેતરપીંડીના રૂ.૩,૪૫,૦૦૦નો મુદામાલ રીકવર કરી ચીટીંગના ગુનાનો ભેદ અંજાર પોલીસે ગણતરીના કલાકમાં ઉકેલી કાઢયો હતો.



અંજાર પોલીસ સ્ટેશને તા.૨૦/૦૭ ના રજીસ્ટર થયેલ ગુનામાં મધ્યપ્રદેશના ઈન્દોરના રહીશ પુનમબેન વિનોદભાઈ સુગવાની ના પુત્ર દેવાંસને અંજારની ચીટર ગેંગ દ્વારા ફેસબુકના માધ્ય દ્વારા ખોટા નામથી ફેન્ડશીપ રીકવેસ્ટ મોકલી વિશ્વાસમાં લઈ રૂપિયા "એક કા તીન" લાખ રૂપિયાની લાલચ આપી અંજાર બોલાવી ચીટર ગેંગ દ્વારા કાવતરૂ રચી લાલચમાં આવી ગયેલ સાહેદ પાસેથી રૂ.૬,૦૦,૦૦૦ પડાવી લઈ અંજાર ઓફીસમાં ગેરકાયદેસર અટકાયતમાં રાખ્યા બાદ સાહેદ દેવાંશને રૂપિયા કે નફો ન મળતા આર્થીક સંકળામણ થતા ગભરાઈ જતા, તેણે ઈંદોરથી પોતાના પરિવારને અંજાર બોલાવી અને પોતાને ગોંધી રાખી છેતરપીંડી વિશ્વાસઘાત થયેલ હોવાનું જણાવતા તેના ફરીયાદી માતાએ ચીટર ગેંગ ઈસમોની મુલાકાત કરી હતી, ચીટર ગેંગના ઈસમ સુલેમાન ઉર્ફે બાબાએ રૂપિયા નહિ હોવાનું અને અહીંથી જતા રહેવાનું કહી ફરીયાદીને તેનો પુત્ર સોંપી હવે અહીં રહેશો તો જાનથી મારી નાખવામાં આવશે તેવી ધમકી આપતા તેમણે પોલીસનો સંપર્ક કર્યો હતો.

આ ફરિયાદ મળતાં જ અંજાર પોલીસ ઈન્સ્પેક્ટર એ.આર.ગોહીલે બનાવની ગંભીરતાને લઈ તાત્કાલીક ધોરણે પોલીસ સ્ટાફની ટીમો બનાવી ગુનાને અંજામ આપનાર ચીટર ગેંગના ઈસમોને શોધી કાઢવા સુચના આપી હતી જે સંબધે અંજાર પોલીસ દ્વારા પોતાના હ્યુમન સોર્સીસ આધારે તેમજ ફરીયાદીએ જણાવેલ આરોપીઓના વર્ણન આધારે ચીંટીંગ કરતા ઈસમો પર વોચ રખાવી બાતમી આધારે હાલમાં ગુનાને અંજામ આપેલ ચીટર ગેંગના મુખ્ય આરોપી સાથે કુલ ચાર આરોપીઓને અંજારના મદીનાનગર ખાતે શોધી કાઢી, ખોટા નામ ધારણ કરી ઉપયોગમાં લેતા આધારકાર્ડ તેમજ અન્ય મુદામાલ સાથે ઝડપી પાડી આરોપીઓ વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

આરોપીઓ સમીરહુશેન લાલશા શેખ (રહે.અંજાર ખોટું ધારણ કરેલ નામ કાર્તીક પટેલ), મામદ હનીફ ઉર્ફે ઈકબાલ અલીમામદ શેખ(રહે.અંજાર, ખોટું નામ રાજદીપસિંહ જાડેજા), કેસાભાઈ ઉર્ફે બાપા ભીમાભાઈ ચૌધરી (રહે. વોંધ તા.ભચાઉ,ખોટું નામ મનોજ પટેલ) અને ગુનાહિત કાવતરૂ રચી ચીટીંગ કરાવનાર મુખ્ય આરોપી સુલેમાનશા ઉર્ફે બાબા મામદશા શેખ (રહે.મદીનાનગર અંજાર) તથા મદદગારી કરનાર અન્ય આરોપીઓ અલી અકબર હુશેનશા શેખ (રહે.અંજાર) પાસેથી રોકડા રૂપીયા ૩,૪૫,૦૦૦,મોબાઈલ ફોન નંગ-૦૬ જેની કિ.રૂ.૯૫,૫૦૦ એમ કુલ્લે રૂ. ૪,૪૦,૫૦૦ તથા ખોટા નામ ધારણ કર્યાના બોગસ કાર્ડ કબ્જે કર્યા હતા.

પકડાયેલ આ ઠગ આરોપીઓ પૈકી સુલેમાન ઉર્ફે બાબા મામદશા શેખ રહે. અંજાર સામે અંજારમાં ૮ અને ભુજમાં -૨ એમ કુલ્લ ૧૦ ગુનાઓ, જ્યારે આરોપી કેશાભાઈ ભીમા ચૌધરી રહે.વોંધ તા.ભચાઉ સામે ગાંધીધામ એ ડીવીઝન મથકે બે ગુના નોંધાયેલા છે.

પકડાયેલ આરોપીઓ પૈકી મુખ્ય આરોપી સુલેમાન ઉર્ફે બાબા સાગરીતો સાથે મળી કાવતરૂ રચી ફેસબુક ઉપર ખોટી આઈ.ડી બનાવી સાગરીતોના ખોટા નામ ધારણ કરાવી જુદા જુદા લોકો સાથે ફેસબુક ઉપર મિત્રતા કરી વિશ્વાસમાં લઈ આર્થીક લાભની લાલચ અંજાર બોલાવી પોતાની સાચી ઓળખ છુપાવી ખોટા આધારકાર્ડ બનાવી લોકોને છેતરી, દાદાગીરી કરી રૂપિયા પડાવી લેવાની ટેવ ધરાવે છે.

પોલીસ દ્વારા અંજારની આમ પ્રજાને જાહેર અપીલ કરી આવી ચીટર ગેંગ દ્વારા કોઈ પણ ભોગ બનેલ હોય અને આર્થીક નુકશાન ભોગવેલ હોય તો કોઈ પણ ભય વગર અંજાર પોલીસ સ્ટેશનનો સંર્પક કરવા જણાવાયું છે. આ કામગીરી અંજાર પોલીસ ઈન્સપેક્ટર એ.આર.ગોહીલ,સબ ઈન્સ. જે.એસ.ચુડાસમા તથા અંજાર પોલીસ સ્ટાફના માણસો દ્વારા કરાઈ હતી.

## સગીરાના અપહરણ કેસમાં ભુજના આરોપીને ૭ વર્ષની સજા અને ૧ લાખનો દંડ

ભુજ તા.૨૨

આજથી ત્રણેક વર્ષ પહેલાં ભુજના ફરિયાદીએ તા.૦૧/૧૨/૨૦૨૧ ના પોતાની સગીર વયની ભત્રીજી ઘરેથી નાસ્તો કરવા જવાનું કહી ઘરેથી નીકળી ગયેલ ત્યાર બાદ ઘરે પરત ન આવતાં ફરીયાદીએ પોતાની ભત્રીજીને કોઈ અપહરણ કરી ગયેલ હોવાની ફરીયાદ નોંધાવેલ, પોલીસ દ્વારા તપાસ કરતાં ભોગ બનનાર મળી આવેલ ત્યારે ખુલેલ કે, ફરિયાદીની સગીર વયની ભત્રીજી ઉ.વ.૧૬ સાથે આરોપી રવિ રામસ્વરૂપ આદિવાલ (રહે. વાલ્મીકીનગર ભુજ) નો મોબાઈલના હેલ્લો એપ પર કોન્ટેકટ થયેલ ત્યારબાદ બન્ને વચ્ચે મોબાઈલમાં બનાવથી એક વર્ષ પહેલાંથી મોબાઈલ પર વાતચીત થતી રહેતી હતી. તા.૦૧/૧૨/૨૧ ના આરોપીએ ભોગ બનનારને લગ્નની લાલચ આપીને બસમાં ગાંધીધામ લઈ ગયેલ અને તા.૦૪/૧૨/૨૧ ના રોજ ટ્રેનમાં અમદાવાદ લઈ ગયેલ ત્યાંથી તા.૦૯/૧૨/૨૧ના પરત આવેલા, જે અનુસંધાને ભુજ 'એ' પોલીસ સ્ટેશનમાં આઈ.પી.સી. કલમ ૩૬૩,૩૬૬ તથા પોકસો કલમ ૧૮ મુજબનો ગુન્હો દાખલ કરી તપાસમાં પુરતો પુરાવો મળી આવતા નામદાર કોર્ટમાં ચાર્જસીટ કરેલ.

આ કેસ ભુજના નામદાર સ્પે. (પોકસો) જજ વી.એ.બુધ્ધની કોર્ટ સમક્ષ ચાલી ગયેલ, આ કેસમાં પ્રોસીકયુશન તરફે ચાર દસ્તાવેજી પુરાવાઓ તથા ૬ સાક્ષીઓને તપાસવામાં આવેલ હતા. આ કામે આરોપીને આઈ.પી.સી. કલમ ૩૬૩ ના ગુન્હામાં ૩ વર્ષની સખત કેદની સજા અને રૂ.૧૦ હજારનો દંડ તથા આઈ.પી.સી. કલમ ૩૬૬ ના ગુન્હામાં ૭ વર્ષની સખત કેદની સજા અને રૂ.૧ લાખના દંડ ની સજા ફટકારી હતી. આ કામે પ્રોસિકેયુશન તરફે પોકસો એકટના ખાસ સરકારી વકીલ એચ.બી.જાડેજાએ હાજર રહી સાક્ષી તપાસેલ અને દલીલ કરી હતી.

## ૬ જુગારીઓને પતા ટીંચતા પકડી પાડતી ગાંધીધામ પોલીસ




ગાંધીધામ તા.૨૨

પ્રોહીબીશન તથા જુગારની ગેરકાયદેસર પ્રવૃતીને અંકુશમા લાવવા સુચના અન્વયે ગાંધીધામ પોલીસ ઈન્સપેક્ટર એસ. વી.ગોજીયા દ્વારા અસરકારક કામગીરી કરવા જણાવતાં સર્વેલન્સ સ્ટાફના કર્મચારીઓ પેટ્રોલીંગમાં હતા, તે દરમ્યાન મળેલ બાતમી આધારે કાર્ગો બાપા સિતારામનગર વિસ્તારમાં જાહેરમાં ગંજીપાના વડે જુગાર રમતા છ ઈસમો, ઈરફાન શબ્બીર શેખ, માનુજી ચેલાજી ઠાકોર, મુળજી કરશન વાઘેલા, પ્રવિણ મુળજી મકવાણા, પ્રવિણ કરશન વાઘેલા, કાળુ પ્રેમજી પરમાર (રહે. તમામ સીતારામ નગર ગાંધીધામ)ને પકડી પાડી તેમની પાસેથી રોકડા રૂ.૨૬,૨૦૦ સાથે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી કરાઈ હતી.

આ કામગીરી ગાંધીધામ બી ડીવીઝન પો. ઈન્સપેક્ટર એસ. વી.ગોજીયા,સબ ઈન્સ.એલ.એન. વાઢીયા તથા સ્ટાફ દ્વારા કરવામાં આવી હતી.

# હત્યાના ગુનામાં શિકારપુરના શખ્શના જામીન રદ

ગાંધીધામ તા.૨૨

ખુન, ખુનની કોશિશ, રાયોટીંગ, એટ્રોસીટી જેવા ગંભીર ગુનામાં સંડોવાયેલ આરોપીને કોર્ટમાંથી મળેલા રેગ્યુલર જામીન લાકડીયા પોલીસે રદ કરાવ્યા હતા.

શરીર સબંધી ગંભીર ગુનાના આરોપીઓ જેની વિરૂધ્ધ એકથી વધારે ગુનાઓ દાખલ થયેલ હોય અને આરોપીઓ કોર્ટમાંથી શરતી જામીન પર મુક્ત થયેલ હોય કે, કોર્ટના જામીન હુકમોની શરતોનો ભંગ કરેલ હોય તેવાના જામીન રદ કરાવવા સુચના અન્વયે લાકડીયા પોલીસ ઈસ્પેક્ટરએ અત્રેના લાકડીયા પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલ ગુના બાબતે તપાસ કરતાં આરોપી કાજાભાઈ અમરાભાઈ રબારી (રહે.શિકારપુર તા.ભચાઉ) વિરૂધ્ધ અગાઉ રાયોટીંગ, એટ્રોસીટી જેવા ગંભીર ગુના દાખલ થયા હતા, અને આરોપી નામદાર સેસન્શ કોર્ટ ભચાઉ ખાતેથી શરતી જામીન ઉપર મુક્ત થયેલ ત્યારબાદ જામીન મુક્ત થયા પછી પણ આરોપી વિરૂદ્ધ લાકડીયા પોલીસ સ્ટેશનમાં મારા મારીની ફરિયાદ નોંધાઈ હતી,



અને તેની લાકડીયા પોલીસ દ્વારા અટક કરવામાં આવેલ હતી જેમાં પણ આરોપી શરતી જામીન ઉપર મુક્ત થયેલ, આ સિવાય અગાઉ પણ આરોપી વિરૂધ્ધ સામખીયાળી પોલીસ સ્ટેશનમાં ખુનની કોશિશનો ગુનો દાખલ થયેલ છે, આરોપીએ નામદાર કોર્ટની શરતોનો ભંગ કરેલ હોતાં આરોપીના જામીન રદ કરવા સેસન્શ કોર્ટ ભચાઉ ખાતે લાકડીયા પોલીસે અરજી દાખલ કરતા નામદાર કોર્ટે જણાવેલ મુદાઓને ગ્રાહ્ય રાખી આરોપીના જામીન રદ કરતો હુકમ કયો હતો. આરોપી વિરૂદ્ધ સામખીયાળી પોલીસ સ્ટેશનમાં તાજેતરમાં દાખલ થયેલ ખુનના ગુનામાં પણ તે નાસતો ફરતો હોઈ આરોપી ને ઝડપી પાડવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.

## એક વર્ષથી ફરાર ચોરીનો આરોપી ઝડપાયો

ગાંધીધામ તા.૨૨

પેટ્રોલીયમ પદાર્થની ચોરી કરવાની કોશીષના ગંભીર પ્રકારના ગુનામાં એક વર્ષ થી નાસતા ફરતા આરોપીને ગાંધીધામ બી-ડીવીઝન પોલીસે ઝડપી પાડ્યો છે.

નાસતા ફરતા આરોપીઓ પકડવાની સુચના બાબતે પોલીસ ઈન્સપેક્ટર એસ.વી.ગોજીયા દ્વારા કામગીરી કરવા સ્ટાફને જણાવતા પોલીસ સ્ટાફના કર્મચારીઓ પેટ્રોલીંગમાં હતા, તે દરમ્યાન વર્ષ ૨૦૨૩માં ખારીરોહર એચ.પી. સી.એલ ટર્મીનલની અંદર ઓઈલ પાઈપ લાઈનની અંદર કાણું કરી ચોરી કરવાની કોશીષ કરતા જ્વલનશીલ પેટ્રોલીયન પદાર્થના કારણે આગ લાગેલ જે ગુનામાં એક વર્ષથી નાસતા ફરતા




આરોપી અસગર હુશેન મંધેરીયા (રહે.ખારીરોહર ગાંધીધામ)ને મળેલ બાતમી આધારે પકડી પાડી તેના વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી.

આ કામગીરી બી ડીવીઝન ઈન્સ.એસ.વી.ગોજીયા, સબ ઈન્સ. કે.જે.વાઢેર, એલ.એન. વાઢીયા તથા પોલીસ કર્મચારીઓ દ્વારા કરવામાં આવી હતી.

## ચાર વર્ષથી છ ગુન્હામાં ફરાર આરોપી ઝડપાયો

ગાંધીધામ તા.૨૨

પુર્વ કચ્છ પોલીસે નાસ્તા ફરતા આરોપીને શોધવા માટે ખાસ કવાયત કરી રહી છે તે વચ્ચે લોકલ ક્રાઈમ બ્રાન્ચે છેલ્લા સાડા ચાર વર્ષથી દારૂ તથા ઘરફોડ ચોરીના ગુન્હામાં ફરાર શખ્સને ઝડપી પાડ્યો છે. ઈન્દ્રસિંહ ઉર્ફે ઈન્દ્રસિંહ ઈન્દ્રસિંહ રામસિંહ રાજપુત મુળ બાડમેર રાજસ્થાન અને હાલે મુન્દ્રા રહેતો શખ્સ ભચાઉ, આદિપુર સામખીયાળી સહિતના પોલીસ મથક ના ૬ જેટલા ગુન્હામાં પોલીસની પકડથી દુર હતો ત્યારે બાતમી આધારે પોલીસે તેને પકડી પાડ્યો હતો. આરોપી સામે કચ્છ ઉપરાંત અન્ય જીલ્લાના પણ ૬ જેટલા ગુન્હા



નોંધાયેલા છે. એન.એન.ચુડાસમા તથા તેમની ટીમે બાતમી આધારે તેને ઝડપી પાડ્યો હતો અને વધુ કાર્યવાહી માટે ભચાઉ પોલીસના હવાલે કરી દીધો હતો. પુર્વ કચ્છ પોલીસ દ્વારા એક દિવસમાં બે ફરારી આરોપીને પકડવાની કાર્યવાહી કરાઇ હતી. ગાંધીધામ પોલીસે પણ એક વર્ષથી ફરાર એક શખ્સને ઝડપી પાડ્યો હતો.